दर्दो दवाओ अने डाक्टरो
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરોગ્ય ગ્રંથાવલિ

દર્દો, દવાઓ અને દાક્તરો



૫૫ ગ

: લેખક :
રમણલાલ એન્જિનીઅર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

aj Foundation C

n. Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ...५५ग/८

पंजिका-संख्या ...१८३१६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण ११८४-११८५

कांगडी गुरुकुलको
लेखक तरफसे
सप्रेम.

ह. २८/१/४१

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ...५५१/८

पंजिका-संख्या ...१८३१६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

कांगडी गुरुकुलको
लेखक तरफसे
सप्रेम.

ह. २८/४१

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973
Initial .....

આરોગ્ય ગ્રંથાવલિ પુ. ૧

દર્દો, દવાઓ અને દાક્તરો

: લેખક :
રમણલાલ એન્જિનીઅર

૫૫ ગ/૮

यस्य कस्य तरोर्मूलं येन केन च मिश्रितम् ।
यस्मै कस्मै प्रदातव्यं यद्वा तद्वा भविष्यति ॥

—शंखधर

ગમે તે તરુનું મૂળ, ગમે તે સાથ મેળવી,
ગમે તેને દઈ દેવું, ગમે તે જ ભલે થતું !

—સ્વૈરવિહાર

૧૮૩૧૬
૮.૧૧.૫૬

ભારતી સાહિત્ય સંઘ
પાનકોર નાકા
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: પ્રકાશક :
લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી
પાનકોરનાકા
અમદાવાદ

સર્વ હક્ક લેખકને સ્વાધીન

પહેલી આવૃત્તિ : એપ્રિલ ૧૯૩૮
પ્રત ૨૨૦૦
છૂટક કિંમત : સવા રૂપિયો

: મુદ્રક :
નાગરદાસ મોહનલાલ
સ્વાધીન મુદ્રણાલય
રાણપુર (કાઠિયાવાડ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયમી માંદગીથી કંટાળેલા નિત્યદર્દી દવાભક્તોને,
આ પાનાંઓ કંઇક નવો પ્રકાશ આપશે, અને
તન્દુરસ્તી મેળવવાના સાચા માર્ગોની શોધ કરવા
પ્રેરશે એવી આશાથી આ પુસ્તક એમને

અર્પણ કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

એક વરસ થયાં જેની જાહેરાત અમે કર્યા કરીએ છીએ તે 'આરોગ્ય ગ્રંથાવલિ' આખરે આજે પ્રગટ થઈ શકે છે. અમારી અનેકવિધ સાહિત્યપ્રવૃત્તિઓમાં જેની સફળતા વિષે અમારા દિલમાં વધારેમાં વધારે વિશ્વાસ હોય એવી કદાચ આ પ્રવૃત્તિ જ હશે. અમને જણાયું છે કે આપણી પ્રજા આરોગ્યની બાબતમાં લગભગ છેલ્લે પાટલે બેઠી છે. કોઈ પણ ભોગે આ દીનદશામાંથી આપણે ઊગરવું જ જોઈએ. જેને નિસર્ગોપચારક તરીકે ભાગ્યે જ કોઈ ઓળખતું હશે એવા અમારા મિત્ર શ્રી. વસંતરાવ હેગિષ્ટેના સંસર્ગમાં આવવાનું જ્યારથી પ્રાપ્ત થયું ત્યારથી અમે કુદરતી ઉપચારો પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવતા થયા છીએ. એ પછી શ્રી. રમણલાલ એન્જિનીઅરનો પરિચય થયો અને અમે જોયું કે તેઓ તો નિસર્ગોપચારના એક તેજસ્વી મિશનરી છે ત્યારે એ જ્ઞાનને જાહેર જનતા પાસે મૂકવાની અમારી ઇચ્છા અનેકગણી પ્રબળ થઈ. શ્રી. વસંતરાવ હેગિષ્ટે અમારા 'નવરચના'નો આરોગ્યવિભાગ સંભાળે છે અને આ કાર્યમાં પણ એમની સહાય અને સહાનુભૂતિ છે. એમને માથે લોકસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓનો બોજો ન હોત તો શ્રી. રમણભાઈને શિરે જ આ ગ્રંથાવલિનો બધો ભાર ન આવી પડત, પરંતુ શ્રી. રમણભાઈને નિસર્ગોપચારની મુશ્કેલમાં મુશ્કેલ પ્રવૃત્તિનો પણ ભાર લાગતો જ નથી, કારણકે એમણે તો નિસર્ગદેવીની એકોપાસના જ સ્વીકારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે આ ગ્રંથાવલિ પ્રગટ કરતાં અત્યંત આનંદ અને સંતોષની લાગણી અનુભવીએ છીએ, કારણકે દોઢેક વરસ પહેલાં ગ્રંથાવલિનો વિચાર અમારા સંઘમાં દાખલ થયો ત્યારથી આજ સુધીમાં અમારામાંના અને અમારા મિત્રોમાંના અનેક શ્રી. રમણલાલ એન્જિનીઅર અને શ્રી. વસંતરાવ હેગિષ્ટેની દેખરેખ નીચે સફળ પ્રયોગો કરી ચૂક્યા છે; એટલે આ પ્રવૃત્તિની પાછળ મોજ કે ધંધાની મનોદશા નથી, પરંતુ જેનો લાભ અમે લીધો છે, તેનો લાભ આપણી સર્વ રીતે દરિદ્ર એવી પ્રજા પણ લ્યે એવી નિર્મળ મનોદશા રહી છે.

બીજું કાંઈ પણ વાંચ્યા કે વિચાર્યા વિના ચાલી શકશે પણ જે શરીરને લઈને આ જીવનની મહાયાત્રા આપણે આરંભી છે એ વિષે તો જાણ્યા વિના ચાલશે જ નહિ. અમે આશા રાખીએ છીએ કે આ પુસ્તિકાઓને જીવનની પ્રાથમિકમાં પ્રાથમિક જરૂરિયાત સમજી ગુજરાતી પ્રજા સત્કારે અને પ્રતિ મહિને કે વરસે અનારોગ્યમાં શક્તિ, સમય અને દ્રવ્યનો જે ભયાનક દુર્વ્યય થઈ રહ્યો છે તેમાંથી પોતાની જાતને બચાવી લ્યે.

પુસ્તકને અંતે મહત્ત્વના મુદ્રણદોષો મૂક્યા છે તે સુધારી લેવા વિનતિ છે.

અમદાવાદ
૨૪ : ૪ : '૩૮

મુખ્ય સંચાલક
ભારતી સાહિત્ય સંઘ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિવચન

ગૂજરાતી ભાષામાં નિસર્ગોપચાર, શરીરવિકાસ, અને નૈસર્ગિક જીવનને લગતું સાહિત્ય નથી જ એમ કહીએ તો ચાલી શકે.

આ પ્રકારના સાહિત્યની વ્યક્તિગત અને પ્રજાકીય આરોગ્યની દૃષ્ટિએ, જેટલી કિંમત આંકીએ એટલી ઓછી છે.

'આરોગ્ય ગ્રંથાવલિ' એ આ જરૂરિયાત પૂરી પાડવાનો એક નમ્ર પ્રયાસ છે.

યુરોપિયન ભાષાઓમાં અને ખાસ કરીને જર્મન અને અંગ્રેજીમાં આ વિષયને લગતું અખૂટ સાહિત્ય પડયું છે અને દરરોજ એમાં ઉમેરો થતો જાય છે.

આ સાહિત્યમાં અનેક સુંદર અને અમર ગ્રંથો હોવા છતાં, એમના અનુવાદોથી જ અમે 'આરોગ્ય ગ્રંથાવલિ' ભરવા માગતા નથી. એ દેશોની અને અહીંની, આર્થિક, સામાજિક, સાંસ્કારિક અને રાજકીય પરિસ્થિતિમાં ભારે અંતર હોવાથી, નિસર્ગોપચારના સિદ્ધાંતોનું હિંદીકરણ–Indianization–એ પહેલામાં પહેલી આવશ્યકતા છે.

આ પુસ્તકોમાં મારાં મૌલિક કહી શકાય એવાં તો બહુ જ ઓછાં છે. બાકીનાં પુસ્તકો, આઠદસ લેખકો પાસેથી માહિતી એકઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી મારા અનુભવની ચાળણીમાંથી ચાળી નાખી તૈયાર કર્યાં છે. નિસર્ગોપચારના આદ્યપ્રણેતા જર્મન મહર્ષિઓ, અને અનેક અંગ્રેજ, અમેરિકન, ઑસ્ટ્રિયન અને સ્વિસ લેખકોનો ઋણભાર હું સ્વીકારું છું. એમણે મને આપેલા પ્રકાશનો થોડો ઘણો પણ બદલો એક જ રીતે વળી શકે એમ છે; એ પ્રકાશ બીજાને આપીને.

આમ હોવા છતાંય સાથેસાથે હું એ પણ જણાવવા માગું છું, કે, આ પુસ્તકો ગૂજરાતની પરિસ્થિતિ લક્ષમાં રાખીને, ગૂજરાતીઓની ખાસિયતો ખ્યાલમાં લઈને, ગૂજરાતના આરોગ્યનું ધોરણ ઊંચું લાવવાની ઇચ્છાથી લખાયાં છે.

આ લખવામાં મુખ્ય હેતુ આરોગ્યપિપાસુઓને યોગ્ય માર્ગદર્શન કરાવવાનો છે.

એમાં વ્યવહારુ દૃષ્ટિને પ્રધાનપદ આપવામાં આવ્યું છે.

કામધંધો છોડ્યા વિના, ઘેર બેઠાં, થોડે ખર્ચે, સહેલાઈથી, વૈદ કે દાકતરની મદદ વિના, લોકો રોગમુક્ત, વ્યસનમુક્ત કે ભ્રમમુક્ત શી રીતે થઈ શકે એ આ પુસ્તકોમાં બતાવવામાં આવ્યું છે. નિસર્ગોપચારના ક્ષેત્રમાં જ આવી જતી, પણ ખર્ચાળ સારવારો, જાણી જોઈને જતી કરી છે.

આ પુસ્તકો જે વિષયો ઉપર લખાયાં છે, તે દરેક વિષય માટે પૂરતી માહિતી આપવાનો દાવો નથી કરતાં, પણ જરૂરી બધી માહિતી આવી જાય છે.

આ પુસ્તકોમાં પોપટિયા સિદ્ધાંતો નથી. એક દશકાના અનુભવની કસોટીમાંથી કસાયા પછી જ, એમને પ્રજા આગળ છાપેલા સ્વરૂપમાં મૂકવામાં આવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ બે કેસ સરખા નથી હોતા. એટલા માટે જ હું દરેકને વ્યક્તિગત સલાહ આપવી વધારે પસંદ કરું છું, છતાંય આ પુસ્તકોમાં આપેલી સામાન્ય સલાહ સૌ કોઇને ઉપયોગી નીવડશે, એની મને ખાત્રી છે.

ગમે તે પ્રકારનાં પુસ્તકો હોય, તોપણ તેમને પોતાની મર્યાદાઓ હોય છે. એટલે ગંભીર રોગોમાં, અને રોગીની ગંભીર હાલતમાં મારા કે અન્ય કોઇપણ લેખકના પુસ્તક ઉપર આધાર રાખી બેસી ન રહેતાં સાથે સાથે કોઈ કુશળ નિસર્ગોપચારકની સલાહ અને સારવાર લેવાવાં જોઈએ.

આજ સુધી મેં ભાષણો અને લેખો દ્વારા નિસર્ગોપચારનો પ્રચાર કર્યો છે. પણ પુસ્તકો લખવાનો તો આ મારો પહેલો જ પ્રયાસ છે. આ પુસ્તકો માટે દરેક પ્રકારના અભિપ્રાયો મેળવવા ઉત્સુક છું, કે જેથી ભવિષ્યની આવૃત્તિઓમાં સુધારાવધારા કરી એમને વધુ ઉપયોગી બનાવી શકાય.

૨. એ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

ભાગ્યે જ એવો કોઈ સહૃદય માણસ હશે કે જેને કોઈને કોઈ વખત માનવજાત જે જે વ્યથા, વેદના અને વ્યાધિથી રિબાઈ રહી છે, એ જોઈને અનુકંપા ન ઉદ્ભવી હોય, અને સાથેસાથે એવો વિચાર પણ ન આવ્યો હોય કે: "કયા વાંકે, શાં પાપે, મનુષ્યજાતિ આટઆટલાં દુઃખદર્દોથી પીડાઈ રહી છે?"

દર્દીઓનાં દુઃખ વધે જાય છે. રોગોની અને રોગીઓની સંખ્યામાં દિનપ્રતિદિન ઉમેરો થાય છે, અને સારવારનો ખર્ચ અસહ્ય બનતો જાય છે.

જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિ થાય છે. વૈદકશાસ્ત્ર એનો અપવાદ શાથી?

પ્રજાકીય આરોગ્યની આ શરમજનક સ્થિતિ માટે જો કોઈ પણ જવાબદાર હોય, તો તે તબીબી આલમના વડેરાઓ છે.

અજ્ઞાન એ માનવીનાં બધાં દુઃખ, દર્દ, વેદના અને વ્યાધિઓનું મૂળ છે.

તબીબી વિજ્ઞાનને નામે ઓળખાતું દાક્તરી અજ્ઞાન એ ભયંકરમાં ભયંકર અજ્ઞાન છે. એણે ચલાવેલા ભીષણ હત્યાકાંડની તોલે, બીજી કોઈ પણ જાતના અજ્ઞાનનો સંહાર આવી શકે એમ છે જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે અજ્ઞાનથી આટલા બધા આરોગ્ય, સુખ, શાંતિ અને જિંદગીઓનું સત્યાનાશ વળી રહ્યું છે, એ અજ્ઞાન કોઈ પણ ભોગે દૂર થવું જ જોઈએ.

આપણી આગળ અનેક પ્રશ્નો છે. સ્ત્રીઓનો અને બાળકોનો પ્રશ્ન, ખેડૂતો અને મજૂરોનો પ્રશ્ન, શરાબબંધીનો પ્રશ્ન, નાતજાતનો પ્રશ્ન. પણ આ બધા પ્રશ્નોમાં તબીબી પ્રશ્ન (Medical Question) એ અતિશય અગત્યના પ્રશ્નોમાંનો એક પ્રશ્ન છે. બીજા પ્રશ્નોમાં જ્યારે એક અમુક વિશિષ્ટ વર્ગનું હિત સંડોવાયલું છે, ત્યારે તબીબી પ્રશ્નના યોગ્ય ઉકેલમાં આખી મનુષ્યજાતિનું કલ્યાણ સમાયું છે.

છતાંય નવાઈની વાત તો એ છે કે આ પ્રશ્નની આજસુધી આપણે સદંતર ઉપેક્ષા કરી છે. મોટા ભાગના લોકોને તબીબી પ્રશ્ન જેવા કોઈ પ્રશ્નના અસ્તિત્વ વિષે જ જાણે શંકા છે. હું જાણું છું ત્યાં સુધી તો ગૂજરાતી ભાષામાં કે હિંદની અન્ય કોઈ ભાષામાં આ વિષયને લગતી સર્વગ્રાહી ચર્ચા કરતું એક પણ પુસ્તક નથી.

તબીબી સ્વાતંત્ર્ય–Medical Freedom એ રાજકીય, સામાજિક, અને આર્થિક સ્વાતંત્ર્ય જેટલું જ જરૂરી સ્વાતંત્ર્ય છે, એ ખ્યાલ આ દેશ માટે નવો ખ્યાલ હોય, તોપણ એ એક જરૂરી ખ્યાલ છે. આજસુધી આ દિશામાં આપણું ધ્યાન ન દોરાવાનું કારણ એ છે કે, દાકતરી વિદ્યાના સૂત્રધારોએ આપણને આડે માર્ગે દોર્યા છે. એમના એ હિપ્નોટિઝમથી આપણી બુદ્ધિ મુગ્ધ થઈ ગઈ છે. એમની ઇંદ્રજાળની આરપાર આપણે જોઈ શકતા નથી.

પાશ્ચાત્ય વિજ્ઞાનનો વિકાસ છેલ્લાં ત્રણસો વર્ષોમાં થયો છે. પ્રાશ્ચાત્ય વૈદકે એનું આજનું સ્વરૂપ આ સમય દરમિયાન જ મેળવ્યું છે.

આ દુનિયા ઉપર આજસુધી ફાટી નીકળેલા બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગચાળાઓમાં દવાવાદ એ મોટામાં મોટો રોગચાળો છે, અને હૉસ્પિટલો અને દવાખાનાંઓ એ દર્દીઓનાં શિકારખાનાંઓ છે. એ સત્ય હૉફમેનથી માંડીને લિંડલૅર સુધીના સત્તરમી સદીથી વીસમી સદી પર્યંતના મશહૂર પાશ્ચાત્ય અશ્વિનીકુમારોને મુખે રજૂ થયેલું આ પુસ્તકમાં જોવાનું મળશે.

તબીબી પ્રશ્ન જેવા જબ્બર પ્રશ્નને આવડા નાના પુસ્તકમાં સમાવવા મથવું, એ તો એ પ્રશ્નની મસ્કરી જ લેખાય! છતાંય આ પ્રશ્નની પ્રાથમિક માહિતી આપવા માટે આ પુસ્તક ઉપયોગી નીવડશે એવી આશા છે.

બનવા જોગ છે કે ઘણાને, અજ્ઞાન, વહેમ અને પાખંડના ઝંડાધારીઓને ઉઘાડા પાડવાની આ પ્રવૃત્તિ શિષ્ટ નયે લાગે! સ્થાપિત હિતો વિરુદ્ધની કોઈપણ પ્રવૃત્તિ શિષ્ટ હોતી જ નથી. જોવાનું માત્ર એટલું જ રહે છે કે એ ઇષ્ટ છે કે નહિ.

ર. એ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણવાનું પહેલું પગથિયું ભૂલવું એ છે !

આરોગ્ય કેવી રીતે મેળવવું અને જાળવવું એ બરાબર સમજવા માટે તન્દુરસ્તીને લગતા

કેટલાક પ્રચલિત ભ્રમો

ભાંગવા પડશે.

લોકમાનસમાં ત્રણ માન્યતાઓએ ઊંડાં મૂળ નાખ્યાં છે:—

૧. દર્દો કે રોગો આપોઆપ થાય છે.

૨. દવાઓથીજ રોગો મટી શકે.

૩. દર્દો અને દવાઓ વિષે જાણવા જેવું જે કાંઇ છે, એ બધુંયે દાક્તરો જાણે છે.

હવે સાચી હકીકત તો એ છે કે :—

૧. કોઇ પણ દુઃખ, દર્દ કે રોગ આપોઆપ થતાં નથી. એ તો કોઇ ચોક્કસ કારણ અથવા તો કારણોના સમૂહથી થાય છે.

૨. દવાઓથી કોઇપણ રોગ મટતો નથી. દવાઓ રોગને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર કરવાને બદલે દબાવે છે. એટલા માટે જ દવાઓ રોગોને મટાડતી નથી પણ વધારે છે.

૩. રોગ અને આરોગ્યના સાચા સ્વરૂપ વિષે તો મોટા ભાગના દાક્તરો એમના દર્દીઓ જેટલા જ અજ્ઞાન હોય છે. તેઓ માત્ર જુદી જુદી દવાઓથી રોગને શરીરમાં પાછો ધકેલી દઇ, દર્દીને તાત્કાલિક ફાયદો બતાવવાનું શીખ્યા હોય છે.

જેમને ગળે પહેલાં બે કથનો ઊતરે તેઓ ત્રીજા કથન સામે વિરોધ પણ ઉઠાવે.

'રોગ અને આરોગ્ય વિષે ઘણાખરા દાક્તરો એમના દર્દીઓથી વધુ ન જાણતા હોય એમ તે શી રીતે બને? શું દાક્તરો વર્ષો સુધી સખ્ત મહેનત કરી, જે જુદા જુદા પ્રકારની ઉપાધિઓ મેળવે છે એ અજ્ઞાન અને વહેમનાં પોટલાં જ હોય છે?'

જો કે દાક્તરો મનુષ્યજાતિના મોટા ભાગને અંધારામાં રાખવામાં સૈકાઓથી સફળ નીવડયા છે, તોપણ દરેક યુગના સર્વશ્રેષ્ઠ પ્રતિભાશાળી પુરુષો ઉપર તેઓ જરા પણ પ્રભાવ પાડી શકયા નથી. થોડાક અભિપ્રાયો જોઇએ:

મહાપુરુષોનાં ચિંતનો

"દવાઓ કૂતરાઓને ફેંકી દો. મારે એની જરૂર નથી."

—શેકસ્પીયર

શેકસ્પીયરનાં આ વચન ઉપર અમેરિકાના મહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મર્મલેખક, માર્ક ટ્વેને વિનોદ કર્યો કે : "પણ એવો બેવકૂફ કૂતરો લાવવો ક્યાંથી કે જે દવા ખાવા માટે રાજી હોય?"

ફ્રાન્સનો મહાકવિ મોલીયેર કહે છે કે, જે રોગ વિષે દાકતરોને કશું જ જ્ઞાન હોતું નથી તે મટાડવાને, જે શરીર વિષે તેઓ ઘણું ઓછું જાણે છે, તે શરીરમાં, જે દવાઓ વિષે તેઓને જૂજ માહિતી હોય છે તે, તેમાં તેઓ રેડે છે.

પોતાના દાક્તર વિષે તે કહે છે કે, અમે બે ફક્ત વાતો જ કરીએ છીએ. હું એની દવા લેતો નથી તેથી જ સાજો રહું છું. એક બીજે પ્રસંગે એણે જણાવ્યું છે કે દર્દી કુદરતથી સાજો ન થાય કે દવાથી મરી ન જાય ત્યાં સુધી પૈસા લઇ માંદાના ઓરડામાં કચકચ કરનાર માણસ તે દાકતર!

"ઊબકા આવે એવી ગંધાતી દવાઓના ઘૂંટડા માટે દાકતરોને પૈસા આપ્યા કરતાં ખેતરોમાં રખડીને તન્દુરસ્તી મેળવવી એ વધારે ઇચ્છવા યોગ્ય છે. શાણા માણસો રોગ મટાડવા માટે કસરત ઉપર આધાર રાખે છે. માણસ સુધારી શકે એટલા માટે કાંઇ ઇશ્વરે પોતાની કૃતિ સર્જી નથી!"

—ડ્રાયડન

"રોગોથી માણસોની જે દશા થઇ હોય છે, એનાથીય બૂરી હાલત તો દવાઓ લેવાથી થાય છે, અને એટલા માટે જ દાકતરો દર્દીઓને છોડી દે છે, કે તુર્ત જ સામાન્ય રીતે તેઓ સાજા થાય છે."

—બટલર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આનંદ, મિતાચાર અને આરામ, દાકતરના નાક ઉપર બારણું પછાડે છે"

—લૉંગફેલો.

અમેરિકા જેને આજેય પ્રેમથી યાદ કરે છે એ પ્રતિભાવાન નરપુંગવ બેન્જામીન ફ્રેંકલીનનો દવાઓ વિષેનો અભિપ્રાય આ રહ્યો: "જે ઓછામાં ઓછી દવા આપે છે, તે સારામાં સારો દાકતર છે. **દવાઓથી રોગો મટાડવા મથતા દાકતરો ઊંટવૈદો છે.**"

"આ દુનિયામાં જો કોઇ ભામટામાં ભામટા લોકો હોય, તો તે દાકતરો છે. જ્યારે બુડથલમાં બુડથલ લોકે એમની ઉપર ભરોસો રાખનારાઓ છે."

—વૉલ્ટેયર

પ્રતિભાશાળી જર્મન કવિ ગોએતે (Goethe) પોતાના સુપ્રસિદ્ધ કાવ્ય 'ફાઉસ્ટ'ના નાયક ડૉ. ફાઉસ્ટના મોંમા નીચેના શબ્દો મકે છે :–

"લોકોની પ્રશંસા માટે હું ખરેખર લાયક છું, એવું હું શું છાતી ઉપર હાથ મૂકીને કહી શકું ? આ દવા ચમત્કારિક ગણાય છે, પણ તે લેવાથી કેટલા લોકો આ લોક છોડીને ચાલ્યા ગયા. સાજું કોણ થયું ? કુદરતની વચ્ચે આમ રોગચાળા જેવા અમે, નરક સમા દવાના રગડા આપ્યે જઇએ છીએ. મારે હાથે અપાયેલી ઝેરી દવાઓથી હજારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો મરી ચૂકયા છે. બાકી જીવતા છૂટેલા લોકો મારા જેવા બેશરમ ખનીઓની વાહ વાહ પોકારે છે!"

મહાન નેપોલીઅને એક પ્રસંગે પોતાના દાકતર ડૉ. એન્ટોમાર્કીને કહેલું કેઃ "જીવન એ એક એવો કિલ્લો છે કે જેને વિષે નથી મને કશી ખબર, કે નથી તું કશું જાણતો. એના બચાવમાં માર્ગમાં દવાઓ વાપરીને વિઘ્નો શા માટે ઊભાં કરે છે? એના (કુદરતના) રસ્તાઓ તારી પ્રયોગશાળાની બધીય સાધન સામગ્રી કરતાં ચઢિયાતા છે. વૈદક એ ઢંગધડા વિનાના પ્રિસક્રિપ્શનોનું સંગ્રહસ્થાન છે, જેનાં પરિણામો સરવાળે જોવા જતાં, માનવકુલને માટે ઉપયોગી હોવાને બદલે પ્રાણઘાતક છે."

બીજે એક પ્રસંગે એણે સેન્ટ હેલીનામાં કહેલું કેઃ "મને ઓસડ ઉપર જરાય યકીન નથી. મારે માટે ઉપવાસ અને ઉષ્ણસ્નાન એ બે ઔષધો પૂરતાં છે."

સમર્થ વૈજ્ઞાનિક થોમસ એલ્વા એડિસન નીચે મુજબની ભવિષ્યવાણી ભાખી ગયો છેઃ–

"ભવિષ્યનો દાકતર આપણો દેહ દવાઓથી નહિ ભરે, પણ તેના દર્દીઓને બધા રોગોનાં કારણો અને અટકાવ વિષે સમજણ આપશે. બીજા શબ્દોમાં કહીએ તો, એનું કાર્ય રોગ અટકાવવાનું હશે અને નહિ કે, આજે છે તેમ, મટાડવાનું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા જમાનાનો અજોડ નાટયકાર બર્નાર્ડ શૉ મૉડકલ સાયન્સ પર કટાક્ષ કરતાં કહે છે કેઃ

"ડિગ્રીધારી ડૉકટર અને ઊંટવૈદ વચ્ચે જો કાંઇપણ તફાવત હોય તો તે એટલો જ છે કે, એકને મૃત્યુપત્ર (Death certificate) પર સહી કરવાની છૂટ છે, જ્યારે બીજાને નથી. બાકી તો સહી કરવા માટેની તકો તો બન્નેને સરખી મળે છે. (અર્થાત્ દર્દીઓ તો બન્ને સરખા જ મરે છે.)

"દવાઓ કશાય કામ માટે જરાપણ ઉપયોગી નથી. હું મારી હૉસ્પિટલમાં (ધી હેન્ત્રી ફૉર્ડ હૉસ્પિટલ) દાકતરો એનો ઉપયોગ કરતા અટકી જાય, એને માટે પ્રયત્ન કરી રહ્યો છું."

—હેન્ત્રી ફોર્ડ

"વૈદકને વિજ્ઞાન (Science) કહેવું એ મનુષ્યની બુદ્ધિનું મોટામાં મોટું અપમાન છે."

—બર્નાર મૅકફૅડન.

આ વિષય ઉપર આ દેશના જે જે ચિંતકોએ વિચારો કર્યા છે એમના અભિપ્રાયો પણ આને મળતા જ છે.

"રોગથી એક આનો અને ઔષધથી પંદર આના જેટલા પ્રમાણમાં મનુષ્યો મરણ પામે છે. એ દુષ્ટ ડૉકટરો સર્વનાશ કરે છે. પોતાના વિચાર પ્રમાણે ઔષધના બળથી તેઓ સઘળું કરી શકવાનો દાવો ધરાવે છે. જરાક પેટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુખ્યું કે લો "ઔષધ". પણ એમ નથી કહેતા કે આષધની આવશ્યકતા નથી, ચાર માઇલ પગે ચાલી આવો"

–સ્વામી વિવેકાનંદ

"ઇસ્પિતાલો એ પાપની જડ છે, તેથી માણસો શરીરનું જતન ઓછું કરે છે અને અનીતિ વધારે છે."

–પૂ૦ ગાંધીજી

"ભૂખ લાગે એ સ્વાભાવિક સ્થિતિ છે, માંદા પડીએ એ સ્વાભાવિક સ્થિતિ નથી. માણસ માંદો પડવાની ના પાડે તો દાક્તર શું કરે? તે જ પ્રમાણે માણસો સત્યથી બેહૂદો એવો લડવાનો ધંધો છોડી દે તો વકીલ શું કરે? એ બન્ને ધંધા લોકોની વિકૃતિ પર નભે છે. જીવન જ્યાં સુધી અવ્યવસ્થિત છે, ત્યાંસુધી જ એ ધંધા ધમધોકાર ચાલે છે."

–કાકા કાલેલકર

"ડૉકટર વૈદ પણ જ્યોતિષીઓ જેટલા જ સંભવશાસ્ત્રના પ્રચારક છે."

–રમણલાલ દેસાઇ

ડૉકટરનું 'ધૂમકેતુ'એ કરેલું નીચેનું કટાક્ષયુક્ત વર્ણન રમૂજી હોવા છતાં વાસ્તવિકતાથી જરાય વેગળું નથી.

"શહેરનો ડૉકટર એટલે જંગલનો લૂટારૂ. સામાન્ય રીતે ડૉકટર લાગણી વિનાનો પ્રાણ છે અને પ્રાણ વિનાનું શરીર છે. એનામાં ચેતન નથી, છતાં ચૈતન્ય દેખાય છે. એનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીર જાડું હોય ત્યારે ધારવું કે એને હાથે ઘણા મનુષ્યો મર્યા છે, ને પાતળું હોય ત્યારે સમજવું કે માણસો ન માર્યાની એને ફિકર છે! એને રોગી પર જેટલો પ્યાર છે તે કરતાં રોગ પર વધારે પ્યાર છે! ને તેથી રોગ ફિટાડવા કરતાં રોગીને જ ફિટાડે છે!"

"જે સમાજમાં બુદ્ધિનો વ્યભિચાર કરનાર માણસ પ્રતિષ્ઠિત ગણાતો હોય, તે સમાજમાં શરીરનો વ્યભિચાર કરનાર સ્ત્રી વધારે પ્રતિષ્ઠિત ગણાવી જોઇએ."

—ધૂમકેતુ.

કદાચ કોઇને એમ લાગે કે આ બધા અભિપ્રાયો આપનારા કવિઓ, લેખકો અને મહાપુરુષો પોતાના ક્ષેત્રમાં ગમે તેટલા મોટા હોય, તોપણ વૈદકશાસ્ત્ર Medical Science) જેવા ગહન (!) વિષય ઉપર આપેલા અભ્યાસ વિનાના અભિપ્રાયો વજૂદ વિનાના ગણાવા જોઇએ.

ચાલો, ત્યારે આપણે દાકતરોની કબૂલાતો તપાસીએ. દાકતરોના અભિપ્રાયો વાંચવાથી આપણા વકીલમિત્રો જેને 'નિષ્ણાતનો પુરાવો' (Expert Evidence) કહે છે, તે મળી રહેશે. સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે એમણે પોતાની કબૂલાતો એટલા સ્પષ્ટ શબ્દોમાં આપી છે કે એમનાં લખાણોના એકથી વધુ અર્થ કરવાની ભાગ્યે જ કોઇ હિંમત કરી શકે.

મેં જાણીબૂજીને કોઇ એલફેલ દાકતરોના અભિપ્રાયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકઠા નથી કર્યા. પણ આખી તખીબી આલમ જેમના અભ્યાસ, અનુભવ અને અધિકાર (Authority) આગળ શિર ઝુકાવે છે, એવા સર્વશ્રેષ્ઠ અને નામાંકિત દાકતરોના જ અભિપ્રાયો રજૂ કર્યા છે.

દાકતરોની કબૂલાતો

ઑકસફોર્ડ યુનિવર્સિટીનો નામાંકિત **ડો. સર વિલિયમ ઑસ્લર એમ. ડી.** જે આખી દુનિયામાં દવાદારૂનો મોટામાં મોટો નિષ્ણાત ગણાતો અને જેનો ગ્રંથ "Principles & Practice of Medicine" સુધરેલી દુનિયામાં બધે મેડિકલ કૉલેજોમાં પાઠયપુસ્તક તરીકે વપરાય છે, એ "એન્સાઇકલોપિડિયા અમેરિકાના"માં એક લેખમાં કુદરતી ઉપચારોના વખાણ કરી, લેખ પૂરો કરતી વખતે કહે છે. કે: "આ બધા ઉપરથી એક નિર્ણય ઉપર આવી શકાય છે કે ઘણીખરી દવાઓ, જે રોગોને માટે ફરમાવવામાં આવે છે તે રોગો ઉપર, કશીયે અસર કરતી નથી!" અને પછી ઉમેરે છે કે: "સારામાં સારો દાકતર તો એ જ છે કે જે ઘણી ખરી દવાઓની નિરુપયોગિતા સમજે છે."

"મને દવાઓમાં જરાયે શ્રદ્ધા નથી"

-ડૉ. બેઇલી (લન્ડન)

"રોગો મટાડવા માટે દવાઓ જરાયે ઉપયોગી નથી."

-ડો. આર્થર એલ. મીશેલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આટલી બધી ઍલોપથીક દવાઓ હોવા છતાંયે, છેલ્લાં સો વર્ષમાં જીર્ણ દર્દોએ આપણો કેડો મૂક્યો નથી."

—એલી. જી. જોન્સ. એમ. ડી.

"બે અપવાદ સિવાય, દવાઓ રોગો મટાડવા માટે તદ્દન નકામી છે." ડો. ફ્રેંક બિલિંગ્સ પ્રમુખ: "અમેરિકન મૅડિકલ. એસોસિયેશન. (૧૯૦૩)

ડ્રેસ્ડનના રાજદરબારનો એક દરબારી ડૉ. ટાઇટસ લખી ગયો છે કે: **"મનુષ્યનો ⅔ ભાગ દવાઓ અને પ્રિસ્ક્રિપ્શનોથી કમોતે મુવો છે."**

"આજસુધી શોધાયેલાં બધાં વિજ્ઞાનોમાં વધુમાં વધુ અસ્થિર, ગૂંચવાયેલું અને પરસ્પર વિરોધી વિચારોથી ભરપૂર, જો કોઇ વિજ્ઞાન હોય તો તે વૈદક છે."

—જે. હ્રોડ્ઝ બુકોનન. એમ. ડી. (બૉસ્ટન)

મહારાણી વિકટોરિયાનો દાક્તર **સર જોન ફૉરબ્સ** વૈદકવિદ્યાનો ઉપહાસ કરતાં કહેતો કે: "કેટલાક દર્દીઓ દવાની મદદથી સાજા થાય છે. એથી વધારે એના વગર, અને એથીયે વધુ દવાઓના નડતર છતાંયે સાજા થાય છે."

ડૉ. રેમેજ, ફેલો આફ્ ધી રૉયલ કૉલેજ ઑફ્ લન્ડન. દવાદારૂના વૈદ્ય તરફનો પોતાનો રોષ નીચેના શબ્દોમાં વ્યક્ત કરે છે:–

"એ બાબતમાં કોઇપણ ના નહિ પાડી શકે કે દવાદારૂ આપવાની ચાલુ પદ્ધતિ, જો અસ્પષ્ટ અને ઢંગધડા વિનાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુમાનોને, પદ્ધતિ એ નામ આપી શકાય તો એના હિમાયતીઓ માટે એ એક સળગતી શરમ સમાન છે. કેટલીયે વાર દવાઓ દર્દીની સ્થિતિને ભયંકર બનાવી મૂકે છે. જ્યારે એ દર્દીનું ભલું તો ભાગ્યે જ કરે છે. હું **બિલકુલ ડર્યા વગર કહું છું કે ઘણાખરા દાખલાઓમાં દર્દી દાકતરના હાથમાં હોય એના કરતાં દાકતરથી દૂર હોય તો તે વધુ સલામત છે.** મેં મારા ધંધાબંધુઓના પૂરતા પ્રમાણમાં અનાડીવેડા જોયા છે, જેને લઇને જ મારે આટલી સખત ભાષા વાપરવી પડે છે."

મેડિકલ કૉલેજ ઑફ ફ્રાન્સનો ડૉ. મેજેન્દી પોતાના વિદ્યાર્થીઓને કહેતો :

"વૈદક એ એક મહાન પાખંડ છે

હું જાણું છું કે એને વિજ્ઞાન કહેવામાં આવે છે, પણ સાચું પુછાવો તો એમાં વિજ્ઞાન જેવું કશુંય બળ્યું નથી."

ડૉ. આર સી. ફાઉલર નામનો બોસ્ટનનો એક નામાંકિત દાક્તર જણાવે છે કે: "**વૈદક એ વિજ્ઞાન (Science) નથી** એને માટે જો કાંઇ સારામાં સારું કહેવું હોય તો એટલું જ કહી શકાય કે એ એક અખતરાઓની પદ્ધતિ છે. કોઇપણ જવાબદાર દાક્તર એમ નહિ કહી શકે કે એ વિજ્ઞાન છે. ઍલોપથીક શાળાનાં સર્વોત્તમ ભેજાં જાહેર કરે છે "કે વૈદક એ માત્ર એક અખતરો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લન્ડનનો **ડો. ઇવાન્સ એફ. આર. સી,** કહે છે કે :

"આપણા જમાનાની વૈદકવિદ્યા માટે એટલું કહી શકાય કે, એ તદ્દનજ અસ્પષ્ટ અને અસંતોષકારક પદ્ધતિ છે. આપણે એની ઉપર વિશ્વાસ ન મકી શકીએ, કારણ કે એની પાછળ નથી સ્પષ્ટ વિચારસરણી કે નથી સાદી સમજ."

શહેનશાહ સાતમા ઍડવર્ડનો દાક્તર **સર ફ્રેડરિક ટ્રીવ્ઝ** પોતાની શ્રદ્ધા નીચેના શબ્દોમાં દર્શાવતો ગયો છે :

"હું એવા જમાનાની વાટ જોઇ રહ્યો છું કે જ્યારે લોકો માંદા પડયે દવા ખાવાની વિચિત્ર ટેવ છોડી દેશે." બીજી એક જગ્યાએ આ વિદ્વાન લખે છે કે : "દવાઓથી જેટલા માણસો મરે છે, એટલા રોગથી મરતા નથી !"

"દવાનો અપાતો પત્યેક ડોઝ એ દર્દીની જીવનશક્તિ ઉપર એક આંધળો અખતરો છે."

—**જેમ્સ જોનસન એમ. ડી. એફ. આર. એસ.**
તંત્રી : "મેડીકો–સરજીકલ રિવ્યુ."

સેકસનીના રાજા જહોનનો ડૉ. કૅરસ પોતાના, "જેને પોતાના ધંધામાં પળિયાં આવ્યાં છે, એવા એક દાકતરનો આવાજ" * નામના નમાંકિત ગ્રંથમાં કહે છે કે : "હું

---

*The Voice of a Physician Grown Gray in Practice.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર જાણું છું કે મનુષ્યજાતિનો ૭/૮ ભાગ રોગથી નથી મુવો, પણ કવખતની અને ઘડા વગરની દવાઓ પીવાથી મુવો છે."

'દર સાલ સંખ્યાબંધ દર્દીઓ દવાઓ આપવાથી મરે છે, અને એથી પણ વધુ સંખ્યા આ જ કારણથી ભયંકર માંદગી ભોગવે છે. આ ઉઘાડું સત્ય છે, અને ખરેખર આ એક કઠોર સત્ય છે, પણ રિબાતી મનુષ્યજાતિના કલ્યાણ માટે એ કહી નાખ્યા વિના છૂટકો નથી.'

—ડો. ગ્લેઇશ.

પ્રો. ગ્રેગરી નામના એડિનબર્ગના એક મશહૂર અંગ્રેજ દાક્તરના ભાષણમાંથી નીચેનો ફકરો ઉતાર્યો છે.

"સદ્‌ગૃહસ્થો ! દર ૧૦૦ વૈદક સત્યોમાંથી ૯૯ તો જુઠાણાં હોય છે, અને દાક્તરોના સિદ્ધાંતે મોટા ભાગે ચોખ્ખો દેખીતો લવારો હોય છે."

ફિલાડેલ્ફિઆનો પ્રોફેસર રશ વૈદકવિદ્યાનું નીચે મુજબ ભયાનક ચિત્ર દોરે છેઃ–

દાકતરોનું અજ્ઞાન

"જે દાકતરો વૈદકવિદ્યાના જુલમ અને જુઠાણામાંથી છૂટા થયા હોય છે તેઓ જ નામાંકિત થાય છે. મૃતદેહો ચીરવાથી દરરોજ અમને અમારું રોગશાસ્ત્રીનું અજ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાય છે, અને અમારા પ્રિસ્ક્રિપ્શનો માટે શરમ ઊપજે છે. અમે જુઠાં સત્યો અને સિદ્ધાંતો ઉપર આધાર રાખીને ગજબ ખુવારી કરી છે. અમે રોગોનો ગુણાકાર કર્યો છે, એટલું જ નહિ પણ એમની ભયંકરતા વધારી મૂકી છે."

"ખરેખર વૈદકને નામે ઓળખાતી અચોક્કસ અને અસંતોષકારક કારીગરીમાં વિજ્ઞાન તો છે જ નહિ, પણ અસંબદ્ધ વિચારોનો ગૂંચવાયેલો ડૂચો, ઉતાવળે ખેંચેલાં અનુમાનો, ઊંધા સમજાયેલાં કે વિકૃત બનાવેલાં સત્યો, સમતુલા વિનાની તુલના, નકામાં નિરાકરણો, અને નકામા જ નહિ પણ ભયંકર સિદ્ધાંતો એ સૌનો સરવાળો એ વૈદકવિદ્યા છે."

—ડબ્લીન મેડિકલ જરનલ

"દરસાલ હજારો લોકોને ઇસ્પિતાલોમાં ઠેલવામાં આવે છે. સરકારે દાકતરોને અને એમની પાયમાલ પદ્ધતિઓને નાબુદ કરી નાખવાં જોઇએ, અથવા તો લોકોની જિંદગીની સલામતી માટે બીજા સારા રસ્તાઓ શોધવા જોઇએ, જેથી આ ભયંકર ધંધાથી અને દાકતરોનાં કાયદેસરનાં ખુનોથી પ્રજાને બચાવી શકાય."

—ડો. ફ્રેન્ક

'આપણા ધંધાની કરુણ નિષ્ફળતાથી આશ્ચર્ય પામવાની જરૂર નથી, કારણ કે આપણી પાસે શરીરશાસ્ત્રને લગતું એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ નગદ સત્ય ભાગ્યે જ હોય છે. જો કે આનાથી આપણું ઘમંડ ઘવાશે, તોપણ હું જાહેર કરતાં ખચકાતો નથી કે, રોગને નામે ઓળખાતી શારીરિક અવ્યવસ્થા વિષે આપણું અજ્ઞાન એટલું બધું ગાઢ હોય છે કે કશુંય કર્યા વિના કુદરતના હાથમાં રોગીને છોડી દેવો એ દર્દીને ચાલુ સારવારની પદ્ધતિથી મોત તરફ ઠેલવા કરતાં વધારે ડહાપણ ભરેલો માર્ગ છે.'

—પ્રો. મેજેન્દી એમ. ડી.

'જે ઉમદા ધંધો હું કરી રહ્યો છું, અને જે ધંધામાં મારા અનેક માનનીય અને દિલોજાન દોસ્તો છે, એનું હું ભૂંડું બોલવા નથી ઇચ્છતો. છતાંય હું મારા અંતઃકરણમાં મારી એ શ્રદ્ધા તો નથી જ ઢાંકી શકતો કે, દાકતરો એમની સારવારની લાડકી પદ્ધતિઓથી, ભલું કરવાને બદલે ઘણું ભૂંડું કરી રહ્યા છે. જો તેઓ નાબૂદ થાય તો મનુષ્યજાતિનું ભારે કલ્યાણ થાય."

—ડો. કોગ્સવેલ (બોસ્ટન)

ડૉ. બીચેટ નામનો સુવિખ્યાત ફ્રેન્ચ શરીરશાસ્ત્રી અને રોગશાસ્ત્રી લખે છે કે:

'મેટિરિયા મેડિકા એ ભૂલભરેલા વિચારોનો દારુણ ઢુચો અને બધાં શાસ્ત્રોના પરસ્પર વિરોધી અભિપ્રાયોનો અસંબદ્ધ સંગ્રહ છે માનવીના મનની અણસમજનો એ ઉત્તમ નમૂનો છે. આ શાસ્ત્ર બુદ્ધિશાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગજને માટે રચવામાં નથી આવ્યું, પણ ઊંધા સંયોગોમાં થયેલાં બાલીશ અવલોકનો, ભ્રમભરેલી પદ્ધતિઓ અને ચિત્રવિચિત્ર ફોર્મ્યુલાઓનો ખીચડો છે. તેઓ કહે છે કે વ્યવહારુ વૈદું વિરોધોથી ભરપૂર છે. હું એથી આગળ વધીને કહું છું કે કોઇ પણ સમજુ માણસે આ ધંધો કોઇ પણ રીતે પસંદ કરવા જેવો નથી.'*

વીસ વીસ વર્ષો સુધી હાર્વર્ડ યુનિવર્સિટીના મેડિકલ ડિપાર્ટમેન્ટમાં જે પ્રોફેસર હતો એ ડૉ. બી. વૉટરહાઉસ કહે છે કેઃ—

'હું ભણેલા ઊંટવૈદ્યોથી ત્રાહ્યત્રાહ્ય પોકારી ગયો છું.'

'બધાં શાસ્ત્રોમાં વૈદક એ જ વધુમાં વધુ ઠામઠેકાણાં વગરનું છે.' એમ પ્રો. વેલેનટાઇન મૉટ નામનો નામીચો સર્જન કહે છે, અને સર એસ્ટલી કૂપર નામનો મશહૂર અંગ્રેજ સર્જન તો એટલી હદ સુધી કહે છે કેઃ

'વૈદકવિદ્યા તરંગો ઉપર રચાયલી છે, અને એમાં ખુનામરકીથી સુધારો વધારો થાય છે.'

આ અભિપ્રાયોમાં અમે એક મહાન તબીબનો અભિપ્રાય ઉમેરીએ છીએ.

ડૉ. જોન મેસન ગૂડ એમ. ડી. એફ. આર. એસ. (લંડન) ને વૈદ્ય વિષે નીચે મુજબ કહેવાનું છેઃ—

*General Anatomy vol. I

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અમારી દવાઓ માનવીના દેહ ઉપર ઢંગધડા વિનાની અસરો કરે છે. છતાંય એક બાબત માટે તો અમને ખાત્રી છે, અને તે એ કે, **તોપ, તલવાર, મરકી અને દુષ્કાળની સામટી ખુવારી કરતાંયે વધારે સંહાર દવાઓએ મચાવ્યો છે.**

ડૉ. જેમ્સ જૉનસન, ફેલો ઑફ ધી રૉયલ સોસાયટી ઑફ ગ્રેટબ્રિટન જાહેર કરે છે કે :–

'લાંબા અનુભવ અને ઊંડા ચિંતન પછી મારી સજ્જડ શ્રદ્ધા બંધાઇ છે કે આ દુનિયા ઉપર એક પણ દાક્તર, સર્જન, પ્રસવવૈદ, કેમિસ્ટ, ડ્રૂગિસ્ટ કે ગાંધી અને સહેજ પણ દવા જો ન હોય તો રોગોની સંખ્યા અને મરણનું પ્રમાણ ઘટે.'

'સૌથી પહેલાં દવાદારૂના વૈદાના મોટા મહંતો એક ભારે બેવકૂફી–જેમાં પોતે અને મોટા ભાગના દાક્તરો માનતા નથી–છતાંયે પોતાના ચેલાઓને શીખવે જાય છે, એ સંબંધી મારે કહેવું પડશે. હું દવાઓની શક્તિ સંબંધેની દંતકથા માટે કહું છું. જુદી જુદી જાતની દવાઓના જે ચમત્કારિક ગુણો ઝીણવટથી દર્શાવવામાં આવે છે, તે જો ખરેખર સાચા હોત તો મનુષ્યજાતિ એકેએક રોગમાંથી એકદમ મુક્ત થઇ જાત ! દવાઓના જાદુઇ ગુણો, જે અતિ ઝીણવટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ચોકસાઇથી આલેખવામાં આવ્યા હોય છે તે જાણીને વૈદકના અભ્યાસીને ભારે નવાઇ લાગે છે કે દાક્તરોની આટલી બધી સારવાર હોવા છતાં લોકો ટપોટપ શાથી મરે છે.

અમારી ફાર્મેકોલૉજી જે હજી પણ યુનિવર્સિટીઓમાં શીખવવામાં આવે છે, ને જેને લગતાં જાડાં પોથાંઓ લખવામાં આવ્યાં છે, અને જે બિચારા વિદ્યાર્થીઓ મહા-મુસીબતે ગોખી મારે છે, એમાંનો ૧/૬ ભાગ પુરાણા વહેમોથી ભરેલો છે, અને જાદુમંતર પરની પ્રાચીન શ્રદ્ધાની યાદ આપે છે.

હું એવા દાખલાઓ જાણું છું કે જ્યાં કેળવાયેલા દર્દીઓએ, એમના દાકતરે આપેલી દવાઓને ફગાવી દીધી હોય, પણ જ્યારે આ દર્દીઓ સાજા થતા ત્યારે દાકતરો પોતાની ગુણકારી દવાઓ વિષે ડંફાસ હાંકતા. શું આ પરિસ્થિતિ આપણી સદી માટે યોગ્ય છે કે ? *

—ડૉ. લોરીનસર

---

*ઉપરનો ઉતારો "વિયેના વીકલી મેડિકલ જર્નલ" નામના બહોળો ફેલાવો ધરાવતા વૈદકપત્રના ૪૪મા અંકમાંથી કરેલો છે. ડૉ. લોરીનસરે આ લખાણ ઇ. સ. ૧૮૭૩માં કર્યું. આ વાતને ૬૫ વર્ષ વીતી ગયાં. આટલી લાંબી મુદત પછીય મોટા ભાગના દાકતરો એટલા ને એટલા અણઘડ છે. તેઓ નવું કશું શીખ્યા નથી, અને જૂનું ભૂલ્યા નથી.

—લેખકની નોંધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરોગ્યવાંછુઓને ડૉ. હૉફમેન ચેતવણી આપે છે: "જે માણસને પોતાના આરોગ્યની કાળજી હોય તેણે દાકતરો અને તેમની દવાઓથી દૂર રહેવું જોઇએ."

"વૈદ્ય અને ઊંટવૈદ્ય વચ્ચે એટલું બધું સામ્ય છે કે ઘણા બુદ્ધિશાળી લોકો એ બન્નેને જુદાં પાડતાં મૂંઝાઇ જાય છે."

—ડૉ. એન્ડ્રયુ કોમ્બ.

"તત્ત્વચિંતકો તરફથી કહેવામાં આવ્યું છે કે વૈદક એ એક અટકળની કળા છે અને અનુમાનનું શાસ્ત્ર છે."

—ડૉ. એબરક્રોમ્બી.
એફ. આર. સી. પી.

"અમે રોગને પારખી શકીએ છીએ, એનું વર્ણન કરી શકીએ છીએ, એને સમજી શકીએ છીએ, પણ એને કોઇ પણ હિસાબે **દવાઓથી મટાડવાની** હિંમત કરી શકતા નથી"

—પ્રો. સ્કોડા.

હૅકર નામનો લેખક પોતાના એક વૈદક ગ્રંથમાં[1] લખે છે કે: "અમારી ચિકિત્સાપદ્ધતિ અને દવાઓનો હેતુ જો કે રોગોને મટાડવાનો હોય છે, તોપણ રોગો ઉત્પન્ન કરવામાં એ ભારે ભાગ ભજવે છે, એ નીર્વિવાદ છે."

એના એક બીજા ગ્રંથમાં[2] આ લેખક જણાવે છે કે: "એક સિદ્ધાંત મુજબ જે સત્ય હોય અને દેખીતી રીતે

1 "Short Sketch of Pathology and Semiology"
2 "Medical theories, systems and methods of cure."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાબિત થયેલું હોય, એને બીજાઓ નકારે છે અને વિરોધ કરે છે. એક દાકતર જે સારવારને જરૂરી ગણે, તેને બીજો તદ્દન પાયમાલ ગણીને ફગાવી દે છે. અરે! એવા તો બેસુમાર દાખલાઓ છે કે જેમાં દાકતરો થોડાં વર્ષો ઉપર જે દવાઓના વખાણ કરતા થાકતા નહોતા, એ દવાઓને અને સારવારોને આજે જીવલેણ અને ગોઝારી તરીકે જાહેર કરે છે!

ડૉ. રિચ્ટર જે બર્લિન નજદીક એનસ્લિનમાં આર્મિ-સર્જન હતો, એ પોતાના "દવાઓનો બગાડ"[૧] નામના ગ્રંથમાં ટીકા કરે છે કે: "વૈદકશાસ્ત્ર જેટલું પોકળ અનુમાનો, ભૂલો, તરંગો અને જુઠાણાંઓથી ભરેલું કોઇપણ શાસ્ત્ર નથી."

હવે કગર-હેન્સનના કડવા કટાક્ષો જોઇએ. જગા થોડી છે એટલે ચૂંટેલા ચાબખા જ લેવાશે.

"હું જાણું છું અને કબૂલ કરતાં જરાયે ડરતો નથી કે, મેં મારી સારવારથી સંખ્યાબંધ લોકોને પાયમાલ કર્યા છે, એમનાં દર્દો લંબાવ્યાં છે, બિમાર બનાવ્યા છે, એટલું જ નહિ પણ અકાળે કબરમાં ઠેલ્યા છે..... દાતરડું જેમ પાક વાઢે છે તેમ દાક્તરો પોતાનાં હથિયારો વડે-જે તેઓને કશીએ જવાબદારી વિના, તેમની ઉપર રક્ષણ માટે ભરોંસો રાખતા દર્દીઓ ઉપર વાપરવા દેવામાં આવે છે-કબરને ખાતર પૂરું

૧ "Waste of Medicine."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

५५७/८
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડે છે.....આવા પ્રકાશિત યુગમાં આવો દૈત્ય (દવાદારૂનું વૈદક) અસ્તિત્વ ધરાવતો હતો એ જાણીને ભવિષ્યની પ્રજા ચકિત થઇ જશે.

ફેશનોની માફક સારવારની પદ્ધતિઓ પલટાયા કરતી. દાક્તરો ઘડીમાં આ તો ઘડીમાં તે પદ્ધતિનો ઉપયોગ કરતા. જ્યારે છેલ્લામાં છેલ્લી પદ્ધતિથી ફાયદો ન થાય ત્યારે વળી કોઇ પુરાણી સારવાર શોધી કાઢતા, જેને વર્ષો પહેલાં નકામી ગણીને છોડી દેવામાં આવી હોય!

ચોમાસામાં ઊગતાં કૂતરાંના કાનની માફક, ઊભરાતા અને વધતા જતા દાક્તરો જોઇને, કદાચ કોઇને લાગે કે રોગોના હુમલાઓ સામે હવેથી અસરકારક રક્ષણ મેળવી શકાશે. પણ તેમ થવાને બદલે દાક્તરોની સંખ્યાના વધારાની સાથે મરણપ્રમાણ પણ વધે છે, કારણકે **જ્યાં દાક્તરોની વસ્તી ખૂબ ગાઢી હોય છે, ત્યાં મરણપ્રમાણ પણ ઊંચામાં ઊંચું હોય છે.**"

દવાખાનાંઓનું સાચું ચિત્ર

ડૉ. સ્કાર્ફ દોરે છે. એ કહે છે: "દવાખાનાંઓ આરોગ્ય અને જીવનનાં દૂતો હોવાને બદલે રોગ અને મોતના ઢોંગી છડીદારો છે. એટલું જ નાહ પણ એ ગાફેલ અને સ્થિતિચુસ્ત સરકારને છેતરી રહ્યા છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉ. ક્રોબર્ટ એના ધંધાની એક છાની વાત ઉઘાડી પાડે છે. "અમારે દાક્તરોને કબૂલ કરવું જોઇએ કે કમનસીબે ખોટી માત્રા કે ભૂલભરેલી દવાઓથી હલાલ થતા લોકોની સંખ્યા ઘણી મોટી છે."*

જ્યારે જર્મનીના લોખંડી રાજપુરુષ પ્રિન્સ બિસ્માર્કના ખાનગી દાક્તર તરીકે વિખ્યાત થયેલો પ્રો. શ્વિનીન્જર કહે છે:

"બહુ થોડા દાકતરો હજી લાલ, લીલી અને ધોળી દવાઓની રોગો મટાડવાની શક્તિમાં માને છે. આપણે આપણી જાતને છેતરતા નથી એ ખરેખર વખાણવા જેવું છે. પણ એનો બદલો વાળવા માટે જે બાબતોની આપણે અંદર અંદર મજાક ઉડાવીએ છીએ એવી આપણા ધંધાને લગતી અનેક વાતો લોકો આગળ ઓપ આપીને મૂકીએ છીએ. જેને આપણા પુરોગામીઓ 'સારુ' કહી ગયા છે, તે 'સર્વોત્તમ' છે એમ આપણે જાહેર કરીએ છીએ; જો કે આપણે લાંબા વખતથી સમજ્યા છીએ કે એ સંદેશો જૂઠો છે. ભૂલોને સ્થાને પવિત્ર પાખંડ પેઠું છે."

બીજી એક જગ્યાએ આ વિદ્વાન કહે છે કે: "આપણા ધંધાની ભૂતકાળની ભૂલોના શાપથી આપણે પિડાઇ રહ્યા છીએ. હજારો વર્ષ થયાં દાકતરોએ

*Hand-Book on Poisons

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોને એવી જૂઠી માન્યતા શીખવી છે કે ઝેરી દવાઓ આરોગ્ય આપી શકે. આ માન્યતા લોકમાનસમાં ઊંડાં મૂળ ઘાલેલા વહેમમાં ફેરવાઇ ગઇ છે. એટલે આપણામાંના જે સમજુ દાકતરો નૈસર્ગિક ઉપચારો અજમાવવા માગે છે તે પોતાની પ્રૅક્ટિસ અને પ્રતિષ્ઠાને ભોગે જ તેમ કરી શકે."

એનો ગ્રંથ "The Doctor" એક અપૂર્વ પુસ્તક છે. એમાં એણે પોતાના ધંધાબંધુઓ વિજ્ઞાનને નામે જે ઊંટ-વૈદું ચલાવી રહ્યા છે તેની ઉપર પ્રકાશ પાડી, એમને બરાબર ઊધડા લીધા છે. તબીબી પ્રશ્નના દરેક અભ્યાસીએ એ પુસ્તક એકાદવાર તો અવશ્ય વાંચવું જોઇએ.

બધી દવાઓ ઝેરો છે

એવો પ્રો. એચ. જોન. એમ. ડી. નો અભિપ્રાય છે.

"આપણા બધા ઉપાયો ઝેરો છે, અને એટલા માટે જ એમના દરેક ડોઝથી દર્દીનો જીવનદીપ ઓલવાઇ છે."

—પ્રો. એલોન્ઝો કલાર્ક એમ. ડી.

"જે રીતે ઝેરોથી રોગ ઉત્પન્ન થાય છે, એ જ રીતે શરીરમાં પ્રવેશતી સૌ દવાઓ લોહીને ઝેરી બનાવી મૂકે છે."

—પ્રો. જે. એમ. સ્મીથ. એમ, ડી.

ડૉ. ઑલીવર વેન્ડલ હોમ્સ, જે એક અમેરિકાનો અગ્ર-ગણ્ય કવિ, તત્ત્વચિંતક, ગ્રંથકર્તા અને હાર્વર્ડ યુનિવર્સિટી મેડિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ કૉલેજમાં પ્રોફેસર હતો એણે પોતાના વિદ્યાર્થીઓ આગળ એક ભાષણ દરમિયાન જણાવ્યું હતું કે : "મનુષ્યજાતિને દવાઓ આપી આપીને મરણોન્મુખ કરવામાં આવી છે. જો દરેક કેમિસ્ટની દુકાનમાંથી દવાઓ દરિયામાં ફગાવી દેવામાં આવે તો જગતના બધા માનવીઓ સુખી થાય, પણ બિચારાં માછલાંઓની માઠી વલે થાય."

ન્યુ હેમ્પશાયર (યુ. એસ. એ.)નો ડૉ. ઇ. કિમ્બોલ ભાર મૂકીને જણાવે છે કે : "યુદ્ધ કરતાંયે વધારે માણસોનો ઘાણ દાક્તરોએ કાઢી નાખ્યો છે. દાક્તરો જાય તો લોકો બહુ સુખી થાય."

"બધી દવાઓ ઝેરી છે."

—પ્રો. એસ. એસ. જોન. એમ. ડી.

યુનિવર્સિટી ઑફ બર્નની મેડિકલ ફેકલ્ટનો એક નામાંકિત સભ્ય પ્રો. ડૉ. પી. ડયુબોઇસ, જેના ગ્રંથો તરફ દાક્તરો સન્માનની નજરે જુવે છે એ એના એક ગ્રંથમાં લખે છે કે : "દવાઓ ફક્ત નિરુપયોગી નથી, એ ભયંકર છે." "ઇન્ડીઆના સ્ટેટ બોર્ડ ઑફ હેલ્થ"ના મંત્રી ડૉ. જે. એન. હર્ટીએ પોતાના મિત્રને લખેલા પત્રમાંથી નીચેનો ભાગ લીધો છે:

"રોગ મટાડવા માટે દવાઓ વાપરવાની પદ્ધતિ એ એક બેવકૂફીભરેલી પદ્ધતિ છે, એટલું જ નહિ પણ એ એક અર્ધ ગાંડી અને અક્કલ વિનાની રૂઢિ છે. આખી દુનિયામાં એક પણ એવી દવા નથી કે જે નુકસાન ન કરતી હોય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આજે જે રીતે ચાલી રહી છે, તે રીતે તો વૈદક-વિદ્યા એ વિજ્ઞાન, નસીબ અને પાખંડનું વિચિત્ર મિશ્રણ છે!"

—ડૉ. ડબલ્યુ જે. રોબીનસન

ડૉ. કૂપરનો કટાક્ષ જરા જોવા જેવો છે:

"માણસની દવાઓ ઉપરની શ્રદ્ધાના માપથી જ એના અજ્ઞાનનું માપ મળી રહે છે."

લન્ડનનો નામાંકિત દાકતર જૉન એબરનેથી કહી ગયો છે કે:

"છેલ્લા થોડા વખતથી દાકતરોનો ખબ વધારો થયો છે, અને હું ખાત્રીપૂર્વક કહું છું કે રોગો એટલા જ પ્રમાણમાં વધી પડયા છે."

ડૉ. બ્રોડી કહે છે:

"દાકતરો એમના ચાલુ વ્યવહારમાં હરહમેશ ૧૦૭ જાતનાં શુદ્ધ ઝેરો વાપરી રહ્યા છે, જેમાં ફોસ્ફરસ, સ્ટ્રીકનીન, પારો, અફીણ અને સોમલ આવી જાય છે. બાકી તો ઓછેવત્તે અંશે વપરાતાં બીજાં ઝેરો તો સેંકડો છે. અને આ ઝેર દેવાની વિદ્યાને "વૈજ્ઞાનિક વૈદક"– "Scientific Medicine" કહેવામાં આવે છે અને નહિ કે ઊટવૈદું! એટલું જ નહિ પણ કાયદો પણ એને રક્ષણ આપી રહ્યો છે."*

*"Medical Practice without Poison."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વ્યવહારુ વૈદકની ચાલુ પરિસ્થિતિમાં દરેક દર્દીને ભયંકર ઝેરોની પેઠે દાક્તરોથી પણ દૂર રહેવા માટે ચેતવવો જોઇએ."

—ડૉ. ક. ર

"બહારથી શાંત જણાતાં બિમારગૃહોમાં દર સાલ હજારોની કતલ થઇ રહી છે."

—ડૉ. માર્શલ હોલ. એફ. આર. એસ.

પ્રો. એચ. સ્ટીવન્સે ન્યુયોર્કમાં "કૉલેજ ઑફ ફીઝીશિયન્સ એન્ડ સર્જન્સ"માં વૈદકના વિદ્યાર્થીઓ આગળ એક ભાષણ આપતાં જણાવ્યું હતું કેઃ "દાક્તરો જેમ વૃદ્ધ થતા જાય છે એમ દવાઓની કાર્યસાધકતામાંથી એમનો વિશ્વાસ ઊઠતો જાય છે, અને એને બદલે કુદરતનાં બળોમાં એમની શ્રદ્ધા બંધાય છે. આપણી કહેવાતી પ્રગતિ થયાં છતાં, આપણા દર્દીઓ ૪૦ વર્ષ ઉપર જેટલું પિડાતા એટલું જ આજે પિડાય છે. વૈદકનો ધીમો વિકાસ થવાનું કારણ એ જ છે કે દાક્તરોએ કુદરતનો અભ્યાસ કરવાને બદલે પોતાના પુરોગામીઓનાં લખાણો વાંચ્યા કર્યાં છે."

"ભલું કરવાના ઉત્સાહમાં દાક્તરોએ બહુ ભૂંડું કર્યું છે. એવા હજારોને એમણે કબરમાં ઠેલ્યા છે કે જેમને કુદરત ઉપર છોડી દેવામાં આવ્યા હોત તો એ જરૂર સાજા થાત."

—ડૉ. એલોન્ઝો કલાર્ક એમ. ડી.

"એક પેઢી પહેલાં તબીબી ચિકિત્સા એ એક કલા હતી, અને એનો વિજ્ઞાનમાં વિકાસ થશે એવી સૌને આશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. આજે તો એનું કલા તરીકે કે વિજ્ઞાન તરી વર્ગીકરણ થઇ શકે એમ છે જ નહિ. આજે એક ગોટાળા તરીકે એનું વર્ગીકરણ થઈ શકે."

—પ્રો. સોલમેન.

વૈદક–એક ઊજળી છેતરપીંડી

પોતાના ધંધાબંધુઓની નીતિરીતિથી ત્રાસી ઊઠેલો ડૉ. ફ્રેર્થ નામનો અંગ્રેજ દાકતર પોતાનો રોષ નીચેના શબ્દોમાં ઠાલવે છે :

"લોકો દાકતરોમાં અને દવાઓમાં શા માટે વિશ્વાસ મૂકે છે એ હું કદી સમજી શક્યો નથી. આ વિચિત્ર વર્તનનો ખુલાસો દુનિયાના મોટા ભાગના માણસોનું આળસ એ જ છે. આ આળસને લઇને લોકો આ ગોઝારા ધંધા તરફ બેદરકારીથી જુવે છે. જો તેઓ તેમની આંખો ઉઘાડે તો સ્પષ્ટ રીતે જોઇ શકે કે દવા આપવાની આખીયે કલા એક જબ્બર અને ઊજળી છેતરપીંડી છે, અને દાકતરો કાં તો ઠગ કે અજ્ઞાન, કે પછી આત્મવંચના કરવાવાળા હોય છે. જે રાજા પોતાના રાજ્યમાંથી દાકતરોનાં ધાડાંઓને હાંકી મૂકે, અને પોતાના રાજ્યમાં વૈદું ચલાવવાની મનાઇ કરે, એને એક મોટામાં મોટો માણસ અને મનુષ્યજાતિનો મહાન કલ્યાણકર્તા ગણવો જોઇએ. હું નથી માની શકતો કે દાકતરો ચલાવી રહ્યા છે એનાથી વધારે ભામટાઇભરેલો બીજો ધંધો હોય એવું કલ્પી પણ શકાય !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેનો ફકરો **ડૉ. એલેકઝાન્ડર એમ. રોસ. એફ. આર. એસ.** નામના વિશ્વમશહૂર અંગ્રેજ તબીબના એક ભાષણમાંથી લીધો છે:

"છેલ્લાં પચાસ વર્ષો તબીબી ભ્રમોથી ચિકાર છે. દરેક ભ્રમે વારાફરતી દાકતરોનાં મગજ કહોવડાવવામાં, દર્દીઓની તન્દુરસ્તીનું સત્યાનાશ વાળવામાં, અને હૈયાફૂટાઓનાં ખિસ્સાં ખંખેરી લેવામાં પૂરતો ભાગ ભજવ્યો છે. ઉપર દર્શાવેલા સમય દરમિયાન આપણી પાસે 'વિરેચન ઘેલછા' 'સ્વેદન ઘેલછા,' 'વમન ઘેલછા,' 'નીલ કાચ ઘેલછા' 'આબે-હયાત ઘેલછા,' 'શ્વસન ઘેલછા,' 'કૉડલિવરની ગોળીઓની ઘેલછા' અને છેલ્લે છેલ્લે 'કોકના ટયુબરકયુલીનની ઘેલછા' એટલી ઘેલછાઓ આવી ગઇ! ઓ માલિક! અમે તે કેવા ઉલ્લુઓ છીએ!

ભયંકર કબૂલાતો

આ બધી છે. પહેલી નજરે કોઇના માન્યામાં પણ ન આવે એવી છે. અને છતાંય જેમણે એલો-પથીની ઊંચામાં ઊંચી ડીગ્રીઓ મેળવી છે, તબીબોને મળતાં મોટાંમાં મોટાં માન મેળવ્યાં છે, મેડિકલ કૉલેજોમાં પ્રોફેસરો અને પ્રિન્સિપાલો તરીકે જિંદગી ગાળી છે, રોયલ સોસાયટી જેવી વિદ્વદ્સભાના જેઓ ફેલોઝ છે, જેમના ગ્રંથોને વૈદ્યના વિદ્યાર્થીઓ ગીતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠે પૂજે છે, અને જેમણે રાજા મહારાજાઓની બરદાસ ઉઠાવી છે એવા જગમશહૂર દાકતરો અને સર્જનોની એલોપથીના નેજા નીચે ચાલી રહેલી અવિરત ખૂનામરકી માટેની આ તદ્દન સાચી કબૂલાતો છે.

આ કબૂલાતો આ ને આ રીતે આપ્યે જઉં તો આવાં સો પુસ્તકો તો સહેજે ભરાય ! જગાના અભાવને લઇને મારે ઘણા કીમતી અભિપ્રાયો છોડી દેવા પડે છે છતાંય કોઇપણ બુદ્ધિશાળી માણસને સ્વતંત્ર વિચાર કરવા માટે મેં પૂરતો પૂરાવો રજૂ કર્યો છે એમ હું માનું છું.

હવે આ વિષય ઉપર થોડીક સ્વતંત્ર ચર્ચા પણ કરીએ.

વૈદક શાથી વિજ્ઞાન નથી ?

વહેમો, કુતર્કો, જુઠાણાં અને પાખંડોના ચિત્રવિચિત્ર ખીચડા સમું 'મેડિકલ સાયન્સ' 'વિજ્ઞાન' મનાય છે એ આ જમાનાની એક મોટામાં મોટી નવાઇ છે !

એ 'સાયન્સ' નથી એના કેટલાક તદ્દન સાદા પુરાવા જોવા જેવા છે.

(૧) દરેક વિજ્ઞાનના પાયામાં કેટલાક અચળ નિયમો હોય છે. જ્યારે જન્મ, જીવન, મરણ અને રોગ, આરોગ્ય ને ચિકિત્સાની ઘટનાઓ પાછળ કાર્ય કરી રહેલા નિયમો વિષે દાકતરો સાવ અંધારામાં અથડાય છે. આ બનાવોની પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્ય કરી રહેલા એક પણ નિયમ વિષે તેમને કશી માહિતી નથી.

પરમ દિવસે એમને જડયું હતું કે જંતુઓથી રોગ થાય છે. ગઇ કાલે એમને ખબર પડી કે વિટામીનોના અભાવથી માણસ માંદો પડે છે. આજે તેઓ જાહેર કરે છે કે એન્ડોક્રીન્સ (endocrines)માં ગરબડ સરબડ થવાથી બિમારી ઊભી થાય છે !

રોગો 'મટાડવા' માટે દવાઓ એ રામબાણ ઉપાય છે એમ મનાતું. પછી શસ્ત્રવિદ્યાના ચમત્કારો દાક્તરોએ ગાવા માંડયા. ત્યારબાદ પાશ્ચુરનો જંતુવાદ ચાલ્યો. પછી સીરમો, વેકસીનો અને એન્ટી-ટોકસીનોના ગુણ માલૂમ પડયા ! આજે એન્ડોક્રીન-થીરપી સર્વોપરી છે ! વિટામીન-થીરપી, ગ્લુકોઝ-થીરપી, ચાર્કોલ-થીરપી, સીરમ-થીરપી, વેકસીન-થીરપી, એ રીતે દિવસ ઊગ્યે નવી નવી થીરપીઓ નીકળે છે. થોડાં વર્ષો જો આ ને આ રીતે થીરપીઓનો ગુણાકાર થયા કરશે તો એમની સંખ્યા સેંકડો ઉપર પહોંચી જશે. દરેક નવા ભ્રમને નવી 'શોધ'નું નામ આપવામાં આવે છે. દાક્તરોનાં મગજમાં થતા ભ્રમપલટા 'વૈદકની પ્રગતિ'ને નામે ઓળખાય છે !

(૨) એમાં અભિપ્રાયોની એકવાકયતા નથી. બર્નાર મૅકફૅડને એની કારકિર્દીની શરૂઆતમાં, એક દર્દીને ન્યુયો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેના દસ જુદા જુદા દાક્તરો પાસે મોકલ્યો. દસે જણે દસ જુદા જુદા રોગ પારખ્યા, અને દસ જુદાં જુદાં પ્રિસ્ક્રિપ્શનો ઘસી આપ્યાં! કોઇ બે દાક્તરોનો અભિપ્રાય એક સરખો ન થયો.

ઓગણીસમી સદીના અંત ભાગમાં ઇંગ્લેન્ડમાં ઇન્ફ્લ્યુએન્ઝાનો જબરજસ્ત ઉપદ્રવ હતો. એ વખતે લંડનના એક સાંજના વર્તમાનપત્રે એક દર્દીને એ શહેરના મોટામોટા સ્પેશ્યાલિસ્ટો પાસે મોકલ્યો. બીજે દિવસે આ જાણકારોનાં પ્રિસ્ક્રિપ્શનો અને સલાહ એ છાપામાં જ છપાયાં! કોઇ બે પ્રિસ્ક્રિપ્શનો સરખાં નહોતાં.

આ તે વૈજ્ઞાનિકોની ચોકસાઇ કે પછી અજ્ઞાનિકોનાં અનુમાનો ?

(૩) સેંકડો રોગો, એમનો કુટુંબપરીવાર અને એક આખીયે અદૃશ્ય જંતુસૃષ્ટિના જાણકાર હોવાનો દાવો કરતા જાદુગર દાક્તરો, રોગનાં સાચાં કારણ, નિવારણ અને સ્વભાવ વિષે અંધારામાં જ અથડાતા હોય છે.

એક સામાન્ય દાખલો લઇએ:

એક માણસને તાવ આવે છે. દાક્તર તપાસીને મેલેરિયા છે એમ જાહેર કરે છે. એમાંથી ન્યુમોનિયા માલૂમ પડે છે, છ સાત દિવસ દવા આપ્યાં છતાં ફેર માલૂમ ન પડે તો દાક્તરસાહેબ લોહી તપાસીને ટાઇફોઇડના શુભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાચાર દર્દીનાં સગાવહાલાંને આપે છે. બીજાં બે અઠવાવાડિયાં પિડાઇને બિચારો દર્દી મરણ પામે છે.

અમારું કહેવું એટલું જ છે કે દાક્તરની સારવાર દરમિયાન રોગ વધ્યા કર્યો, એમાં દાક્તરનું અજ્ઞાન જ જવાબદાર છે. ઊગતા રોગોને અટકાવવાની દાક્તરોની અશક્તિ અમે જ્યાં ને ત્યાં જોઇ રહ્યા છીએ.

(૪) વૈદકનો જેમ જેમ વિકાસ થાય છે તેમ તેમ રોગો ઘટવાને બદલે વધતા જાય છે.

અઢારમી સદીમાં કૅન્સર એ એક અજાણ્યો રોગ હતો, આજે એ સર્વવ્યાપી થઇ ગયો છે! કૅન્સર ઉપરાંત, મધુપ્રમેહ, વાઇ, (Epilepsy) હૃદયરોગ, ને એપેન્ડીસાઇટીસથી થતું મરણપ્રમાણ કારમી ઝડપથી વધી રહ્યું છે. છેલ્લાં ત્રીસ વર્ષોમાં જ અમેરિકામાં આ સંહારક રોગોથી થતું મરણપ્રમાણ બમણું થયું છે.

કુદરતના ક્રમથી આ સાવ ઊલટું જણાય છે. આખી પ્રાણીસૃષ્ટિ નીરોગી અને માણસ એકલો જ રોગી! અને એમાંય એના રોગો અને રિબામણી દિનપ્રતિદિન વધતાં જાય છે! આ કરુણ પરિસ્થિતિ માટે ઝેરી દવાઓથી માનવીનો દેહ ભરનારી અને વાઢકાપથી એને અપંગ બનાવનારી આજની તબીબી પદ્ધતિ જ જવાબદાર છે.

(૫) દરેક વિજ્ઞાન પ્રયોગસિદ્ધ જ્ઞાન ઉપર રચાયલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. "મેડિકલ સાયન્સ" અટકળો, અનુમાનો, અંગત અભિપ્રાયો અને અંધશ્રદ્ધા ઉપર રચાયું છે.

(૬) દાકતરો એવા અનેક રોગોને અસાધ્ય માની બેઠા છે કે જે ખરેખર અસાધ્ય નથી! સાચું પુછાવો તો આ એક દાકતરોની અસાધ્ય ઘેલછા છે.

ઇટાલિયન ઉમરાવ લૂઇ કોર્નેરો, બ્રિટનનો સર્વશ્રેષ્ઠ આહારશાસ્ત્રી યુસ્ટેસ માઇલ્સ, કૅનેડાનો ડૉ. રૉબર્ટ જૅકસન એમ. ડી., અમેરિકન આહારમીમાંસક યુજેન કિસ્ચિયન, ગાંધીજીનો મિત્ર ડૉ. જોશીઆ ઓલ્ડફીલ્ડ, ચર્વણશાસ્ત્રનો પિતા હૅરેસ ફ્લેચર, ને બોતેર વર્ષની વયે પુનઃ યુવાની મેળવનાર અર્વાચીન ચ્યવન સેનફૉર્ડ બેનેટ, આ અને બીજા હજારો રોગીઓને નામાંકિતમાં નામાંકિત દાકતરો, સર્જ્યનો અને સ્પેશ્યાલિસ્ટોએ અસાધ્ય ગણીને છોડી દીધા હતા, અને છતાંય તેઓ આજે જીવે છે અને એમાંના ઘણાએ તો નિસર્ગોપચારના આગેવાનો તરીકે મનુષ્યજાતિનું ભારે કલ્યાણ કર્યું છે, અને એમનો રોગ અસાધ્ય છે એવી ખાત્રી આપનારા દાક્તરો મરી પરવાર્યા છે! આમાંથી ઘણાખરાને દાકતરોએ કહેલું કે: "તમે ૪ થી ૧૨ મહિના સુધી જીવશો. તમારે માટે આ દુનિયામાં કોઇ આશા નથી." છતાંય નૈસર્ગિક જીવનથી આ બધાએ પોતપોતાના રોગો મટાડયા અને દાકતરોએ હાથ ધોઇ નાખ્યા પછી ૫૦–૫૦ વર્ષ જીવ્યા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હર્બર્ટ સ્પેન્સરને એના દાક્તરોએ ૩૦ વર્ષની ઉમરે કહ્યું હતું કે : 'તમારા આયુષ્યની અવધિ આવી ગઇ છે.' પણ એણે અબુધ દાકતરોનું કહેવું ગણકાર્યું નહિ અને તેથી જ પર વર્ષની સફળ જિંદગીમાં એણે અભ્યાસ અને સંશોધનથી અમર કીર્તિ મેળવી.

જો એ દાકતરોના વહેમને લીધે ભયથી માર્યો ગયો હોત તો મનુષ્યજાતિને કેટલી ભારે ખોટ જાત ? ખોટું ભવિષ્ય ભાખીને જોષીઓએ સેંકડો લોકો માર્યા હશે, પણ જૂઠાં ગપ્પાં હાંકીને દાક્તરોએ તો અસંખ્ય લોકોના જીવ લીધા છે.

(૭) દાકતરો–એક બિમારોની જમાત

છે. પણ આ વિષય ઉપર અમે કંઇક કહીએ એ પહેલાં એમના જ એક આગેવાન ડૉ. હોસ્મરનો અભિપ્રાય સાંભળી લઇએ:

"મારા જીવનમાં, પરિષદોમાં અને અન્ય સ્થળોએ મને મળેલાં સેંકડો સ્ત્રી અને પુરુષ–દાકતરોમાં મેં એક પણ તન્દુરસ્ત વ્યક્તિ જોઇ નથી. અમેરિકન મેડિકલ એસોસીયેશનના સભ્યોથી વધારે રોગિષ્ઠ મંડળ અસ્તિત્વ જ નથી ધરાવતું. રોગ અને એનાં કારણો વિષે અભ્યાસ કરતાં કરતાં તેઓ પોતે જ એટલા રોગમય થઈ ગયાં છે કે સાચી તન્દુરસ્તી શું છે એ એમના સમજવામાં કે અનુભવવામાં આવતું નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડા. હોસ્મરે મેળવેલા આંકડાઓ મુજબ ૯૫% દાકતરો કોઇને કોઇ નાના મોટા રોગથી પિડાતા હોય છે. એ એક જોવા જેવી વાત છે કે પ્રજાની તન્દુરસ્તીના આ ઇજારદારો નિત્યદર્દીઓ હોય છે ! પ્રજાને તન્દુરસ્ત કરવાનો આ લોકો ધંધો લઇને બેઠા છે, છતાંય પોતાની તન્દુરસ્તી કેમ જાળવવી એનું એમને જ્ઞાન કે ભાન નથી. એમનું વિજ્ઞાન કેટલું પોકળ છે એ તો એમની તન્દુરસ્તી જ બતાવી આપે છે. બાકીના પાંચ ટકા–જેમની તન્દુરસ્તી સારી છે તેઓએ–એ સારી તન્દુરસ્તી નિયમિત કસરત, પથ્ય ખોરાક અને તાજી હવાથી મેળવી છે, અને નહિ કે દવાઓ, સીરમો કે છરી ચાકુથી. બીજા ધંધાદારીઓ કરતાં દાકતરોનું મરણપ્રમાણ પણ ઊંચું હોય છે.

(૮) જો વૈદકના અભ્યાસીઓને રોગનાં કારણ અને નિવારણનો સ્પષ્ટ ખ્યાલ હોય તો એ બિમાર પડવા જ ન જોઇએ, અને સંજોગવશાત્ જો બિમાર થાય તો જાતે સારવાર કરીને એમણે સાજા થવું જોઇએ. એને બદલે આપણે જોઇએ છીએ કે એમના દર્દીઓ જેટલા જુદાંજુદાં દર્દોથી પિડાય છે, એટલાં જ જુદાંજુદાં દર્દોથી દાકતરો પણ પિડાતા હોય છે, એટલું જ નહિ પણ માંદો પડયે દાકતર કદી પોતાની દવા નથી લેતો. એક દાકતર પોતાની માંદગીમાં હમેશાં બીજા દાકતરને બોલાવશે. પોતાની દવાઓ ઉપર એમને પોતાને જ આસ્થા નથી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૯) છેલ્લાં સવાસો વર્ષોમાં વૈદકના ક્ષેત્રમાં 'સ્પેશ્યલિસ્ટો' એ દાટ વાળ્યો છે. પહેલાં વૈદક વિષે ઘણું જ જ્ઞાન દાક્તરો ધરાવતા. હવે તો દાકતરો ઉપરાંત સર્જ્યનો, જંતુશાસ્ત્રીઓ, રોગનિદાનશાસ્ત્રીઓ (Diagnosticians) દંતવૈદો, નેત્રવૈદો, પ્રસવવૈદો. એકસ-રે સ્પેશ્યાલિસ્ટો, નર્સો, કેમિસ્ટો, ડ્રગિસ્ટો-એ રીતે વૈદકની જુદીજુદી શાખાઓના જુદાજુદા પ્રતિનિધિઓ થઇ ગયા છે. એટલું જ નહિ પણ દરેક અવયવને થતા રોગના સ્પેશ્યાલિસ્ટો ઉપરાંત દરેક રોગના સ્પેશ્યાલિસ્ટો (દા. ત. કેન્સર-સ્પેશ્યાલિસ્ટો) પણ જોવાના મળે છે.

જો એલોપૅથીનો પાયો સાચો હોત, તો એના આટલા વિસ્તાર પછી મનુષ્યજાતિ એકેએક રોગમાંથી મુક્ત થઇ ગઇ હોત. પણ સાચી પરિસ્થિતિ શું છે એ સૌ જાણે છે.

સંધિવાનો જ દાખલો લઇએ. યુરોપના સંધિવાના સ્પેશ્યાલિસ્ટો, સિડેનહામ, બોરહેવ, હૉફમેન, અને વાન સ્વીયેટને સંધિવા વિષે ગ્રંથો ભર્યા છે. પણ એ ન તો પોતાનો સંધિવા મટાડી શકયા કે ન તો બીજા કોઇનો. એલોપૅથીના પિતા સુવિખ્યાત સીડેનહામે સંધિવા વિષે એક અતિ મહત્ત્વનો ગ્રંથ લખ્યો છે, છતાંય એ પોતે પોતાનો સંધિવા ન મટાડી શકયો અને છેવટે એ જ રોગથી મુવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રો. સ્ક્રોડાએ મરતાં પહેલાં પચીસ વર્ષ સુધી સંધિવાની તીવ્ર વેદનાઓ વેઠી છે. આ મશહૂર તબીબનો સંધિવા મટાડવા માટે યુરોપના સમર્થમાં સમર્થ ચિકિત્સકો મથ્યા હતા. પણ સૌના હાથ હેઠા પડયા અને એમની વિદ્યા જૂઠી નીવડી.

સર જેમ્સ મેકેન્ઝી હૃદયના અને રક્તવાહિનીઓ (Arteries) ના રોગોનો આખી દુનિયાનો મોટામાં મોટો નિષ્ણાત હતો. એમાંય એણે એની ધંધાદારી જિંદગીમાં હૃદ્યશૂલનો (Angina Pectoris) ખાસ ઊંડો અભ્યાસ કર્યો હતો. એનું મરણ હૃદ્યશૂલથી જ નીપજ્યું !

આવા આવા તો અસંખ્ય દાખલાઓ આપી શકાય. પ્રચંડ ગ્રંથો, અગાધ પાંડિત્ય, વિપુલ માહિતી, અને અગમ્ય ભાષાથી જો ધાર્યું સિદ્ધ ન થતું હોય, જો તન્દુરસ્તી પાછી મેળવી ન શકાતી હોય તો એ બધાંનો અર્થ શો ? સાચી ચિકિત્સા કાગળ ઉપર નથી થતી પણ દર્દી ઉપર થાય છે. બિચારા દર્દીને મીમાંસાની જરૂર નથી, એને તો ચિકિત્સાની જરૂર છે.

માનવીના રોગો તો અસાધ્ય નથી જ, પણ એના પૂર્વગ્રહો અસાધ્ય છે. જે દિવસે દાક્તરો એમના બધા પૂર્વગ્રહો છોડશે તે દિવસે એમને એ સત્યનો સાક્ષાત્કાર થશે કે એમની દૃષ્ટિ એ મિથ્યાદૃષ્ટિ છે, એમનું જ્ઞાન એ અજ્ઞાન છે અને એમની વિદ્યા એ અવિદ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે તો નિરાશાથી કોઇ શાણા માણસના શબ્દોમાં પૂછવાનું મન થાય છે કે: " What is the use of knowing so much, if what you know is not so ?"

આજના 'મેડિકલ સાયન્સ'ના બે પગો

મેટિરિયા મેડિકા અને સર્જરી છે. મેટિરિયા મેડિકામાં દવાદારૂનો સંગ્રહ છે. સર્જરી વાઢકાપનું વિજ્ઞાન છે. દવાદારૂનો ઉપયોગ દુઃખ દર્દોના દમન માટે, અને સર્જરીનો ઉપયોગ શરીરના જરૂરી અવયવોના સંહાર માટે થઇ રહ્યો છે. જરા ઊંડા ઊતરીએ તો સ્પષ્ટ સમજાય છે કે

મેટિરિયા મેડિકા—એક ચોખ્ખો બુદ્ધિભ્રમ છે. મેટિરિયા મેડિકાના મથાળા નીચે આવી જતી હજારો દવાઓનો (Drugs) ઉકરડો ફીંદીએ, તો એને ત્રણ વર્ગમાં આપણે સહેલાઇથી મૂકી શકીએ.

(૧) વનસ્પતિજન્ય દવાઓઃ આ વર્ગમાં કવીનાઇન, સ્ટ્રીકનીન, અફીણ વિ. આવી જાય છે.

(૨) ખનિજ દવાઓ : પારો, સોમલ, રસકપુર, ગંધક, રેડિયમ વિ.

(૩) પ્રાણીજ દવાઓઃ ગંધાતું પરુ, સડેલું લોહી, અને જુદાજુદા રોગોથી રિબાતા રોગીઓનાં ઝાડા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેશાબ, ઊલટી, લીંટ અને ગળફાની મદદથી તૈયાર થતી અનેકવિધ રસીઓ.

હવે આ દવાઓના અસર પરત્વે ભાગ પાડવા હોય તો તેમને ચાર વર્ગમાં વહેંચી શકાય.

(૧) બિનઅસરકારક દવાઓ.

(૨) મુદતબંધી રોગોની દવાઓ.

(૩) અસરકારક દવાઓ.

(૪) રોગોત્પાદક દવાઓ.

(૧) એવી કેટલીયે દવાઓ છે કે એમનો જે રોગ માટે ઉપયોગ થાય છે એ રોગ ઉપર એ કશીયે અસર કરતી નથી. છતાંયે જૂના જમાનાથી ચાલી આવે છે એટલા માટે દાકતરો વાપરે જાય છે. દા. ત. હાયડ્રોસાએનીક એસીડ ક્ષયના દર્દીઓ ઉપર યુરોપ અને અમેરિકામાં છૂટથી વપરાતો. જે હજારો દર્દીઓ ઉપર આ ઉપાય અજમાવવામાં આવ્યો હતો એમાંથી એક પણ બચ્યો નથી, મર્યા કેટલા એની તો ગણત્રી જ નથી.

(૨) ઇન્ફ્લ્યુએન્ઝા, ન્યુમોનિયા, ટાઇફોઇડ, લાલ તાવ અને એવા જ બીજા રોગો મુદતબંધી હોય છે. એ અમુક મુદત વિના મટતા નથી એ તો સૌ કોઇ જાણે છે. એમાં દવા આપો કે ન આપો પણ દર્દી અમુક મુદતે સાજો થવાનો. દવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કાંઇ પણ કામ કરતી હોય તો તે રોગને વધારે ભયંકર બનાવવાનું, અને એનું મરણપ્રમાણ વધારવાનું !

(૩) હવે આવે છે અસરકારક દવાઓ. કબજિયાત, માથાનો દુખાવો વિ. દર્દો માટે વપરાતી દવાઓ. આ દવાઓની અસર "ચમત્કારિક" હોય છે, એટલા માટે લોકો એના તરફ ખૂબ આકર્ષાય છે. પણ એમની અસર ચાબૂક જેવી હોય છે. થાકેલા ઘોડાને ચાબૂક મારીને દોડાવી શકાય, પણ એનાથી ઘોડો ઊલટો વધુ થાકે છે. એ જ રીતે નબળાં પડેલાં આંતરડાં જુલાબની દવાઓથી વધુ નબળાં પડે છે. ધીમે ધીમે દવાની માત્રા વધારવી પડે છે, છેવટે એક વખત એવો આવે છે કે જ્યારે કબ-જિયાત એટલી સખત થાય છે કે દવા માત્ર અસર કરતી નથી ! આ રીતે દવાઓ જે રોગને મટાડવાનો દાવો કરે છે, એ જ રોગોને તે ઊભા કરે છે ! દાકતરોનાં 'ટૉનિકો' અને ઊંટવૈદોની 'શકિતની દવાઓ' આ વર્ગમાં જ આવી જાય છે. 'મેડિકલ સાયન્સ'ની પ્રગતિ વિષે બણગાં ફૂંકતા એના મહંતો, કબજિયાત અને માથાના દુખાવા જેવી તદ્દન સાદી ફરિયાદો કાયમને માટે મટાડી દે એવી એક પણ દવા આજસુધી શોધી શકયા નથી. રોગનાં બાહ્ય લક્ષણો દવાથી દાબી દેવાથી એનું ખરું કારણ દૂર થઇ શકતું નથી.

(૪) 'મેડિકલ સાયન્સ' વિષે હું જ્યારે જ્યારે વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરું છું ત્યારે ત્યારે મને મહિરાવણ અને અહિરાવણની દંતકથા યાદ આવે છે. આ રાક્ષસોને એમના શત્રુઓ જે બાણો મારતા, એને લીધે એમના દેહમાંથી નીકળતા લોહીના દરેક ટીપામાંથી એક એક નવો રાક્ષસ ઉત્પન્ન થતો. અને એ રીતે એમને એમના શત્રુઓ મારી શકતા નહિ.

એ જ રીતે દર્દીના દેહમાં રેડાતું દવાનું દરેક ટીપું જૂનો રોગ મટાડવાને બદલે નવા રોગ માટે ભૂમિકા તૈયાર કરે છે. બધી દવાઓ ઓછેવત્તે અંશે નવા દવારોગો (drug diseases) પેદા તો કરે છે જ, પણ કેટલીક દવાઓ તો આ ક્ષેત્રમાં પણ અગ્રેસર છે.

કોઇ પ્રમાણભૂત તબીબી કિતાબ ખોલો. 'મૅલેરિયા નામના રોગ માટે કવીનાઇન રામબાણ ઉપાય છે' એમ લખેલું માલમ પડશે. હવે થોડાંક પાનાં ઉથલાવો. 'કવીનીનીઝમ' નામના રોગનું વર્ણન છે. આ નવો રોગ ક્યાંથી આવ્યો ? કવીનાઇન સતત લાંબા વખત સુધી લેવાથી આ રોગ થાય છે ! આ જ પુસ્તકમાં બીજી જગ્યાએ આયોડીન અતિશય લેવાથી થતા 'આયોડીઝમ' નામના રોગનું વર્ણન છે. હવે પાછાં થોડાં પાનાં ઉથલાવો. ત્યાં સોમલિયા લકવાનું (Arsenical Neuritis) વર્ણન છે. જુદાજુદા રોગો માટે દાકતરો જે સોમલ ધરાવતી દવાઓ ફરમાવે છે એનાથી આ લકવો થાય છે, અને અનેક સ્ત્રી–પુરુષો આખા જીવન માટે અપંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની જાય છે. કેટલાક એવા પણ દાખલાઓ તબીબી માસિકોમાં આવ્યા છે કે જેમાં દાકતર જણાવતો હોય કે રોગ મટાડવા માટે મેં પહેલી જ વખત સોમલ આપ્યું અને પરિણામે રોગ મટવાને બદલે દરદીનાં નીચલાં અંગો જકડાઇ ગયાં અને આ અપંગપણું કોઇપણ જાતની સારવારથી મટયું નહિ ! એટલું જ નહિ પણ આ "રસિક કિસ્સા"માં દવાની ધાર્યાં કરતાં બીજી જ અસર નીકળી આવી એ બાબતથી તબીબ તાજુબી પામતો હોય !

આ રીતે ઘણી દવાઓ ગંભીર રોગોનું સીધું કારણ બને છે. આયોડીન, આયોડીઝમ ઉપરાંત બ્રાઇટ્સ ડીઝીઝ (Bright's disease) મધુપ્રમેહ, પેરેસીસ, હોજરી અને મોટા આંતરડાનાં ચાંદાં, પૅનક્રીયાસ, બરોળ અને ફેફસાંના જીર્ણ રોગો ઊભા કરે છે. બ્રોમાઇડો અને ડામરની બનાવટો મગજ અને જ્ઞાનતંતુઓની કાર્યક્ષમતા ઘટાડે છે. પોટેશીયમ બ્રોમાઇડના નાના ડોઝોથી પણ ત્વચાનાં દર્દો થાય છે. પોટેશીયમ આયોડાઇડની પણ એ જ અસર છે.

પારાનો જ દાખલો લઇએ. પારાનું ઝેર શરીરમાં પૂરેપૂરું ફેલાતાં ૫ થી ૧૫ વર્ષ જોઇએ છે. એ સમય દરમિયાન એ હાડકાંમાં, કરોડરજ્જુમાં અને મગજમાં પહોંચે છે. આટલાં વર્ષે જ્યારે આ ઝેરનાં ભયંકર પરિણામો જણાવા માંડે છે ત્યારે બિચારા દર્દીને ભાગ્યે જ ખ્યાલ હોય છે કે પાંચ વર્ષ ઉપર લીધેલી સારવારનાં આ ફળો છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડો. એહરલીકનું 'સાલવરસેન' જે સીફીલીસનો રામબાણ ઉપાય મનાય છે, અને જે '૬૦૬'ને નામે પણ ઓળખાય છે એ એક એવી સોમલની બનાવટ છે કે જેનાથી અંધાપો, બીજા ગંભીર રોગો અને મરણ પણ નીપજે છે.

હવે કવીનાઇન જેવી ચૌટે ને ચકલે વેચાતી દવા જો વધુ પ્રમાણમાં કે ઘણા લાંબા વખત સુધી લેવાય તો અંધાપો, બહેરાશ, કવીનીનીઝમ અને બ્લેક વૉટર ફિવર જેવા રોગો ઉત્પન્ન કરે, તો પછી મેટિરિયા મેડિકાની હજારો ઝેરી દવાઓથી જીવન અને આરોગ્યનું કેટલું નીકંદન વળી રહ્યું છે એ તો આપણે કલ્પી લેવાનું જ રહ્યું.

મનુષ્ય કેટલી હદ સુધી અંધશ્રદ્ધાળુ થઇ શકે છે એ જોવું હોય તો ધર્મ તરફ નજર નાખવાને બદલે વૈદક ભણી જુઓ! આ પૃથ્વીના પડ ઉપર અસ્તિત્વ ધરાવતી પશુપંખીનાં મળમૂત્રથી માંડીને પારા અને રેડિયમ સુધીની હજારો ભક્ષ્ય અને અભક્ષ્ય વસ્તુઓમાંથી એવી એક પણ બાકી નથી રહી કે જે વૈદકના ઇતિહાસમાં કોઇ ને કોઇ કાળે કોઇને કોઇ રોગ ઉપર વપરાઇ ન હોય,

દવાઓથી રોગ મટાડવાની રીત એ ખરેખર

એક રમૂજી રીત

છે. પણ એ જેટલી હાસ્યાસ્પદ છે એટલી જ ભયંકર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડા. માર્ટીન હેઇન એમ. ડી. જે ન્યુયોર્ક યુનિવર્સિટીની મેડિકલ કૉલેજનો અધ્યાપક હતો એ લખે છે કેઃ "દવાઓનું કાર્ય રોગો ઉત્પન્ન કરવાનું છે અને એટલા માટે જ અમે દવાઓ આપીને બીજો રોગ ઊભો કરીને પહેલો રોગ મટાડીએ છીએ."

જ્યારે ડા. જે. એમ. પીબલ્સ. એમ. એ. એમ. ડી. પી.એચ. ડી., જેણે "How to Live a Hundred Years and Grow old Gracefully" અને "Death Defeated" એ નામના બે મશહૂર ગ્રંથો લખ્યા છે, અને જે પોતે સો વર્ષ ઉપરાંત જીવ્યો હતો એ દવાથી રોગ મટાડવાની રીત વિષે આ મુજબ લખે છે : 'ઍલોપૅથીની રોગની સારવાર કરવાની પદ્ધતિ નીચે મુજબ છે. દા. ત. કફ લઇએ. દર્દીને એક કફઘ્ન (Expectorant) ઔષધ આપવામાં આવે છે, એનાથી કફ થોડો ઘણો હળવો પડે છે. પણ કફઘ્ન દવાથી મોમાં મોળ આવે છે અને ભૂખ મરી જાય છે. ભૂખ લગાડવા માટે અને હોજરીને તાકાત આપવા માટે ખનિજ ઍસિડો (Mineral acids) ફરમાવવામાં આવે છે. એનાથી ભૂખ કંઇક સુધરે છે, પણ ઍસિડોથી મોટા આંતરડાની આંતરત્વચા (Mucous Membrane) ઉશ્કેરાય છે, અને એને લીધે ઝાડા થઇ જાય છે. ઝાડા અટકાવવા માટે ગ્રાહી (Astringents) ઔષધો આપ્યા વિના છૂટકો નથી. જે પાછાં કફને ઉશ્કેરે છે, અને વળી પાછું અસલ મુજબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચક ચાલુ થાય છે. આને પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક સારવાર કહેવામાં આવે છે. પણ એને એક દયાજનક ઊંટ હું કહેતાં મને સહેજે સંકોચ થતો નથી."

હવે

દવાઓ અને રોગશાન્તિ

એ બન્ને વચ્ચેનો સબંધ તપાસીએ. દાકતરો પોતાની પ્રૅક્ટિસમાં વારંવાર જુએ છે કે દવા આપ્યા પછી રોગ મટે છે, અને એટલા માટે માની લે છે કે દવા આપ્યાથી જ રોગ મટે છે.

દવા આપ્યા પછી રોગ મટે એનાં ત્રણ કારણ હોઇ શકે:

(૧) દવાથી રોગ મટે છે.

(૨) દવાથી સ્વતંત્ર રીતે, બીજા જ કોઇ કારણથી, રોગ મટે છે.

(૩) દવાની નહતર છતાંય રોગ મટે છે.

આ ત્રણમાંથી પહેલું જ કારણ માનીને, બીજાં બે કારણો કયા આધારે ઉડાવી દેવામાં આવે છે? કે પછી 'સાયન્સ' પણ સત્યને બદલે સગવડ શોધે છે?

જેમ કેટલાક દાખલાઓમાં દવા આપ્યા પછી રોગ મટે છે, તેમ બીજા કેટલાક દાખલાઓમાં દવા આપ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી રોગ નથી મટતો. કેટલાક દાખલાઓમાં દવા આપ્યા પછી રોગ વધે છે, જ્યારે કેટલાક દાખલાઓમાં દવા આપ્યા પછી દર્દી મરે છે.

દવા આપ્યા પછી રોગ ન મટે, વધે કે દર્દી મરે, તો બિચારા અજ્ઞાન લોકો કહેશે કે: "દવા લાગુ ન પડી" પણ ભણેલગણેલ દાક્તરો શો જવાબ આપશે ?

જો દવા આપ્યા પછી દર્દીને મટે તો તે દવાથી મટયું એમ માનવું અને મનાવવું, અને જો ન મટે અને રોગ વધે કે દર્દી મરે તો તે કુદરતે કર્યું એમ માનવું અને મનાવવું એ કયાંનો ન્યાય ? આમાં જરાએ તર્કશુદ્ધિ છે ?

"અમે એ નથી જાણતા કે અમારા દર્દીઓ અમે દવા આપીએ છીએ એટલે સાજા થાય છે કે કુદરત એમને મટાડે છે. દવાઓથી જેટલા લોકો સાજા થાય છે એટલા તો રોટલાઓની ગોળીઓ વાળીને ગળવા આપીયે તોપણ સાજા થાય." એમ ડૉ. જી. ડબલ્યુ. કાર્સન એમ. ડી. કહે છે. આ કથન અક્ષરશઃ સાચું છે.

આજે દાકતરો ઝેરી દવાઓ આપીને, ઉપયોગી અવયવો કાપીને, વારંવાર સોયા ભોંકીને અને માનવદેહમાં જાતજાતની ગંદકી પૂરીને જેટલા દર્દીઓને સાજા કરે છે એટલા દર્દીઓને દરરોજ કાન આમળીને કે અંગૂઠો મસળીને પણ સારા કરી શકાય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાણા દર્દીઓ આજે જે સેંકડો પ્રચલિત અને લોકપ્રિય ઉપાયો છે એમાંનો એક પણ ઉપાય ન અજમાવે અને દરરોજ પોતાની ડૂંટી સામે અડધો અડધો કલાક જોવાનું રાખે તો પણ બીજા દર્દીઓ જેટલી જ મુદતમાં તેઓ પણ ખાત્રીથી સાજા થાય !

દવાઓની શકયતાઓ અને મર્યાદાઓ

જર્મનીનો મશહૂર દાકતર ડૉ. સી. ઇ. બૉક કહે છે કે : 'જ્યાં સુધી લોકો અને દાકતરો એ વહેમમાં કુટાયા કરશે કે દવાઓથી આરોગ્ય અને શકિત મેળવી શકાય છે, અને પાંડિત્યમય પ્રિસ્કિપ્શનોથી કુકેળવણી, બેદરકારી, અને સ્વછંદનાં પરિણામોનો નાશ કરી શકાય છે, ત્યાંસુધી ભ્રમિત માનવજાત બુદ્ધિયુકત અને નૈસર્ગિક જીવન જીવીને નીરોગી થવાનો પ્રયત્ન નહિ કરે. જ્યારે દરેક જણ "દાકતરી દવાઓના ચમત્કારો" વિષેના વહેમમાંથી મુક્ત થશે અને એમ સમજશે કે માનવદેહમાં બનતો દરેક બનાવ અમુક અચળ નિયમોને અંગે બને છે અને એ નિયમોમાં કોઇ પણ સંજોગોમાં કશોય ફેરફાર થઇ શકે એમ નથી, ત્યારે જ વૈજ્ઞાનિક રીતે કેળવણી પામેલા તબીબનું કાર્ય સફળ થઇ શકે.

સામાન્ય લોકોને દવાઓ અને દાકતરી સારવારો વિષે અતિશય બુદ્ધિશૂન્ય ખ્યાલો અને બેવકૂફી ભરેલા વહેમો હોય છે. પણ એમાં એમનો વાંક શો ? આપણે જાણીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ કે ખુદ મોટા ભાગના દાકતરો માને છે કે એમ ઘૃણાસ્પદ દવાઓથી રોગો મટાડી શકાય છે. આ દવાઓ ઉદ્ભવ કાં તો ભૂતકાળના અંધકારયુગમાં થયો હોય છે કે પછી આ નફાખોરીના જમાનાની એ પેદાશ હોય છે જ્યારે એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે દરેક દાખલામાં રોગશાન્તિ આપણા શરીરનાં કલ્યાણપ્રદ કુદરતી બળોથી થાય છે.

પ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત ઝેરી દવાઓની રોગો મટાડવાની શક્તિમાં દાકતરો જે વહેમભરેલી આસ્થા ધરાવે છે એને લઇને તબીબી કલામાં અસંખ્ય દવાઓ અને સારવારો એકઠી થઇ છે, અને હજી એમાં ઉમેરો થયા જ કરે છે. એટલે દરેક રોગ માટે દરેક દાકતર પોતાને પ્રિય ઉપાયો સારવારો અને પદ્ધતિઓનાં ગુણગાન ગાયાં કરે છે. નવા શોધાયલા અને ઘણા વખણાયલા ઉપાયો ટૂંક વખતમાં જ નિરુપયોગી માલમ પડે છે. પણ એટલા માટે એમને કાંઇ મેટિરિયા મેડિકામાંથી ફેંકી દેવામાં આવતા નથી. પણ સારી સ્મરણશક્તિવાળા દાકતરોનાં મગજમાં એમનો સંઘરો થયા જ કરે છે! આ બધું જોઇને શેકસ્પીઅરના શબ્દો સહેજ ફેરવીને કહેવાનું મન થાય છે:

"આ દાકતરો તે કેવાક બેવકુફો છે!"

ચિકિત્સાના ક્ષેત્રમાં જેણે પોતાના મૌલિક સિદ્ધાંતો વડે અમર કીર્તિ સંપાદન કરી છે, એવા ડો. આર. ટી ટ્રોલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છે કે: "રસાયણિક ઔષધો આપવા એનો અર્થ એ જ છે કે દર્દીનો રોગ વધારવો અને એની સ્થિતિ વધુ ગૂંચવાડા ભરેલી કરી મૂકવી, કારણ કે દવાઓ તો દર્દીની હાલત હમેશાં વધુ કફોડી કરે છે. શું એક ગંદકી બીજી ગંદકીનો નિકાલ લાવી શકે? કુદરત એક બોજા કરતાં બે કે વધારે બોજાઓ વધુ સહેલાઇથી ફગાવી દઇ શકે? કારણથી કારણ મટાડી શકાય? ભાગ્યે જ એવું બની શકવા સંભવ છે. એક માણસનું શરીર અશુદ્ધિઓથી ભરેલું છે, એટલા માટે એને ઝેર આપવું એનો અર્થ એ થયો કે ભૂતને ભગાડવા માટે પલીતને બોલાવવો. ઝેરી દવાઓ આપવી એટલે કુદરતના કાયદાઓ સામે હુલ્લડ મચાવવું, જીવનતંત્ર (Organism) ઉપર વધુ ભારે બોજો નાખવો અને શત્રુને સહાય આપવી! આવી તો વાહિયાત દાકતરી ફિલસૂફી છે."

આ રીતે તો સ્પષ્ટ થાય છે કે દવાઓ રોગો મટાડવા માટે કેવળ નિરુપયોગી છે. આજ સુધીમાં દાકતરોએ ૩,૦૦૦ રોગો શોધી કાઢયા છે, અને એ 'મટાડવા' માટે ૭૫,૦૦૦ ઉપરાંત દવાઓ શોધાઇ છે! દર સાલ એમાં સેંકડો નવી ઉમેરાતી જાય છે! આ પ્રવાહ પ્રજા પોતાની તન્દુરસ્તી માટે જાતે વિચાર કરતી નહિ થઇ જાય ત્યાં સુધી ચાલ્યા કરવાનો.

સર્જ્યરીનું સંહારતાંડવ

સર્જ્યરીના ગુણદોષોની ચર્ચા કરતાં પહેલાં, આ કલાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પત્તિ ક્યાંથી થઇ એ જરા જોઇએ. સર્જ્યરીની જરૂર બહુ જૂના જમાનામાં યુદ્ધોમાં જણાઇ. એટલે જ લડાઇની શરૂઆત અને સર્જ્યરીની શરૂઆત બન્ને લગભગ સાથે-સાથે જ થયાં. હવે અકસ્માત એ યુદ્ધનું નાનું સ્વરૂપ જ છે, એટલા માટે લડાઇમાં અને અકસ્માતોમાં સર્જ્યરી એ મોટામાં મોટો આશીર્વાદ છે. ઊલટપક્ષે ચિકિત્સાના ક્ષેત્રમાં તદ્દન નજીવા અપવાદો બાદ કરતાં, શસ્ત્રવિદ્યા એ મોટામાં મોટો શાપ છે.

ઘણાને આમાં અતિશયોક્તિ પણ લાગે ! સર્જ્યરીની અવાચીન હથોટી (Technique) જોઇને ભલભલાની બુદ્ધિ બહેર મારી જાય છે.

અમે એ વસ્તુ કબૂલ કરીએ છીએ કે છેલ્લાં સો વર્ષોમાં વાઢકાપનું વ્યાકરણ પરિપૂર્ણતાએ પહોંચ્યું છે. આજે શસ્ત્રવિદ્યા એ એક અણઘડ ક્રિયા મટીને લલિતકલા થઇ ગઇ છે. ઓછામાં ઓછા રક્તપાતથી ગમે તેવાં મોટાં નસ્તરો સફળતાપૂર્વક પાર પાડનારા પ્રતિભાશાળી સર્જ્ય-નોનો પણ અભાવ નથી.

પણ એ બધું થવાથી દર્દીઓનું કેટલું કલ્યાણ થયું? ભવ્ય ઑપરેશન થીએટરો, કડકડતાં કપડાં, ચળકતાં હથિ-યારો, કલૉરોફૉર્મ, ઈથર અને આલ્કોહોલનાં અજાયબ મિશ્રણો, કાબેલ નર્સો અને કુશળ સર્જ્યનોથી આરોગ્યનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષણ થઇ રહ્યું છે કે ભક્ષણ ? તન્દુરસ્તીનો પુનર્જન્મ થાય છે કે એનું નિકંદન નીકળી જાય છે ?

તબીબો એમ માને છે, અને પ્રજાને મનાવે છે કે માણસના શરીરમાં એવા અનેક અવયવો છે કે જેમનો સર્જનોને શ્રીમંત કરવા સિવાય બીજો કશો ઉપયોગ નથી. એટલા માટે એ અવયવમાં સહેજ બગાડ થાય કે તુર્ત જ એને વધેરી નાખવાની સલાહ મળે છે. ઘણી વખત સાજો અવયવ ભવિષ્યમાં હેરાનગતિ ઊભી ન કરે એટલા માટે એને પહેલેથી જ કાપી નાખવામાં આવે છે.

માનવીના દેહમાં અનેક નિરુપયોગી અને જોખમકારક અવયવો છે, એ વાત શું સાચી છે ?

ચાલો ! જરા વૈદકના ઇતિહાસ તરફ નજર નાખીએ. થોડાં વર્ષો પહેલાં દાક્તરો બેધડક કહેતા હતા કે માણસના શરીરમાં આવેલી અંતસ્રાવી ગ્રંથિઓ (Endocrines) તદ્દન નિરુપયોગી છે અને એ કેવળ નકામી જગા રોકે છે. આજે એના એ દાક્તરો કહે છે કે માણસના શરીરમાં આવેલા સૌ અવયવોમાં વધારેમાં વધારે મહત્વના જો કોઇ અવયવો હોય તો તે આ ગ્રંથિઓ છે !

એમના કાર્ય વિષે છેલ્લાં થોડાં વર્ષોમાં બેસુમાર ગ્રંથો લખાયા છે અને એમને લગતું એક Endocrinology = રસગ્રંથિશાસ્ત્ર એવું સ્વતંત્ર શાસ્ત્ર તૈયાર થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે તમારું શરીર ન વધતું હોય, તમે વધારે પડતા જાડા હો કે વધારે પડતા પાતળા હો તો એ બધા બનાવોનું કારણ તમારી ગ્રંથિઓ છે એમ દાકતરો કહે છે. થાઇરૉઇડની અવ્યવસ્થાથી ગૉઇટર, પિટ્યુઇટરીની અવ્યવસ્થાથી બહુમૂત્રતા અને પૅનક્રિયાસની અવ્યવસ્થાથી મધુપ્રમેહ જેવા રોગો થાય છે એમ તેઓ માને છે.

પહેલાં તેઓ કહેતા કે "A man is as old as his arteries"; હવે તેઓ કહે છે કે "A man is as old as his glands" માણસ પોતાની ગ્રંથિઓ જેટલો વૃદ્ધ છે.

એટલે ટૉન્સિલ્સ, એડીનૉઇડસ અને વર્મિફૉર્મ ઍપેન્ડિકસ જેવા અવયવોના કાર્ય વિષેનું પોતાનું ઘોર અજ્ઞાન કબૂલ કરવાને બદલે સર્વજ્ઞ સર્જ્યનો કુદરતને બેવકૂફ ઠરાવવા મથે છે!

કુદરતે માણસના કે કોઇ પણ બીજા પ્રાણીના શરીરની અંદર એક પણ અવયવ નકામો મૂક્યો નથી. શરીરનું આખુંયે તંત્ર સુવ્યવસ્થિત ચાલે એટલા માટે દરેક અવયવને કાંઇ ને કાંઇ કાર્ય કરવાનું હોય છે. એટલું જ નહિ પણ એક અવયવનું કાર્ય બીજો અવયવ કરી શકતો નથી. હૃદયનું કામ ફેફસાં નથી કરી શકતાં કે થાઇરૉઇડનું કામ થાઇમસ નથી કરી શકતો.

શરીરનો એકાદ અવયવ કાપી કાઢવાથી માણસ માંદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન પડે કે મરી ન જાય એટલા ઉપરથી એ ઑપરેશનની સાર્થકતા સિદ્ધ નથી થતી. એમ તો માણસના હાથ પગ પણ જો કાળજીપૂર્વક કાપી લેવામાં આવે તો એ નથી માંદો પડતો કે નથી મરી જતો.

સુવિખ્યાત લીંડલેર સૅનિટેરિયમવાળા ડૉ. હેન્રી લીંડલેર એમ. ડી. જણાવે છેઃ કેઃ "એક મોટા ઑપરેશન (Major Operation) પછી દર્દીની સરેરાશ જિંદગી દશ વર્ષ હોય છે. મોટાં ઑપરેશનોમાં દર્દી તત્કાળ ન મરે તોપણ એના જીવનતંત્રને ભારે આઘાત પહોંચે છે."

કાકડા કપાવવાનાં જોખમો

ગળાની બન્ને બાજુ આવેલા બે કાકડા એ આપણા શરીરની ઉપયોગી ગ્રંથિઓ છે. પ્રસંગોપાત એ સૂજે છે. એ સૂજવાનું કારણ એ છે કે એમનું કાર્ય શરીરનો બગાડ કાઢવાનું હોય છે, જ્યારે એમની ઉપર અતિશય બોજો પડે છે ત્યારે તેઓ સૂજે છે. કલેજું પણ અતિપરિશ્રમથી વધી જાય છે એ જાણીતી હકીકત છે. આ બોજો પડવાનું કારણ અપથ્ય ખોરાકથી શરીરમાં જમા થતાં વિષો ઉપરાંત 'વૅકિસનેશન' અને દવાઓનાં ઝેરો ગણાવી શકાય. એટલે આ ફરિયાદનું મૂળ દૂર કરવાને બદલે દાકતરો વફાદાર ટૉન્સિલોને જ કાપી કાઢવાની સલાહ આપે છે. પણ ટૉન્સિલો કાપી કાઢવાથી કાંઇ શરીરનાં રોગોત્પાદક ઝેરો દૂર થઇ શકતાં નથી. ઊલટો આપણે એક મલોત્સર્ગ કરનાર ઉપયોગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવયવ ગુમાવીએ છીએ. અસંખ્ય દાખલાઓમાં એ જોવામાં આવ્યું છે કે ટૉન્સિલો કાપી કાઢયા પછી ચાર-છ મહિને એડીનૉઇડસ સૂજે છે, કારણ કે ટૉન્સિલોની ફરજો એમને બજાવવી પડે છે. અજ્ઞાન માબાપોને સ્વપ્ને પણ ખ્યાલ નથી હોતો કે ટૉન્સિલો કાપી કાઢવાથી જ એડીનૉઇડસ સૂજ્યા છે. તેઓ તો આ નવા રોગને ઇશ્વરના ઘરની નવી આફત સમજે છે. દાકતર સલાહ આપે છે કે એડીનૉઇડસ પણ કાપી કાઢો. એટલે એમને પણ કાઢી નાખવામાં આવે છે. હવાનો કચરો ગાળી નાખીને એને સાફ કરનારા આ બન્ને અવયવોનો આવી રીતે સર્જ્યનની છરીથી નાશ થવાથી ફેફસાં એ પાછાં અનેક ઉપદ્રવોનું સ્થાન બને છે!

આ રીતે શસ્ત્રવૈદની વાંદરાવિદ્યાથી શરીરમાં અનેક અણધારેલી ઊથલપાથલો થાય છે. એકલા ટૉન્સિલો કાપી નાખવાથી જુદાજુદા માણસોને જુદાજુદા સંજોગોમાં ૬૦ ઉપરાંત દર્દો થાય છે! ટૉન્સિલો કપાવવા જતાં, અવાજ ખોવાથી માંડીને જીવ ગુમાવી બેઠા હોય એવા લોકોનાં દાખલાઓથી તબીબી દફતરો ભરપૂર છે.

'કાકડાના કાર્ય વિષે અમને કશી માહિતી નથી,' એમ કહેવાને બદલે દાક્તરો કહે છે કે આ અવયવો નકામા છે. 'અમને સૂજેલા કાકડા શી રીતે સારા કરવા એ નથી આવડતું' એમ જણાવવાને બદલે તેઓ જણાવે છે કે "એમને કાપી નાખવા એ જ સર્વોત્તમ માર્ગ છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે જે ઑપરેશનો થાય છે, એમાંનાં ઘણાંખરાં કેવળ અર્થલોલુપતાથી થાય છે. એની પાછળ નથી વૈજ્ઞાનિક દૃષ્ટિ કે નથી દર્દીનું કલ્યાણ કરવાની મહેચ્છા.

એક નામીચા સર્જ્યનનો ચોંકાવનારો એકરાર

અમેરિકાના મશહૂર સર્જ્યન ડૉ. જાન. બી. ડેવરે નૉર્થવેસ્ટર્ન મેડિકલ સોસાયટીના સો સભ્યો આગળ ભાષણ આપતાં જણાવ્યું હતું કેઃ "એક વૈદકનો વિદ્યાર્થી સર્જ્યન થતાં સુધીમાં કેટલીયે કબરો ભરી કાઢે છે. મેં પણ આજસુધીમાં સંખ્યાબંધ સ્મશાનો (Graveyards) ભરી કાઢયાં છે, અને છતાંય મારી જાતને સર્જ્યન તરીકે ઓળખાવતો નથી. પણ મેં મારા લાંબા અનુભવથી એ જોયું છે કે ઘણાખરા ઍપેન્ડિસાઇટિસ અને પિત્તાશયની પથરીના કેસોમાં છરીની બિલકુલ જરૂર પડતી નથી."

એજ રીતે ડૉ. ડબલ્યુ. મૅકએવન નામનો અંગ્રેજ સર્જ્યન, જેણે મહાયુદ્ધ પહેલાં ઇંગ્લેંડના બીજા કોઇ પણ સર્જ્યન કરતાં વધુ ઍપેન્ડિસાઇટિસનાં ઑપરેશનો કર્યાં હતાં, એની ઊતરતી ઉમ્મરે આંખો ઊઘડી. ત્યારપછી એ આ પ્રકારનાં ઑપરેશનોનો કટ્ટર વિરોધી થયો. એણે સાથે સાથે એ પણ જાહેર કર્યું કે પાચનક્રિયામાં ઍપેન્ડિકસ ભારે ભાગ ભજવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરી ઑપરેશનો !

પણ વૈદકમાં અચળ વિશ્વાસ ધરાવનારા લોકો પોકારી ઊઠે છે : "કેટલાયે ઑપરેશનો જરૂરી હોય છે, તેનું કેમ ? જો વખતસર છરી ચલાવવામાં ન આવે તો દર્દી સીધો યમસદનમાં પહોંચી જાય છે ! શું આવા દર્દીઓને મરવા દેવા ? શસ્ત્રવિદ્યા શું એમને માટે દૈવી આશીર્વાદ નથી ?"

એવા દર્દીઓ કેટલા હોય છે ? આપણે ગમે તે ઑપરેશન–થીએટરમાં જઇએ, તો દર સોએ નેવું દર્દીઓ એવા હોય છે કે નૈસર્ગિક ઉપાયોથી એમની રોગશાન્તિ થઇ શકે. બાકી રહેલા આશરે દસ ટકાએ જરૂર નસ્તર મુકાવવું જોઇએ. પણ સાથેસાથે આપણે એ પણ જોવું જોઇએ કે એમનો રોગ આટલી ભયંકર દશાએ પહોંચાડનાર કોણ છે ? તપાસ કરતાં જણાઇ આવે છે કે ઝેરી દવાઓ આપી આપીને બિચારા દર્દીઓની આટલી કફોડી હાલત એમના દાકતરોએ જ કરી હોય છે. ચૂંકથી પિડાતા દર્દીનો રોગ સાદા ઉપાયોથી શાંત કરવાને બદલે દાકતરો વારંવાર ઉગ્ર દવાઓ આપીને એને દબાવે છે. વળી કબજિયાત માટે બસ્તિયંત્ર એ સારામાં સારો ઉપાય હોવા છતાં દાકતરો એની અવગણના કરીને, અનેક ઝેરી અને ઉગ્ર દવાઓ જુલાબ માટે આપે છે. પરિણામ એ આવે છે કે થોડાં વર્ષોમાં એ નો એ દર્દી ઍપેન્ડિસાઇટિસનું આપરેશન કરાવવા માટે સર્જ્યનને ત્યાં જાય છે. જો ઑપરેશન સફળ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો જીવે છે, અને નિષ્ફળ જાય તો મરે છે. આ જ રીતે દરેક દર્દીનો ઇતિહાસ તપાસવાથી ખાત્રી થશે કે લગભગ બધા જ દાખલામાં દર્દીની આવી અવદશા કરનાર એનો દવાગાંડો ડાકતર જ હતો.

ચીરવું એ ચિકિત્સા નથી, સોજો એ સડો નથી, વેદના એ વ્યાધિ નથી અને જીવન એ જાદુ નથી, એટલું જ જો દર્દીઓ જાણે અને સમજે તો એમનું ભારે કલ્યાણ થઇ જાય.

અને જે રાજ્યનો કાપવા અને મટાડવા વચ્ચેનો, સડા અને સોજા વચ્ચેનો, વ્યાધિ અને વેદના વચ્ચેનો, અને રોગિષ્ટ અને નીરોગી અવયવ વચ્ચેનો તફાવત સમજી શકતા નથી, તેઓ શરીરશાસ્ત્ર ભણ્યા છે કે ભણેલું ભૂલી ગયા છે એ નક્કી કરવું બહુ મુશ્કેલ છે.

આવી પરિસ્થિતિ હોવાથી જરૂરી ઑપરેશનો જરૂરી અનિષ્ટો (necessary evils) તરીકે લેખાવાં જોઇએ, અને નહિ કે એક દૈવી કે માનુષી આશીર્વાદ તરીકે !

ઑપરેશનોની ફૅશનો

પોતાનો ધંધો ધમધોકાર ચાલુ રાખવા માટે દરજીઓ કપડાંની, મોચીઓ જોડાની, સોનીઓ ઘરેણાંની અને હજામો વાળ કાપવાની ફૅશનો વખતોવખત બદલતા રહે છે. એને લઇને જ ફૅશનેબલ કારીગરો વધુમાં વધુ કમાય છે, જ્યારે રૂઢિચુસ્તો માત્ર ખર્ચો કાઢે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂડીવાદી સંસ્કૃતિના આ સામાન્ય નિયમનો તબીબ
અપવાદ નથી. દાકતરોની દવાઓની અને સર્જનોની નસ
રોની ફેશનોમાં અવારનવાર પલટા આવ્યા જ કરે છે

આજ સુધીમાં ૭૫,૦૦૦ દવાઓ ખોળી કાઢવાર
આવી છે. આ આંકડા ઉપરથી જ દવાઓની ફેશનોનો કંઇ
ખ્યાલ આવશે.

એ જ રીતે ઑપરેશનોની ફૅશનોમાં ફેરફારો થયા
કરે છે.

ઓગણીસમી સદીમાં અને વીસમી સદીમાંય મહાયુ
પહેલાં "સ્ત્રીરોગનિષ્ણાતો" (Female specialists) જો કો
પણ સ્ત્રી કોઇપણ ફરિયાદ લઇને આવે તો તેને તેન
બીજકોષો (ovaries) કાપી કઢાવવાની સલાહ આપતા
લાખો સ્ત્રીઓ ઉપર ચાલેલા આ નિર્દય સંહારનાં પરિણામે
આ રહ્યાં:

જે સ્ત્રીઓએ આવી રીતે પોતાની જાતિ (sex) ગુમાવ
એમાંથી ૭૮ ટકાએ પોતાની સ્મરણશક્તિ ઘણે અં
ગુમાવી. ૬૦ ટકાને ગરમી લાગવાની અને ચકકર આવ્યાં
ફરિયાદ રહ્યા કરતી. ૪૨ ટકાને માનસિક શિથિલતા લાગ
કરતી. ૧૦ ટકા ઘેલછાની લગોલગ પહોંચી. ૭૫ ટકામ
વ.સના ઘટી ગઇ. કેટલાક દાખલાઓમાં એથી ઊંધું જ
બન્યું. ૧૨ ટકા સ્ત્રીઓના અવાજમાં ફેર પડી ગયો. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટકાને અવારનવાર ચામડીના રોગો થયા કરતા. ૨૫ ટકાને ઉગ્ર માથાનો દુખાવો રહ્યા કરતો. ૫ ટકા નિદ્રાનાશથી પિડાતી અને એમાંની ઘણી ખરી છેવટે ગાંડી થઇ જતી.

આ આંકડાઓમાં ગેરસમજ ન થાય, એટલા માટે એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે એક સ્ત્રી એકથી વિશેષ વેદનાઓથી પિડાતી.

લોકોએ આવાં ઑપરેશનોનાં ભયંકર પારણામો જોયાં, એટલે સર્જ્યનોએ ફૅશન બદલી !

સદ્‌ગત શહેનશાહ સાતમા એડવર્ડ ઉપર ઍપેન્ડિસાઇટિસ માટે ઑપરેશન થયા પછી વિલાયતના અમીર ઉમરાવોમાં વર્મિફૉર્મ ઍપેન્ડિકસ કપાવવાની ફૅશન ચાલી ! સિનેમાની કોઇ જાણીતી નટી અમુક ફરિયાદ માટે ઑપરેશન કરાવે એટલે એ ફરિયાદ હોય કે ન હોય તોપણ એના અનેક પ્રશંસકો એ ઑપરેશન કરાવવાના.

આ બધી ધંધાદારી યુક્તિઓથી શ્રીમંત અને મધ્યમ વર્ગ સુધી પહોંચી શકાય. પણ ગરીબો પાસેથી શી રીતે નાણાં ઓકાવવાં ? એ બાબતમાં તો તાજેતરમાં શરૂ થયેલો

ઇટાલીનો કાકડા—યજ્ઞ

આપણું ધ્યાન ખેંચે છે.

ઇટાલીના માંધાતા મુસોલીનીએ ફરમાન કાઢયું છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇટાલીના દરેકે દરેક બાળકના ગળાના કાકડા (Tonsils) કાપી નાખવા !

શ્રીમંત અને મધ્યમ વર્ગનાં બાળકોના કાકડા એમનાં માબાપોને ખર્ચે કપાશે, અને ગરીબોનાં બાળકોના કાકડા કાપવા માટે રાજ્ય તરફથી તબીબોને ફી મળશે. સૌ કોઇ સારી રીતે જાણે છે કે રાજ્યની તિજોરીમાં આકાશમાંથી પૈસાનો વરસાદ વરસતો નથી, એટલે આ રીતે પ્રજા પાસેથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નાણાં ઉઘાવીને તબીબો પોતાના ધંધાને મંદીની અસર લાગવા દેતા નથી.

ઇટાલીના દૃષ્ટાંતે દાકતરો કમાવા માટે, પ્રજાની તન્દુરસ્તીનું કેટલી હદ સુધી સત્યાનાશ વાળી શકે છે એ બતાવી આપ્યું છે.

રોગનિદાનને નામે ઓળખાતું ભયંકર અટકળશાસ્ત્ર

દવાને નામે ઓળખાતું ઝેર માણસની તન્દુરસ્તી સુધારે છે, એવી દાક્તરોની વાહિયાત માન્યતા આપણે દલીલને ખાતર સ્વીકારી લઇએ તોપણ પછી પ્રશ્ન તો એ ઊભો રહે છે કે એ ઝેર કેટલું આપવું, ક્યારે આપવું અને કોને આપવું ?

યોગ્ય ઔષધોપચારને માટે યોગ્ય રોગનિદાનની (Diagnosis) આવશ્યકતા દરેક દાકતર સ્વીકારે છે. તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કબૂલ કરે છે કે જો રોગનિદાન ખોટું થયું હોય તો સારવાર લાભને બદલે નુકસાન કરે.

હાર્વર્ડ યુનિવર્સિટીવાળો ડૉ. કૅબટ જે અમેરિકાનો એક અગ્રગણ્ય રોગનિદાનશાસ્ત્રી ગણાતો, અને જેણે રોગનિદાનશાસ્ત્રી ઉપર અનેક પ્રમાણભૂત મનાતા ગ્રંથો રચ્યા હતા, એ મૅસોચુસેટસ જનરલ હૉસ્પિટલના શવછેદન વિભાગનો (Autopsy Department) વડો હતો.

એણે અમેરિકન મેડિકલ એસોસિયેશન આગળ જાહેર કર્યું હતું કે, એણે જે ૧૦૦૦ કેસોની રોગપરીક્ષા કરી હતી, એમનાં મરણ બાદ એમના દેહો ચીરવાથી એ માલમ પડયું કે એમાંથી ફક્ત ૫૩% કેસોમાં સાચો રોગ માલમ પડયો હતો, બાકીના ૪૭% રોગોમાં દર્દીઓને સાવ બીજી જ દવાઓ પિવડાવવામાં આવી હતી!

આ ૫૩% માંથી હૃદયના વાલ્વના રોગો, ન્યુમોનીઆ વિ. તો કોઇપણ બુદ્ધિશાળી નર્સ સ્ટેથૉસ્કોપથી અથવા તો એની મદદ વિના પણ પારખી શકે. એટલે જો આવા સાદા કેસો ગણવામાં ન આવે તો ભૂલોનું પ્રમાણ ઘણું મોટું આવીને ઊભું રહે.

એણે કરેલા રોગનિદાનમાં માયોકારડાઇટિસમાં ૨૨%, તીક્ષ્ણ પેરિકારડાઇટિસમાં ૨૦%, અને તીક્ષ્ણ મૂત્રપિંડના વરમમાં (Acute Nephritis) ૧૬%જ કેસોમાં એની રોગપરીક્ષા સાચી હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉ. હોર્સ્ટ ઇરટેલ, ડાયરેકટર ઑફ રસેલ સેજ ઇન્સ્ટિટયુટ ઑફ પૅથૉલોજી, જણાવે છે કેઃ—"કુશળ રોગનિદાનશાસ્ત્રી (Dignostician) ના હાથે પણ કેટલાક દેખીતા રોગોમાં ૭૫% ઉપરાંતના કેસોમાં સાચી પરીક્ષા થાય છે. ઘણા મહત્ત્વના રોગો ૫૦% ની નીચેના કેસોમાં પરખાય છે. જયારે કેટલાક રોગોમાં તો સાચી પરીક્ષાનું પ્રમાણ ૨૫% નીચે છે."

હવે જરા ખ્યાલ કરો. ડૉ. કેબટ જેવો સર્વોત્તમ રોગનિદાનશાસ્ત્રી, જે વિજ્ઞાનના રોગપરીક્ષાના છેલ્લામાં છેલ્લા અને કિંમતીમાં કિંમતી સાધનોથી સજ્જ થયેલો છે, એ પણ જો અડધોઅડધ કેસોમાં ખોટી રોગપરીક્ષા કરે તો સર્વોત્તમ દાક્તરો દર ચાર કે પાંચ કેસમાં એકાદ કેસમાં સાચા પડતા હશે. અને સેંકડો સામાન્ય પ્રૅક્ટિશનરો દર દસ કેસે એકાદ કેસમાં બરાબર રોગ પારખી શકતા હશે.

જેમને આ બાબતમાં સહેજ પણ શંકા હોય એમણે એકાદ રોગીને લઇને દસ જુદા જુદા દાકતરો પાસે રોગ પરખાવી જોવો. હું એક એવો કિસ્સો જાણું છું કે જેમાં દર્દીએ ૨૫ જાણીતા દાકતરોને પોતાનું શરીર બતાવ્યું હતું અને એ પચીસે જણે સાવ જુદા જુદા રોગો પારખી આપ્યા હતા !

દાકતરોનું આ બધું અવૈજ્ઞાનિક વિજ્ઞાન અતિશય રમૂજી છે. પણ જ્યારે આપણે વિચાર કરીએ છીએ કે એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઓનાં ઝેરો, રસીઓની ગંદકી અને છરીના સંહારના, બિચારા સાવ નિર્દોષ દર્દીઓ ભોગ થઇ પડે છે, ત્યારે આપણું હાસ્ય હવામાં ઊડી જાય છે,

જ્યારે ડૉ. કેબટે અમેરિકન મેડકલ એસોસિયેશન આગળ પોતાનો ચોંકાવનારો એકરાર કર્યો ત્યારે પોતાને સર્વજ્ઞ માનનારા અમેરિકાના બધા દાકતરોને માથે વીજળી પડી ! એ અરસામાં એક મશહૂર વૈદકપત્રના* તંત્રી ડૉ. સી. એલ. વ્હીલરે પોતાના છાપામાં લખ્યું: "અમેરિકાનો દરેકે દરેક દાક્તર ઊંટવૈદ છે. અને તેમ બન્યા વિના એનો છટકો નથી ! ફક્ત સામાન્ય લોકો જ આ સાંભળીને આશ્ચર્યચકિત થશે. દાક્તરો જાણે છે કે અમે બધા ઓછેવત્તે અંશે ઊંટવૈદો છીએ. અમારી ઘણી રોગપરીક્ષાઓ કેવળ અટકળો હોય છે. અને એનાથીય ભૂંડી હકીકત અમે સૌ જાણીએ છીએ કે: આ પરિસ્થિતિમાંથી અમારો કોઇ આરો નથી, કારણ કે અમારા હાથ બાંધી લેવામાં આવ્યા છે."

તારણહાર જેનર

આજથી આશરે સવાસો વર્ષ ઉપર જેનર નામના ઇંગ્લેંડના એક વૈદ્યે જાહેર કર્યું કે ગાયનું પરુ માણસના શરીરમાં દાખલ કરવાથી એને શીતળા સામે રક્ષણ આપી શકાશે.

*The New York Journal of Medicine

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેટિરિયા મેડિકા સમા વહેમોના ઉકરડામાં આ એ
અજબ શોધનો ઉમેરો થવાથી દાક્તરો ખુશખુશ થઇ ગય
પોતાના ધંધાબંધુની આ શોધ (?) વિષે એમણે ખુ
શોરબકોર મચાવ્યો. જેનર મનુષ્યજાતિનો તારણહાર મનાઇ

એના જમાનામાં આજને હિસાબે શરીરશાસ્ત્ર
રોગશાસ્ત્રનું જ્ઞાન શૂન્યવત્ હતું. શીતળા શાથી થાય
એની દાક્તરોને ખબર નહોતી. એને મટાડતાં એ
આવડતું નહોતું. એને અટકાવવાનો એકે ઉપાય એમ
હાથમાં નહોતો.

આંધળો માણસ સાપને દોરડું માની બેસે, એ
રીતે દાકતરો માની બેઠા કે શીતળાના કોયડાનો આખ
ઉકેલ આવી ગયો છે. અને ફરજિયાત શીતળાની રસી
મુકાવવાનો કાયદો દરેકે દરેક સુધરેલા દેશમાં પસાર થ

શીતળાના ભયથી ધ્રૂજતી પ્રજા, સહેજે સંકોચ કે વિચ
વિના આ હડહડતું જુઠાણું ગળી ગઇ.

પણ ન્યાયને માટે જ જીવનારો અને મરનારો લિ
કહી ગયો છે તેમ : "બધા લોકોને કાયમને માટે છે
શકાતા નથી" આ બાબતમાં પણ એમ જ બન્યું !

શરૂઆતમાં આ પ્રથાના ઉત્સાહી હિમાયતીઓ કહે
કે : 'જિંદગીમાં એક વખત માણસ જો શીતળાની રસી ટંકા
તો એને આખી જિંદગીમાં કદી શીતળા નીકળતી જ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે શીતળા ટંકાવેલાઓને પણ શીતળા નીકળવા માંડી, ત્યારે તબીબી આલમના વડેરાઓએ હુકમ છોડયો : 'દર ત્રીસ વર્ષે આ રસી ટંકાવો.' પછી ત્રીસનાં વીસ, વીસનાં દસ, દસનાં સાત અને સાતનાં પાંચ વર્ષ થયાં ! હવે એમ જણાવવવામાં આવે છે કે : 'દર ત્રણ વર્ષે અને જ્યારે જ્યારે શીતળાનો ઉપદ્રવ હોય ત્યારે ત્યારે દરેક માણસે આ રસી ટંકાવવી જોઇએ.'

આ બધી કેવળ પોકળ ગણત્રીઓ છે. જે લોકોએ પોતાની આખી જિંદગી વૅક્સિનેશન કરવામાં ગાળી છે, એમને પણ છેવટે એ નિર્ણય ઉપર આવવું પડયું છે કે વૅક્સિનેશન એ એક ભયંકર ભ્રમ છે. અનુભવ તો સૌને સરખો થાય છે. પણ માત્ર પ્રામાણિક દાકતરો જ પ્રજા આગળ સાચી હકીકત રજૂ કરે છે.

ડૉ. ડબલ્યુ જે. સી. વૉર્ડ. એમ. આર. સી. એસ કહે છે: "હું માનતો હતો કે વૅક્સિનેશનથી શીતળા અટકે છે. હું માનતો હતો કે એ રસીથી જો શીતળા નહિ અટકતી હોય તો એના હુમલાને નબળો કરી નાખતી હશે, અને હું ધારતો હતો કે જો વૅક્સિનેશન વારંવાર કરાવવામાં આવે તો એનાથી સંપૂર્ણ સંરક્ષણ મળે છે. પણ અનુભવે મારા મગજના આ બધા ભ્રમોનો ભાંગીને ભુક્કો કરી નાખ્યો છે. જે લોકોએ બળિયા ટંકાવ્યા હોય એમને શીતળા થતી મેં જોઇ છે, અને જેમણે વારંવાર શીતળાની રસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટંકાવી હોય એમને પણ શીતળા નીકળતી મેં જોઇ છે. મેં એવાય લોકો જોયા છે કે જેમને એકવાર શીતળા નીકળી ગઇ હોય, છતાંય બીજી વખત એમની ઉપર એ જ રોગનો હુમલો થયો હોય, અને એનાથી એ મુવા હોય."

ડૉ. હેન્સેલ, જે જર્મન સૈન્યમાં સર્જન હતો, એણે સૉલ્ટ લેક સિટીમાં ઇ. સ. ૧૯૦૦ ની સાલમાં એક જાહેર ભાષણ આપતાં જણાવ્યું હતું કે: "ઇ. સ. ૧૮૮૮ ની સાલમાં જ્યારે હું સ્ટ્રૅસબર્ગમાં હતો, ત્યારે મારા હાથ નીચે બળિયાના ૨૦૦૦ કેસ હતા. દરેક જણને ત્રણ ત્રણ વખત સફળતાપૂર્વક શીતળાની રસી મૂકવામાં આવી હતી. મેં પોતે સાત વખત સફળતાપૂર્વક શીતળાની રસી મુકાવી હતી. છતાંય મને આ રોગ લાગુ પડયો, અને એને લઇને હું પાંચ અઠવાડિયાં પથારીવશ રહ્યો. રસી મૂકવાથી પાકી ઊઠેલા ત્રણ જણના હાથ કાપી નાખવા પડયા. રસીના ઝેરથી જેમનાં શરીર પાયમાલ થઇ ગયાં હતાં એવા ચાર જણને લશ્કરમાંથી રજા આપવામાં આવી.... જ્યારે બધી બરાકો બરાબર ચોખ્ખી કરવામાં આવી ત્યારે જ આ રોગનો ઉપદ્રવ અટકયો."

યુનિવર્સિટી ઑફ ઇલીનૉઇસના મેડિકલ ડિપાર્ટમેન્ટના ડીને કબૂલ કર્યું કતું કે એણે એની જિંદગીમાં સોળ વખત શીતળાની રસી મુકાવી હતી, છતાંય એને બે વખત શીતળા નીકળી હતી!!!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેડિકલ સાયન્સના સિદ્ધાંતો કેટલા હવાઇ હોય છે, એનો આ એક સુંદર પુરાવો છે!

સવાસો વર્ષ સુધી ફરજિયાત રસી દેશે દેશમાં દાકતરોએ મૂકી, અનેક રોગો ફેલાવ્યા અને હજારો નિર્દોષ બાળકોનો નાશ કર્યો.

આટલું કર્યા પછીયે તબીબી ધંધાના આગેવાનો આજે પણ એ હજી ખાત્રીપૂર્વક નથી કહી શકતા કે આ રસીથી ફાયદો થાય છે કે નુકશાન, કેટકેટલા વખતને અંતરે એ મુકાવવી, બાળકોના દેહમાં કેટલાં કાણાં પાડવાં, અને કેટલું પરુ પૂરવું! આ બધી બાબતો વિષે આ રસી શોધાઇ ત્યારે તેઓ જેટલા અંધારામાં હતા એટલા જ અંધારામાં આજે છે.*

રસી શી રીતે તૈયાર થાય છે?

આ ગંદા પદાર્થથી લોકો ઘૃણા પામીને દૂર ન ભાગે એટલા માટે દાકતરો એને 'રસી' 'દૂધ' 'લીમ્ફ' અને એવાં જ બીજાં રૂપાળાં નામોથી ઓળખાવે છે.

આ રસી તૈયાર કરવા માટે નાના વાછડાઓને મજબૂત રીતે બાંધવામાં આવે છે. પછી એમનાં પેટ ઉપર ચીરા મૂકી, અંદર પરુ મૂકી એ ચીરાઓને પકવવામાં આવે છે.

* જુઓ : Report : Rolleston Committee. 1928.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જનાવરના બધા ઘા પાકી ઊઠયા પછી એમાંથી સડેલુ લોહી, ગંધાતું પરુ અને બીજો કચરો ખોતરી ખોતરીને એકઠો કરવામાં આવે છે, અને પછી આ બધા મસાલા ભેગું ગ્લિસેરિન મેળવીને એને બાળકોના નીરોગી દેહમાં ઠાલવવામાં આવે છે. કહેવાની જરૂર નથી કે પેલાં નિરાધાર પ્રાણીઓ તો રિબાઇ રિબાઇને મરી જાય છે.

આ જંગલી વહેમથી શીતળા અટકતી નથી એટલું જ નહિ પણ એના ઝેરથી સેંકડો બાળકો મરી જાય છે. આ જીવલેણ રસીથી ક્ષય, સિફિલિસ, કૅન્સર, કંઠમાળ અને ખરજવા જેવા રોગો સુધરેલી દુનિયામાં પૂર ઝડપથી ફેલાઇ રહ્યા છે.

જો એક એવો કાયદો પસાર કરવામાં આવે કે દેશની દરેક દરેક વ્યક્તિએ ચમચી ચમચી પરુ ફરજિયાત ચાટી જવું, તો લોકોમાં હાહાકાર મચી રહે! છતાંય આવો કાયદો 'વૅક્સિનેશન' કરતાં ઘણો ચઢિયાતો છે. કારણ કે એ પરુનો નાશ આપણા પાચક રસો કરી નાખે અને બધે એટલું લોહીને સ્વચ્છ રાખે. જ્યારે 'વૅક્સિનેશન'થી તો પરુ બારોબાર લોહીમાં જાય છે. જ્યાં એના નાશ માટે કોઇ યોજના નથી.

ઍલોપૅથીની એક ભારે ખૂબી તો એ છે કે એ દરેક રોગના જે ઉપાયો ખોળે છે એ ઉપાયો ખુદ રોગ કરતાં અનેકગણો ફેર વર્તાવે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"છેલ્લાં ૨૧ વર્ષમાં, ૫ વર્ષની નીચેનાં ફક્ત ૬૦ બાળકો શીતળાથી ઇંગ્લેન્ડ અને વેલ્સમાં મરી ગયાં છે. જ્યારે એટલા જ વખતમાં વકિસનેશનથી ૨૦૨ બાળકો મરી ગયાં છે."

બ્રિટિશ પાર્લામેન્ટના દફતરમાંથી રજૂ કરવામાં આવેલા આ આંકડાઓનો એક જ અર્થ હોઇ શકે, અને તે એ કે 'રોગ કરતાં ઉપાય ઓછામાં ઓછો ત્રણગણો ભયંકર છે.'

આ રસીના વિરોધીઓ કોણ છે ?

આ ધતિંગ શરૂ થયું ત્યારથી જ કોઇ પણ પ્રતિભાશાળી માણસ ઉપર એ પોતાનો પ્રભાવ પાડી શક્યું નથી.

એના વિરોધીઓમાં 'વકિસનેશન'ના જ જગમશહૂર સ્પેશ્યાલિસ્ટો, ડૉ. ચાર્લ્સ કેઇઘટન, સર ડબલ્યુ જે કોલિન્સ, પ્રો. કૂઇક શેન્ક અને ડૉ. હૉડવેન છે. એ ઉપરાંત મૅકફૅડન જેવા શરીરવિકાસકો, ગાંધીજી જેવા સંતો, ગ્લેડસ્ટન, લૉર્ડ સૅલિસબરી, લૉર્ડ શેફ્ટસબરી અને બિસ્માર્ક જેવા રાજદ્વારીઓ, ઍલેકઝાન્ડર વૉન હુમ્બોલ્ટ, ડબલ્યુ. ટેબ, અને ઍલ્ફ્રેડ રસેલ વૉલેસ જેવા વૈજ્ઞાનિકો, જૉન સ્ટુઅર્ટ મિલ અને હર્બર્ટ સ્પેન્સર જેવા તત્ત્વચિંતકો, સર થોમસ વૉટસન જેવા તબીબો અને બર્નાર્ડ શા જેવા જગતવંદ્ય સાહિત્યકારો ઉપરાંત સેંકડો ઓછાવત્તા જાણીતા વિચારકો છે.

આ લોકો જૂઠા છે એમ કોઇ સાબિત કરી શક્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, કારણ કે તે અશકય છે. 'વૅકિસનેશન'ના હિમાયતીએ આ લોકો અસ્તિત્વ જ ન ધરાવતા હોય એમ માનીને વાતે કર્યે જાય છે.

આ પ્રતિભાશાળી પુરુષો ઉપરાંત લાખો સમજુ માબાપોન

વિરોધનું પરિણામ

એ આવ્યું છે કે આ પ્રથાને ટકાવી રાખવાના દાક્ત રોના કાળજાતૂટ પ્રયત્નો છતાં, દુનિયામાંથી વૅકિસનેશ ધીમેધીમે નાબૂદ થતું ચાલ્યું છે.

ઑસ્ટ્રેલિયામાં બિલકુલ વૅકિસનેશન નથી. ઇંગ્લૅન્ ડ સ્વિટઝરલૅન્ડ અને હોલૅન્ડની સરકારોએ ખાસ કમિશ્ન બેસાડી એનાથી ફેલાતા રોગો વિષે ખાત્રી થતાં, ફરજિયા વૅકિસનેશન નાબૂદ કર્યું છે. અમેરિકામાં કૅલિફૉર્નિયા, ઉ વ. સ્ટેટોએ તેમ જ શિકાગોની મ્યુનિસિપાલિટીએ પણ એ મુજબ કર્યું છે. લીગ ઓફ નેશન્સનો રિપોર્ટ પણ એને એ રોગવર્ધક પ્રથા તરીકે જાહેર કરે છે.

ખુદ આપણા દેશમાં, અનેક શહેરો અને કસ્બાઓ મ્યુનિસિપાલિટીઓએ ફરજિયાત વૅકિસનેશન નાબૂદ કર માટે સરકાર ઉપર અરજીઓ મોકલી આપી છે.

એ જમાનો બહુ ઝડપથી આવી રહ્યો છે કે જ્યા જેનર પિડાતી માનવજાતિનો તારણહાર નહિ મનાય, પ ઊંટવૈદોનો શિરોમણી ગણાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું આ વિષય ઉપર એક સ્વતંત્ર પુસ્તક લખી રહ્યો છું, એમાં 'વૅકિસનેશન' વિષે વિગતવાર ચર્ચા કરી છે.

હવે આગળ વધતાં પહેલાં

'મેડિકલ સાયન્સ'નો થોડોક ઇતિહાસ

જરા જોઇ લઇએ. એ જોવાથી અત્યારની તબીબી પદ્ધતિ વિષેનો આપણો ખ્યાલ વધારે સ્પષ્ટ થશે.

એક વિદ્વાનનું વચન છે કે : "કોઇ પણ ધંધાને બરાબર સમજવો હોય તો તમે તેના ઇતિહાસ તરફ જુઓ."

કમનસીબે ઘણાખરા દાકતરો પોતાના જ ધંધાના ઇતિહાસ વિષે સાવ બિનવાકેફગાર હોય છે.

જુલિયસ સીઝરના જમાનામાં, દાકતરોને રોમન શહેરોમાં પ્રૅકિટસ કરવાની છૂટ નહોતી, એટલે તેઓ શહેરના દરવાજાની બહારની બાજુએ પોતાની ચમત્કારિક દવાઓ લઇને બેસતા અને ત્યાં આગળ આવતા રોગીઓને એ ખાવાપીવા માટે આપતા. આ દવાઓમાં મરેલાં દેડકાં, શબની સૂકવણીનું ચૂર્ણ, બુઢ્ઢા માણસનો પેશાબ અને રજસ્વલાનાં નાવણ જેવી અનેક ભાતીગળ વાનીઓ રહેતી.

ત્યારપછી આપણે મધ્યયુગમાં જઇએ તો ચારે બાજુએ નજર નાખતાં અનેક ચિત્રવિચિત્ર ઉપાયો ચાલી રહેલા જણાય છે, એમાં "ડાકણની કઢી"–"Witches broth" નામનો ઉપાય સૌ રોગોને મટાડે છે. આ ડાકણની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઢીમાં અનેક ઔષધો નાખવામાં આવ્યાં છે. એમાંનું એક ઔષધ એ છે કે : 'બાળકના ખૂનીનું અમાસની રાત્રે લીધેલું લોહી !'

ટયુડરોના વખતમાં ઇંગ્લૅન્ડમાં વપરાતી કેટલીક અતિ કિંમતી અને અતિ ગુણકારી દવાઓની બનાવટમાં મરેલા બ્રિટિશ ગુનેગારોનું લોહી વપરાતું !

અને શેકસ્પીઅરના વખતમાં વિલાયતના દાકતરો ઇજિપ્શિયન મમી (દાટેલું મુડદું) ની સૂકવણીનો ભુક્કો દરેકે દરેક રોગ ઉપર ફરમાવતા.

ચાલો હવે સત્તરમી સદીમાં.

સત્તરમી સદીની બ્રિટિશ ફાર્માકોપીઆ ખોલીએ તો અનેક પાંડિત્યપૂર્ણ પ્રિસ્ક્રિપ્શનો અમારી નજરે ચઢે છે. એમાં હજારો અકલ્પ્ય ઔષધો વાપરવામાં આવ્યાં છે. થોડાંકનાં નામ જોઇએ :

કરચલાંની આંખો, છૂંદેલી શરીર ઉપરની જૂ, દેડકાંની ભસ્મ, માણસનો ઝાડો, ઊંદરની લીંડીઓ; મગર, કૂતરાં અને હંસની વિષ્ટાઓ, લીલ ઊગેલી માણસની ખોપરી, હલાલ કરેલાં આંધળાં કુરકુરિયાં અને ચોમાસાનાં અળસિયાં ! ! !

વસ્તુ જેમ ગંદી ને ઘૃણાસ્પદ હોય એમ એ વધુ ગુણકારી ગણાતી. એ જ રીતે વસ્તુ જેણ વધુ અપ્રાપ્ય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધુ મોંઘી એમ એને ઔષધોમાં મહત્ત્વનું સ્થાન મળતું. સોનું, મોતી, અંબર, ઇજિપ્શિયન મમી અને હાથીદાંત એ દરેકમાં હજારો રોગો મટાડવાની શકિત છે એમ મનાતું !

અનેક નામાંકિત દાકતરોએ એ વાત વારંવાર કહી છે કે ઓગણીસમી સદીમાં યુદ્ધોથી જેટલા માણસો મર્યા છે, એથી વધુ માણસો રક્તપાતથી (Bleeding) દાકતરોએ માર્યા છે.

ઓગણીસમી સદીમાં અને એ પહેલાંયે ઘણા રોગોમાં દાક્તરો દર્દીની નસ ખોલીને એનું લોહી વહેવડાવતા. આ ઘાતકી પ્રથાથી બેસુમાર દર્દીઓ મરતા.

આ સદીમાં જેને ક્ષય થાય એને મોતની સજા થઇ છે એમ માનવામાં આવતું. દાક્તરો ક્ષયના દર્દીઓને બંધ બારીબારણાંવાળા ઓરડાઓમાં ગોંધી રાખતા અને એમને ખુલ્લી હવાથી ચેતતા રહેવાનું ફરમાવતા ! દાક્તરોના આવા ભયંકર અજ્ઞાનને પરિણામે ક્ષયના દરેક દર્દીનું અચૂક મરણ નીપજતું.

અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સના કેન્ટુકી નામના પરગણામાં એક મોટી પાતાળગુફા આવેલી છે. એની અંદરના ઊંડા અંધારા ભાગમાં પથ્થરનાં નાનાં નાનાં ઘરો બાંધેલાં છે. આ ઘરોમાં એક પ્રકાશનું કિરણ કે પવનની લહરી ન આવી શકે એને માટે ખાસ કાળજી રાખવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઘરો આજથી ૬૦ વર્ષ ઉપર જ અમેરિકાના એ જાણીતા દાકતરે, પોતાના ક્ષયના દર્દીઓને રાખવાના સૅનિ ટેરિયમ તરીકે બંધાવેલાં ! જેટલા કમનસીબ દર્દીઓ અ અંધારી ગુફાની અંદર પેઠા, એમાંનો એકે જીવતો પાછો નીકળ્યો નથી. "વિજ્ઞાન"ને નામે ઓળખાતા ભણેલા અજ્ઞ નના એ બિચારા ભોગ બન્યા હતા.

જુદાજુદા પ્રકારના તાવથી પિડાતા દર્દીઓને પાણ પીવાની દાકતરો તરફથી સખ્ત મનાઇ થતી. પરિણામે અસં દર્દીઓ તરફડી તરફડીને મરતા.

અને આ બધી કતલ જે લોકો વૈજ્ઞાનિકો હોવાં ઢોંગ કરતા હતા એમને હાથે થયેલી છે.

જ્યારે આજે !

આજે પણ વૈદક એ શાસ્ત્રીય કે સંસ્કારી ધંધો નથ આજે પણ દાકતરો એટલા જ વહેમમાં ડૂબેલા છે. આ પણ એમની સારવાર એટલી જ જંગલી છે.

જમાનો પલટાયો એટલે જૂના વહેમો જઇને ન આવ્યા છે. દરેક વહેમને એમણે એક વૈજ્ઞાનિક નામનો બુરખો ઓઢાડયો છે, અને એને વિષે તેઓ સતત વૈજ્ઞાનિક લવ કર્યા કરે છે.

સિરમ્સ, વૅકિસન્સ, અને એન્ટિ–ટૉકિસન્સ !!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સડેલા લોહી અને ગંધાતાં પાચપરુ જેવા ઘૃણાસ્પદ પદાર્થોને ઢાંકવા માટે દાક્તરોએ કેવાં સુંદર નામો શોધી કાઢયાં છે!

જેટલી આંધળી આસ્થાથી રોમન દાક્તરો પોતાના દર્દીઓને બુઢ્ઢા માણસોનો પેશાબ પિવડાવતા, એટલી જ અંધશ્રદ્ધાથી આપણા જમાનાના થોકડાબંધ ડિગ્રીઓવાળા 'વિદ્વાન' દાક્તરો કહોવડાવેલા લોહીનાં, સડેલા પરુનાં, અને લાખો જીવજંતુઓ વાટીઘૂંટીને તૈયાર કરેલા છૂંદાનાં ઇન્જેકશનો પોતાના દર્દીઓને આપે છે. મધ્ય યુગના દાક્તરોને જેટલી શ્રદ્ધા ચીતરી ચઢાવે એવા ઉપાયોના ચમત્કારિક ગુણો માટે હતી, એટલી જ આસ્થા આજે આ મેલી વિદ્યાના ઉપાસકોને, એમના વિવિધ પ્રકારના વિષપ્રયોગોમાં, ઘૃણાસ્પદ રસીઓમાં, ખૂની ઑપરેશનોમાં અને ગોઝારા ાવિવિસેકશનમાં છે.

પણ એમને એટલાથી સંતોષ નથી. પોતાની દરેક જંગલી શોધને તેઓ ફરજિયાત કાયદામાં ફેરવી નાખવા માટે રાત દિવસ મથી રહ્યા છે.

એક પુરાણા વહેમનો પુનરુદ્ધાર

જૂના જમાનાથી લોકો માનતા આવ્યા છે કે દરેક રોગ દેવોની અવકૃપાથી કે પછી ભૂતપ્રેતના વળગાડથી થાય છે. આ માન્યતા દરેક દેશમાં હતી. આપણાં પુરાણોમાં અને વૈદકનાં પ્રાચીન પુસ્તકોમાં પણ આ મતને પુષ્ટિ આપનારા લખાણો મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ વૈજ્ઞાનિક યુગમાં આવા ધાર્મિક વહેમો શી રીતે ટકી શકે? એટલે આ જમાનાને અનુકૂળ એવા વૈજ્ઞાનિક વહેમો પાશ્ચુર નામના પંડિતે શોધી આપ્યા.

એણે જાહેર કર્યું કે દરેક રોગ વિશિષ્ટ (specific) ભૂતપ્રેતની ઝોડઝપટથી નથી થતો, પણ દરેક વિશિષ્ટ જીવ-જંતુના વળગાડથી થાય છે. એણે શોધેલાં ભૂતો પણ અદૃશ્ય જ છે. માત્ર આ નવાં ભૂતોને કોઇપણ માણસ સૂક્ષ્મદર્શક યંત્ર મારફતે જોઇ શકે છે!

ઇ. સ. ૧૮૬૦ ની સાલ સુધી રોગનું કારણ શું છે એ દાક્તરો જાણતા જ નહોતા. તેમ જ તેઓ આજે પણ જાણતા નથી. એમની બધી દવાઓ તેઓ એક જ હેતુ માટે વાપરતા અને તે રોગનાં લક્ષણો દબાવી દેવા!

એટલે તેઓ પાશ્ચુરના જંતુવાદ તરફ તુર્ત જ આકર્ષાયા, અને એને વિષે પૂરતી તપાસ કર્યા વિના એને વળગી પડયા.

આ રીતે રેતીમાં ખડી કરેલી દંવાવાદની ઇમારતને જંતુવાદનો પાયો મળ્યો.

જંતુવાદ વિષે મેં વિગતવાર ચર્ચા "નિસર્ગોપચારઃ વિચાર અને વ્યવહાર" એ પુસ્તકમાં કરી છે. એટલે અહીં એનું પુનરાવર્તન કરતો નથી. પણ એ એક ઐતિહાસિક સત્ય છે કે 'જંતુઓ નીરોગી માણસને રોગી બનાવી શકે છે' એ માન્યતા એક વૈજ્ઞાનિક સિદ્ધાંત છે, એવુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજ સુધી એક પણ દાખલામાં નિર્વિવાદપણે સિદ્ધ થયું નથી.'

છતાંય દાકતરો એમની હમેશની ટેવ મુજબ આ આસદ્ધ સિદ્ધાંતમાં અંધ શ્રદ્ધા રાખી રહ્યા છે.

જો જંતુવાદ એ એક વાહિયાત વાદ હોય તો એના ઉપર વિશ્વાસ રાખીને ખડી કરેલી સિરમ થીરપી, ને વૅકિસન થીરપી જેવી થીરપીઓ નિષ્ફળ જવા જ સર્જાયલી છે. કોકના ટ્યુબરકયુલીનની નિષ્ફળતા જગજાહેર છે. બીજી અનેક રસીઓ તદ્દન નિષ્ફળ નીવડી છે. પણ એ નિષ્ફળતા જો જાહેર થાય તો આ રસીઓ બનાવનાર કંપનીઓ અને રસીઓ મૂકનાર દાકતરોનાં ખિસ્સાં ઉપર કાપ પડે. એટલા માટે આ નિષ્ફળતાઓ ઢાંકી રાખવામાં આવે છે. એટલું જ નહિ પણ એ સફળ થઇ છે એવું જૂઠાણું ચલાવવામાં આવે છે.

હડકવા ના 'અકસીર ઉપાય' તરીકે સિદ્ધ થએલી (?) પાશ્ચુરની હડકવાની રસીનો જ દાખલો લઇએ. આ રસીને 'વિજ્ઞાનની એક અપૂર્વ શોધ' 'વૈદકશાસ્ત્રનો અદ્દભુત ચમત્કાર' 'પાશ્ચુરની મહાન સિદ્ધિ' અને એવાં એવાં જ રોમાંચક નારો દાકતરો તરફથી આપવામાં આવ્યાં છે.

એને માટે ગમે એટલાં ગપ્પાં હાંકવામાં આવ્યાં હોય, તોપણ એ તો એક દીવા જેવી હકીકત છે કે એ રસી જ્યારથી શોધાઇ ત્યારથી આજસુધીમાં એણે એક પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિંદગી બચાવી નથી. જ્યારે એનાથી સેંકડો મુવા છે એ નિર્વિવાદ છે.

સાચા હડકવાના કેસો બહુ ઓછા બને છે. હડકાયું કૂતરું કરડયા પછી પણ દરેકે દરેક વ્યકિતને હડકવા લાગુ નથી પડતો. કેટલાક બચી જાય છે, કેટલાકને એ લાગુ પડે છે.

પાશ્ચુરે કે એના ચેલાઓએ હડકવા લાગુ પડી ગયા પછી એક પણ વ્યકિતની સારવાર કરી નથી, કે એક પણ વ્યક્તિની જિંદગી બચાવી નથી. તેઓ તેમની રસી હડકવા શરૂ થયા પહેલાં મૂકતા. જ્યારે દર્દી બચી જતો ત્યારે એ રસીના ગુણ ગાતા, અને મરી જતો ત્યારે એમ કહેતા કે રસી વખતસર મુકાઇ નથી. ઘણા લોકો કે જેમને તદ્દન નિર્દોષ કૂતરાં કરડયાં હોય તેઓ પણ ભયના માર્યા જ્યારે આ રસી મુકાવતા અને રસીના ઝેરથી જ એમનું મરણ નીપજતું ત્યારે એમ કહેવામાં આવતું કે કૂતરું હડકાયું હતું!

આ રસીએ હડકવાથી થતાં મરણપ્રમાણમાં કશો જ ઘટાડો કર્યો નથી, છતાંય એ 'હડકવાના અકસીર ઇલાજ' તરીકે જગમશહૂર થઇ છે.!

વિવિસેકશન

વિવિસેકશન માટેનું પ્રજાનું અજ્ઞાન ગજબ છે. યુનિવર્સિટીના પદવીધરો અને બહુશ્રુત મનાતા વાંચકો પણ આ શબ્દ સાંભળીને ચકિત થાય છે, અને પૂછે છે કે: 'એ વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું ?' આખી ગૂજરાતી ભાષામાં ફક્ત બે જ લેખકોએ એને માટે થોડુંક લખ્યું છે. પૂ. ગાંધીજીએ અને કાકાસાહેબ કાલેલકરે.

વિવિસેકશન એટલે મનુષ્ય કે મનુષ્યેતર પ્રાણી ઉપર, એના પોતાના હિત માટે ન થતા હોય, પણ પ્રયોગકર્તાનું કુતૂહલ કે ક્રૂરતાનો શોખ તૃપ્ત કરવા માટે થતા હોય એવા ઘાતકી પ્રયોગો.

આ પ્રકારના પ્રયોગો વૈદકના વિદ્યાર્થીઓ આગળ જૂના જ્ઞાનના સ્પષ્ટીકરણ માટે, અથવા તો નવું જ્ઞાન, જેને માનવીના રોગો સાથે કાંઇ સંબંધ હોય કે ન હોય તે, મેળવવા માટે, કે પછી ઘાતકી ગમ્મત મેળવવા કે ક્રૂરતાનો શોખ પૂરો પાડવા માટે થાય છે.

વિવિસેકશનમાં જીવતાં જનાવરોને ચીરવાના, ચૂંથવાના, બાળવાના, ઉકાળવાના, શેકવાના, થીજવી નાખવાના, અને ભૂખે તેમ જ તરસે રિબાવી રિબાવીને મારવાના પ્રયોગો આવી જાય છે.

વિવિસેકશન વિષે વિવિસેકટરોએ જ લખેલા ગ્રંથો વાંચતા જે પ્રયોગોના કમકમાટી છૂટે એવાં વર્ણનો વાંચવાનાં મળે છે, એમાંનાં થોડાંક પ્રયોગો નીચે મુજબ છે.

જીવતાં અને સંપૂર્ણ શુદ્ધિ ધરાવતાં કૂતરાં, બિલાડાં, સસલાં વ. પ્રાણીઓને લોખંડી પાંજરાંઓમાં પૂરી એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેથી ધીમે ધીમે ટેમ્પરેચર વધારવામાં આવતું અને એમાં પુરાયલાં કમનસીબ પ્રાણીઓ સંપૂર્ણ રીતે શેકાઈને કોલસા જેવાં ન થઇ જાય ત્યાં સુધી આ પ્રયોગ ચાલ્યા કરતો! એ જ રીતે જુદાં જુદાં પ્રાણીઓને પૂરીને પાછું ટેમ્પરેચર ઘટાડી શૂન્યની નીચે લાવી દેવાતું. જેથી અંદર પૂરેલાં પ્રાણીઓનાં શરીરો લાકડા જેવાં થઇ જાય. વિવિસેક્શનના બીજા એક પ્રયોગમાં જીવતાં કૂતરાં, બિલાડાં કે સસલાં ઉપર પેટ્રોલ ઢોળી એને સળગાવવામાં આવે છે અને એનું આખુંયે શરીર સળગીને સદંતર નાશ ન પામે ત્યાં સુધી એનું અવલોકન કરવામાં આવે છે. જીવતાં કૂતરાંઓના કાનમાં ખળખળતું તેલ અને પ્રવાહી સીસું નાખવાના પણ પ્રયોગો થાય છે. એમની આંખોમાં કાર્બોલિક ઍસિડો નાખવામાં આવે છે અને મગજમાં ધગધગતા લોખંડના ખીલાઓ ઠોકવામાં આવે છે. જીવતાં જનાવરની ચામડી ઉતારી લેવી એ તો આ પ્રકારની પ્રયોગશાળાઓમાં તદ્દન સામાન્ય બનાવ છે.

વિવિસેક્શનને લગતા જ એક માસિકમાંના કેટલા ઉતારાઓ જોવા જેવા છે.*

એપ્રિલ ૧૯૩૧ પા. ૫૯ "અખતરાઓ માટે પકડેલાં કૂતરાંઓના, બેશુદ્ધ બનાવનારાં ઔષધો આપ્યાં વિના બરડાની એક બાજુના જ્ઞાનતંતુઓ કાપી લીધા. ત્યારપછી એમને

* American Journal of Physiology for 1931

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮ થી ૬૦ દિવસ સુધી જીવવા દીધા. પછી માથા ઉપર ફટકા મારીમારીને મારી નાખ્યા. પરિણામમાં ખાસ કહેવા જેવું કશું જાણવાનું મળ્યું નથી."

પા. ૧૦૭. છ કૂતરાંઓનાં શરીર ઉપર, બેશુદ્ધ બનાવ્યા વિના કાણાં પાડવામાં આવ્યાં. ૭૨ કલાક સુધી એમને પાણી બિલકુલ આપવામાં આવ્યું ન હતું. ત્યારપછી એમને એક ખૂબ ગરમ ઓરડીમાં પૂરવામાં આવ્યાં. પ્રયોગકર્તા નોંધે છે : "કૂતરાંઓએ અકળાટનાં ચિન્હો બતાવ્યાં." એ આગળ કહે છે : "એક કલાક સુધી દર મિનિટે ૩૦૦ને હિસાબે કૂતરાંઓએ તરફડિયાં માર્યાં. જ્યારે અતિશય તરસ્યાં થતાં ત્યારે તે તરફડિયાં ન્હોતાં મારતાં." 'કૂતરાંઓ આવી સ્થિતિમાં કેટલાં તરફડીયાં મારે છે તે તપાસવા માટે' એમને આવી ધગધગતી ઓરડીમાં ૨૩ કલાક સુધી પૂરી રાખવામાં આવ્યાં.

બીજા એક લેખમાં યુ. એસ. નેવલ મેડિકલ સ્કૂલમાં (U. S. Naval Medical School) જીવતાં કૂતરાંઓને કેવી રીતે રાંધી નાખવામાં આવ્યાં હતાં એનું ભયાનક વર્ણન આપણી નજરે ચઢે છે.

કૂતરાંઓને એક નાનકડા ઓરડામાં પૂરી એની ગરમી ૧૩૦°F સુધી લઇ જવામાં આવી. કેટલાંકોને ૧૪૦°F અને એની ઉપર ગરમી આપવામાં આવી. આવી રીતે ૨૦ થી ૭૫ મિનિટ સુધી ચાલ્યું. બહાર કાઢયાં પછી બધાં કૂતરાંઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ મિનિટથી માંડીને ૧૨ કલાક સુધીમાં તરફડી તરફડીને મરી ગયાં. માત્ર એક કૂતરો ૨૩ કલાકે મુવો.

પ્રયોગ પૂરો કર્યા પછી એમ કબૂલ કરવામાં આવ્યું કે આ અખતરાથી નવું કશું જાણવાનું મળ્યું નથી.

અને આ અખતરાઓ એકલાં કૂતરાં ઉપર નથી થતા. દરસાલ કરોડો કૂતરાં, વાંદરાં, ડુક્કરો, ગાયો, બિલાડાં, મરઘડાં, સસલાં અને ઘોડાઓ ઉપર આવા અને આથીયે વધારે પૈશાચિક અત્યાચારો થઇ રહ્યા છે.

રોગશાસ્ત્રનું જ્ઞાન (?) મેળવવા માટે થતા વિવિસેકશન ઉપરાંત રસીઓ બનાવવા માટે હરહમેશ વિવિસેકશન ચાલી રહ્યું હોય છે.

શીતળાની રસી શી રીતે બનાવે છે એ આપણે આગળ જોઇ ગયા.

ડિપ્થેરીઆની રસી બનાવવા માટે ડિપ્થેરીઆના દર્દીઓની ગળાની ગંદકીનાં ઇન્જેકશન ઘોડાને આપવામાં આવે છે. જ્યારે ઘોડાનું શરીર આ ગંદકીથી ચિકાર થઇ જાય છે, અને એની સામે એના શરીરમાં સંરક્ષક તત્ત્વો ઉત્પન્ન થાય છે ત્યારે એના શરીરમાં એક પોલી પિચકારી દાખલ કરીને કેટલાય રતલ ગંદું લોહી ખેંચી લેવામાં આવે છે પછી એની ઉપર કેટલીક ક્રિયાઓ થાય છે. પણ એમાં લોહીની પેલી કિંમતી ગંદકી નાશ ન પામે એને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસ કાળજી રાખવામાં આવે છે ! ટૉકિસન એન્ટિ–ટૉકિસ-નની બનાવટ પણ આટલી જ ગંદી છે.

એન્ટિ–ટાઈફોઇડ વૅકિસન આના જેવી જ–પણ એથીયે વધારે ઘૃણાસ્પદ ક્રિયાથી બને છે. ટાયફોઇડના દર્દીનો ગાડો પ્રયોગશાળામાં લઇ જવામાં આવે છે. આ ગંદકી-માંથી વધારવામાં આવેલાં જીવડાંનાં ઘોડાઓને ઇન્જેકશન અપાય છે, અને એમનું લોહી એકઠું કરીને દાકતરો દુનિયાને ટાઈફોઇડ સામે રક્ષણ આપવાનો દાવો કરે છે.

હડકવાની રસી તદ્દન જુદી રીતે અને બેહદ ઘાતકી-પણાથી તૈયાર કરવામાં આવે છે. હડકવાના ઝેરનાં ससલાંઓની ખોપરીમાં ઇન્જેકશન અપાય છે. આ ઝેરથી આ જનાવરને લકવો થાય છે અને અસહ્ય યાતનાઓ વેઠીને ત્રણ અઠ-વાડિયાંમાં એ મરી જાય છે. મરી ગયા પછી એનો કરોડરજ્જુ કાપી લઇ, એને સૂકવી દેવામાં આવે છે. પછી એની ભૂકી કરીને એક સોલ્યુશન બનાવવામાં આવે છે, આ ચમત્કારિક ચીજનાં ઇન્જેકશનો સેંકડો લોકોને આપવામાં આવે છે, જેમાંથી મોટા ભાગનાને સાવ નિર્દોષ કૂતરાં કરડયાં હોય છે અને બહુ થોડાને જ હડકાયાં કૂતરાં કરડી ગયાં હોય છે. એવું ઘણી વખત બને છે કે સારવાર લેનાર માણસને સાવ નિર્દોષ કૂતરું કરડયું હોય છતાંય એને આ ઝેરી રસીથી જ હડકવા લાગુ પડે છે !

આ બધી શયતાનની બનાવટો નિર્દોષ બાળકો, નિશંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરદીઓ અને બિનવાકેફ પ્રજાજનોના દેહમાં ઇન્જેકશનો મારફતે રેડાઇ રહી છે. આ રીતે એમનો ઇલમ દાક્તરો એટલા માટે અજમાવે છે કે નીરોગી લોકોને ભવિષ્યમાં "રોગ" (જે દાકતરોની કલ્પનામાં જ હોય છે.) ન થાય!

આ રસીઓ સર્વવ્યાપી થવાનાં સાચાં કારણો તો પૈસાની અમર્યાદિત ભૂખ, સત્તાની લાલસા અને નફાખોરીનો હઠકવા–એ જ છે.

વિવિસેકશન લેબોરેટરીઓમાં જઇને એક જ વખત નજર નાખતાં જે પૈશાચિક અને બીભત્સ દૃશ્યો આપણી નજરે ચઢે છે એમની આગળ તો ખાટકીનું કતલખાનું, યમરાજાની યતનાઓનાં પૌરાણિક કલ્પનાચિત્રો અને દાન્તેનું નર્કનું વર્ણન–ફિક્કાં પડી જાય છે. એટલું જ નહિ પણ આ ધંધાના આગેવાનો જાહેર કરે છે કે : "મનુષ્યશરીર વિષે સાચું જ્ઞાન મેળવવાનો આના સિવાય બીજો કોઇ જ માર્ગ નથી."

જ્ઞાનની શોધ એક હજાર ને એક રસ્તે થઇ શકે છે, પણ એ સૌ રસ્તાઓમાંથી ઘાતકીમાં ઘાતકી, જંગલીમાં જંગલી અને અધમમાં અધમ માર્ગ પસંદ કરીને તબીબી વડેરાઓ કહે છે કે : "આ સર્વોત્તમ રસ્તો છે!"

વિવિસેકશન–એક ઇંદ્રજાળ

માનવીના અને અન્ય પ્રાણીઓના દેહ વચ્ચે ભારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તફાવત હોવાથી વિવિસેકશનથી મેળવેલી માહિતી સાવ વાહિયાત હોય છે.

લીંબુનો રસ એ બિલાડીઓ અને ઝસલાં માટે જીવલેણ ઝેર છે, મરઘીનાં બચ્ચાં મીઠાથી મરે છે. પ્રુસિક ઍસિડથી માણસ અને હાથી મરી જાય છે, પણ ઘોડા અને તરસ એને સહેજે નુકશાન વિના લઇ શકે છે. સસલાં ભોરિંગણી ખુશીની સાથે ખાઇ શકે છે. બકરાં ઝેરી તમાકુના છોડવાનાં ભારે શોખીન હોય છે. ઝેરકોચલાં જેમાંથી સ્ટ્રિકનિન જેવું જલદ ઝેર તૈયાર થાય છે, અને જે ખાવાથી બધાં ઊંચી કોટીનાં પ્રાણીઓ મરી જાય છે, એની ઉપર એક પ્રકારના વંદાઓ હુમલો કરે છે અને આ ઝેરી છોડ ખાઇને હૃષ્ટપુષ્ટ બને છે. ભોરિંગણીનો અર્ક જેમાં ઍટ્રોપિન નામનું ઉગ્ર ઝેર હોય છે, એને એક નાનું જીવડું ખાઇ શકે છે અને એ જીવડું આ છોડમાંથી પોષણ મેળવે છે. બકરાં વછનાગનાં પાન ખાય છે અને એમને કાંઇ પણ નુકસાન નથી થતું. જ્યારે આ પાન માણસ અને અન્ય પશુઓ ઉપર ઝેરી અસર ઉપજાવે છે. "ઊંટ મૂકે આકડો અને બકરી મૂકે કાંકરો." એ કહેવત આ બન્ને પશુઓના આહારનું વૈવિધ્ય જ દર્શાવે છે. આ રીતે જોઈએ તો એ સ્પષ્ટ જણાય છે કે એક પ્રાણીના શરીરબંધારણ ઉપરથી ખેંચેલા નિયમો બીજા પ્રાણીને લાગુ પાડી શકાય નહિ.

માણસને માટે જો આપણે આરોગ્યશાસ્ત્ર રચવું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો માણસના જ શરીરનો અભ્યાસ કર્યા વિના આપણો છૂટકો નથી.

કૂતરાં, બિલાડાં અને માણસનાં શરીરબંધારણ વચ્ચે સામ્ય કરતાં વૈષમ્ય વધારે હોવાથી એમને ચીરીચૂંથીને મેળવેલું જ્ઞાન રોગો ફેલાવવામાં અને માણસો મારવામાં જ વપરાય છે.

ઊંટને ગળે ક્રોહું ઉતાર્યાં બાદ એ નો એ જ સિદ્ધાંત ડોશી ઉપર અજમાવનાર લોકવાર્તાના વૈદને આપણે ઊંટવૈદના નામથી ઓળખીએ છીએ. પણ ઍલોપૅથી જેવા પ્રતિષ્ઠિત શાસ્ત્રને આપણે ઊંટવૈદું શી રીતે કહી શકીએ!

એ વિજ્ઞાન છે એમ દાકતરો માનતા હોય કે ન માનતા હોય, તોપણ એ વાત તો એમણે પ્રજાના મોટા ભાગને ગળે ઉતારી દીધી છે. એટલે કૂતરાં ચીરવાથી જડેલા સિદ્ધાંતો માણસો ઉપર અજમાવનાર એ શાસ્ત્રને આપણે શ્વાન-વિજ્ઞાન (Pseudo science)ના નામથી ઓળખીએ તો વાંધો નહિ!

પૂ. ગાંધીજી કહે છેઃ

"મારા અભિપ્રાય મુજબ માણસ ઈશ્વર અને એની સુંદર સૃષ્ટિ પ્રત્યે જે પાપો કરી રહ્યો છે એમાં વિવિસેકશન એ કાળામાં કાળું પાપ છે. જીવનની કિંમત જો મૂંગા પ્રાણીઓને રિબાવવાથી જ આપવી પડતી હોય તો આપણે જીવવાની પણ ના પાડવી જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બર્નાર્ડ શૉ, ગેલ્સવર્ધી, એની બીસેન્ટ વિકટર હ્યુગો, આલ્ફ્રેડ રસેલ વૉલેસ, માર્ક ટવેન, કાઉન્ટ ટૉલ્સટૉય, રીચર્ડ ક્રોષ્ડન, જયોર્જ મેરીડીથ, રીચર્ડ વેગ્નર અને બીજાં અનેક નામાંકિત નરનારીઓએ આ પૈશાચિક પ્રથા સામે પોતાનો પુણ્ય-પ્રકોપ પ્રગટ કર્યો છે.

માણસો ઉપર ચાલી રહેલું વિવિસેકશન

કર્મનો કાયદો કહે છે કે બાવળ વાવનાર કદી કેરી ન લણી શકે. દેડકાંથી માંડીને વાંદરાં સુધીનાં પ્રાણીઓ તરફ આટઆટલું ઘાતકીપણું ગુજારનારા પોતાના માનવબંધુઓ તરફ કેવું વર્તન રાખે છે એ જરા જોવું પડશે.

આજે દુનિયાભરની કેટલીયે જાહેર ઇસ્પિતાલોમાં માણસો ઉપર વિવિસેકશન ચાલી રહ્યું છે. જો જનાવરને ચીરવાથી માણસના શરીર વિષે થોડુંઘણું પણ જ્ઞાન મળી શકે તો ખુદ માણસને ચીરવાથી કેટલું બધું મળી શકે! એ ઉપરાંત ખાસ લાભ તો એ છે કે, અખતરા માટે જે જનાવરો જોઇએ એને માટે પૈસા ખર્ચવા પડે છે, જ્યારે ગરીબો તો મફત મળે છે!

જાહેર ઇસ્પિતાલોમાં થતાં બધાંય મફત ઑપરેશનો દર્દીના કલ્યાણ માટે નથી થતાં. માણસનો દેહ ચીરીચૂંથીને પોતાનું કુતૂહલ તૃપ્ત કરવા માટે કેટલાંય નસ્તરો તબીબો મૂકે છે. એ ઉપરાંત અનેક નવી શોધાયલી રોગવર્ધક રસીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને દવાઓ દર્દીઓના દેહમાં દાખલ કરીને એમને જીવન-રોગી, આંધળા, અપંગ કે ગાંડા બનાવી મૂકે છે.

આ બધા પ્રયોગો વિષે પ્રજા ગાફેલ રહે એને માટે દાક્તરો પૂરતી કાળજી રાખે છે. છતાંય કેટલાક માથાફરેલ દાક્તરો આ પ્રયોગો વિષે વૈદકપત્રોમાં બેધડક લખે છે. એ તરફ નજર નાખવાથી જ કેટલા છૂપા અખતરા થઇ રહ્યા હશે એનો આપણને ખ્યાલ આવે છે.

હવે આ વિવિસેકશન કેવી રીતે થાય છે એના થોડાક દાખલા જોઇએ.

તરતના જન્મેલા બાળકનું માથું જરા બેઠેલું હોય છે. ખોપરીનાં હાડકાં કોમળ હોવાથી, જન્મ થતી વખતે માથાનો ઘાટ કંઈક બદલાય છે પણ ખરો. દરેક કુશળ દાઇ સારી રીતે જાણે છે કે કાળે કરીને આ બધું ઠીક થઈ જાય છે. પણ આ બધી કુદરતની બેવકૂફીઓ (!) જોઇને એક જર્મન દાકતરને ચિંતા પેઠી!

જર્મનીમાં એક વૈદકપત્ર નીકળે છે.* એમાં ડૉ. પી. બોમ નામનો સ્ત્રીરોગશાસ્ત્રી (Gynecologist) એક લેખમાં જણાવે છે કે આવાં માથાંવાળાં બાળકોનાં મગજમાં કોર્ક-સ્ક્રૂ (શીશીના બુચ ઉઘાડવા માટે આવે છે તે) નાખી એમનું દબાયલું મગજ ઊંચકવું જોઇએ. એટલું જ નહિ

* Zentralblatt fuer Gynakologie

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પોતે કરેલા ચાર અખતરાઓનું એ વર્ણન કરે છે! એમાંથી બે બાળકો તો લોહી વહેવાથી મરી ગયાં, પણ બીજાં બે બાળકો જીવતાં રહ્યાં અને મારો પ્રયોગ સફળ થયો એમ આ નરરાક્ષસ ગર્વપૂર્વક કહે છે.

પ્રો. ડૉ. નૈસેરનો જ દાખલો લઇએ.

ઇ. સ. ૧૮૯૯માં છપાયલા એક લેખમાં એણે જણાવ્યું હતું કે એ જે યુનિવર્સિટીમાં કામ કરતો હતો ત્યાંથી હૉસ્પિટલનાં અનેક બાળકોના દેહમાં એણે ઇન્જેકશન મારફતે સીફિલિસનું ઝેર દાખલ કર્યું હતું. આ બાળકોને કોઇ નજીવી બિમારી માટે ઇસ્પિતાલમાં મોકલવામાં આવેલાં. ત્યાં એમનાં શરીરોમાં સીફિલિસ જેવો ગંદામાં ગંદો અને ઘૃણાસ્પદ રોગ, જે માણસનું શરીર અનેક રસ્તે વિકૃત અને વિરૂપ બનાવે છે અને જો યોગ્ય ઉપચાર ન થાય તો પેઢી દર પેઢી ઊતરે છે, એવો રોગ દાખલ કરવામાં આવ્યો!

આ કૃત્યમાં રહેલું જંગલીપણું અને ઘાતકીપણું જોતાં, પહેલી નજરે આ કિસ્સો માન્યામાં જ આવતો નથી, અને છતાંય એની સહીથી પ્રગટ થયેલું નિવેદન જોતાં એ માન્યા વિના આપણો છૂટકો નથી!

ડૉ, રૉબર્ટ કોકનું 'ટયુબરકયુલિન' જ્યારે ખોળાયું ત્યારે દર્દીની પરીક્ષા માટે એની આંખમાં એનાં ઇન્જેકશન (Ophthalmic

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

test) અપાતાં. ફિલાડેલ્ફિઆના સેન્ટ વિન્સેન્ટના અનાથાશ્રમ અનેક નીરોગી બાળકોની આંખમાં આ ઇન્જેકશનો અપાઇ પરિણામે અનેક બાળકોએ અસહ્ય યાતનાઓ વેઠી અ કેટલાંય જીવનભરને માટે આંધળાં થયાં.

બાળકો ઉપર થયેલા આવા જ ઘાતકી પ્રયોગો વર્ણન બીજા એક સામયિકમાંથી મળી રહે છે.*

ડૉ. એલ. ઇ. હોલ્ટ, જે કોલમ્બિયા યુનિવર્સિટી મેડિકલ કૉલેજનો બાળકોના રોગોનો પ્રોફેસર હતો, એ ૧૦૦૦ બાળકો ઉપર 'ટયુબરકયુલિન'નો અખતરો કર્યો. ભયંકર ઘટનાનો કરુણ ભાગ તો એ છે કે આ બધાં ગરી માબાપોનાં બાળકો ૬ મહિનાથી માંડીને ૩ વર્ષ સુધી કુમળી ઉમ્મરનાં હતાં. ડૉ. હોલ્ટની સહીથી પ્રગટ થયે નિવેદનમાં જાહેર કરવામાં આવ્યું છે કે: "બહુ ઓ બાળકો ત્રણ વર્ષની ઉમ્મરનાં હતાં. મોટા ભાગનાંની ઉ એક વર્ષની હતી."

જે જુદા જુદા અખતરા થયા હતા, એમાં ઇ બાળકોને આંખનાં ઇન્જેકશનો (Ophthalmic test) અપ હતાં. આ ઇન્જેકશનોની ભયંકરતાથી દરેક દાકતર સ રીતે વાકેફ હોય છે. એટલું જ નહિ પણ એ લોકો મરતાં બાળકોને પણ છોડયાં નથી. ડૉ. હોલ્ટ લખે

* Archives of Pediatrics, January 1909.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જે બાળકો મરવા પડયાં હતાં અથવા તો અતિશય માંદાં હતાં, એમની ઉપર અખતરાઓની ઝાઝીઅસર થઈ નથી."

અમેરિકામાં ઍશવાઇલના ડૉ. કાર્લ વોન રકે કબૂલ કર્યું હતું કે, એણે ૩૩૯ બાળકો ઉપર પ્રયોગો કર્યા હતા. એમાંથી ૨૬૨ થોમસ વાઇલના અનાથાશ્રમના તબીબે એને કેવળ અખતરાઓ કરવા માટે જ સોંપ્યા હતાં. આ બાળકોની ઉમ્મર બે મહિનાથી માંડીને ૨૩ વર્ષ સુધીની હતી.

રૉકફેલર ઇન્સ્ટિટયુટમાં કામ કરતો ડૉ. નોગુચી નામનો જાપાનીઝ તબીબ, એક ઘૃણાસ્પદ રોગ માટે અખતરા કરી રહ્યો હતો. એણે "ખાનગી અને જાહેર ઇસ્પિતાલોના સૌજન્યથી ૪૦૦ કેસો ઉપર અખતરા કર્યા, જેમાં ફકત ૧૭૭ કેસોને જ રોગ હશે એવી ધારણા હતી"

"કૅન્સાસ સિટી સ્ટાર" નામના વર્તમાનપત્રના ૩૦ ડિસેમ્બર ૧૯૧૩ના અંકમાંથી નીચેનો ઉતારો લીધો છે :

"યુરોપના ગરીબ વર્ગો, સર્જ્યનો અને દાકતરોને મન કેવળ વિવિસેકશન માટેનો કાચો માલ છે. કોઇ પણ ગરીબ સ્ત્રી, પુરુષ કે બાળક, દાકતરોના હાથમાં એ ભય સિવાય મૂકી શકાતું નથી કે કાં તો કોઇ અસ્તિત્વહીન રોગ માટે એની ઉપર ઑપરેશન થશે, અથવા તો જાણીબૂજીને એના શરીરમાં કોઇ રોગ દાખલ કરવામાં આવશે, અને એ રીતે વિજ્ઞાનની વેદી ઉપર એનો ભોગ અપાશે" એવો બર્લિનના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રોફેસર પૉલ ફ્રોએરસ્ટરનો સ્પષ્ટ અભિપ્રાય છે. એ ઑસ્ટ્રિયન ડૉ. એકેનનો ટેકો છે.

"ખાસ કરીને યુનિવર્સિટી અને મ્યુનિસિપલ હૉસ્પિટલોમાં અને ક્લિનિકોમાં, પ્રસવગૃહોમાં અને અનાથાશ્રમોમાં હૉસ્પિટલોમાં આવું વિવિસેકશન ચાલી રહ્યું હોય છે. આ કાંઇ વિવિસેકશનના ઉત્સાહી વિરોધીઓના આક્ષેપો નથી. આ હકીકતો તો વિવિસેકટરો પોતે જ કબૂલ કરે છે. એમનાં વૈદકપત્રો અને પુસ્તકો બતાવે છે કે આખાયે યુરોપ ઉપર જેમના મનમાં સ્હેજે શંકા નથી એવા ગરીબ દર્દીઓને વૈદકીય અને સર્જિકલ જ્ઞાન વધારવા માટે, રિબાવવામાં આવે છે અને એમની તન્દુરસ્તીનું નખ્ખોદ વાળવામાં આવે છે." પ્રોફેસર ફ્રોએરસ્ટર કહે છે કે હૉસ્પિટલોમાં જાણીબૂજીને આપવામાં આવતાં ઝેરી ઇન્જેકશનોથી અને શરીરમાં દાખલ કરવામાં આવતા ચેપથી, વારંવાર મરણ નીપજે છે. ડૉ. એકેન કહે છે કે મધ્ય યુરોપની હૉસ્પિટલોમાં થતાં ઘણાં ઑપરેશનનો "કેવળ દાકતરોનું કુતૂહલ તૃપ્ત કરવા માટે જ થાય છે."

ન્યુયોર્કની ધારાસભા આગળ રૉકફેલર ઇન્સ્ટિટ્યુટના ડૉ. ફ્લેકસનરે એકરાર કર્યો હતો કે નીરોગી બાળકોને એમનાં માબાપો કે વાલીઓની પરવાનગી વિના, લ્યુએટિન-જે સીફિલિસના ઝેરનો અર્ક છે એ-નાં ઇન્જેકશનો આપવામાં આવ્યાં હતાં અને ક્ષયનું ઝેર ધરાવતું "ટ્યુબરક્યુલિન" બાળકોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરમાં દાખલ કરવામાં આવ્યું હતું, એ જ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે ન્યુયોર્કની જુદી જુદી હૉસ્પિટલોનાં પર બાળકોને આવા અખતરાઓથી ઘૃણાસ્પદ રોગો લાગુ પાડવામાં આવ્યા હતા. ૧૭ દર્દીઓના દેહમાં ડિપ્થેરિઆ, લાલ તાવ અને શીતળાનું ઝેર દાખલ કરવામાં આવ્યું હતું. જો કે આ દર્દીઓને એમ કહેવામાં આવ્યું હતું કે આ બધી સળેખમની સારવાર છે! બીજા દર્દીઓને રોગીષ્ટ ગાયોનાં પરુના ઇન્જેકશનો અપાયાં હતાં.

આ રિપોર્ટ પ્રગટ થયા બાદ ન્યુયોર્કના "Life" પત્રે જાહેર કર્યું કે દાકતરોને મન દર્દીઓ

પશુઓ કરતાં પણ સોંઘા

છે!

આ અખતરાઓથી હજી દાકતરોને સંતોષ નથી. એમના એક આગેવાન વૉરોનૉફે (જેણે માણસને નવજુવાન બનાવવાની કહેવાતી શોધ કરી તે) આજથી દસ વર્ષ ઉપર પોતાના એક પુસ્તકમાં એવી માગણી કરી હતી કે રાજ્ય તરફથી અમને માણસો ઉપર અખતરાઓ કરવાની છૂટ મળવી જોઇએ, જેથી અમે કેદીઓના વૃષણ કાપી લઈ શકીએ.

પૅરસમાં પ્રો. પાઝીના કિલનિકમાં, રૉકફેલર ઇન્સ્ટીટ્યુટના વડા વિવિસેકટર ડૉ. અલેકસી કેરલે એક ભાષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતાં એવી માગણી કરેલી કે "ગુનેગારોને ફાંસી આપવા કે ઇલેક્ટ્રિસિટી ચાંપવા કરતાં અમને સોંપી દો. અમે એમને રાજ્ય કરતાં વધારે દુઃખ નહિ આપીએ. મરતાં મરતાં તેઓ સમાજને છેવટની સેવા આપતા જાય તો શું ખોટું ?"

હજી થોડાં જ વર્ષો ઉપર જર્મનીના લ્યુબેક શહેરમાં ક્ષય અટકાવવા માટે અપાયલી કેલ્મેટ સિરમના ઝેરમાં (BCG Virus) ૭૫ બાળકોનું મરણ નીપજવાની હકીકત પ્રગટ થઇ હતી. એ હકીકત ભુલાઇ નહોતી એટલામાં તો સમાચાર આવ્યા કે કોલમ્બિયામાં ડિપ્થેરિઆની રસીથી સંબંધ બાળકો મુવાં છે.

આવા રાક્ષસી અખતરાઓ જે બાળકોને જે રોગ થવાનો સ્વપ્ને પણ સંભવ ન હોય, તે બાળકોને તે રોગ ન થાય એટલા માટે થતા !

આ કાંઇ રડયાખડયા-ખૂણેખાંચરેથી ખોળીને એક કરેલા દાખલા નથી. એક માણસ બીજા માણસ ઉપર વિજ્ઞાનને નામે કેટલો ઘાતકી થઇ શકે છે એ જોવાની જો મરજી હોય એને માટે તો આ દિશામાં વિશાળ સાહિત્ય પડયું છે.

દાકતરો માણસો ઉપર વિવિસેકશન કરે છે, કારણ રાજ્ય તરફથી એમને જનાવરો ઉપર વિવિસેકશન કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટ મળી છે. મૂંગાં પ્રાણીઓ ઉપર અમાનુષી જુલ્મો ગુજારવા માટે પહેલાં તો પોતાના જ હૃદયને હલાલ કરવું પડે છે, અને હૃદય વિનાના લોકો પોતાની લોહીની તરસ છિપાવવા માટે શું ન કરે ?

આ તરસ છિપાવવા માટે જાહેર ઇસ્પિતાલો, અનાથાશ્રમો, સદાવ્રતો (પશ્ચિમમાં રાજ્ય તરફથી ચાલે છે.) પાગલખાનાં, કેદખાનાં, અને જેમની કોઈ દાદફરિયાદ સાંભળનાર નથી એવા જગતના ગરીબો સારાંમાં સારાં સાધનો છે.

જેમને વિવિસેકશનની યાતનાગૃહોમાં પોતાની ધંધાદારી તાલીમ મળી હોય, એમની પાસે દયાની આશા તો રાખી જ શી રીતે શકાય ?

આજ લગી દાકતરો પરોપકારના ઓઠા હેઠળ એમનું ઘાતકીપણું છુપાવતા. તેઓ કહેતા કે જનાવરોને ચીરવા, ચૂંથવા, કાપવા અને રિબાવવામાં એમનો ઉદ્દેશ રોગો વિષે માહિતી એકઠી કરીને પિડાતી મનુષ્યજાતિનો ઉદ્ધાર કરવાનો હતો. હવે જ્યારે તેઓ ખુદ દર્દીઓ ઉપર જ વિવિસેકશન કરે છે અને ઇસ્પિતાલો મારફતે રોગો ફેલાવે છે, ત્યારે તો એ સ્પષ્ટ થાય છે કે વિવિસેકશન કરવામાં એમનો ઉદ્દેશ પ્રાણી માત્રને રિબાવીરિબાવીને રોગીષ્ટ બનાવી રાક્ષસી આનંદ પ્રાપ્ત કરવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાક્તરો જો ખરેખરા સત્યના ઉપાસકો હોય તો રોગધા
ઇસ્પિતાલો ઉપરથી એમને ઓળખાવનારાં પાટિયાં ઉતા
લઈ નીચે મુજબ લખેલાં પાટિયાં ચઢાવી દેવાં જોઇએ.

માણસોનાં કતલખાનાં

"માણસોની કતલ કરવી હોય તો એમને અહીં લાવે
જનાવરોને સુખે મારવાં હોય તો કસાઇવાડે લઈ જા
રિબાવીરિબાવીને મારવાં હોય તો અમારી વિવિસેક્ષ
લેબોરેટરીઓમાં લાવો. જનાવરોને ચીર્યાં સિવાય, માણસો
માર્યાં વગર અને રોગોને ફેલાવ્યા વિના વિજ્ઞાનનો વિક
થઇ શકે જ નહિ."

હવે આપણે ખાનગી

પ્રૅક્ટિસમાં ચાલી રહેલું વિવિસેક્શન

જોઈએ.

તબીબી પ્રશ્નના સૌ અભ્યાસીઓ સારી રીતે જાણે
કે દાક્તરો પોતાની પ્રેક્ટિસમાં અનેક જાતની ગંદી ર
ઓનાં ઇન્જેક્શનો આપીને રોગો ફેલાવે છે.

હમણાં જ થોડા વખત ઉપર બનેલો આ કિસ્સો છે
સ્ટૅન્ટન (યુ. એસ. એ.)નો ડૉ. જે. જે. સલિવ
જેને કૂતરું કરડયું હતું એવી એક નાનકડી બાળકી ઉ
પોતાનો ઇલમ અજમાવતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂતરું હડકાયું હોવાનો દાકતરને શક હતો. એની પાસે કોઇ પુરાવો નહોતો. આ દુનિયામાં એવો એક પણ દાકતર નથી કે જે દરદીને હડકવા થશે કે નહિ એ અગાઉથી કહી શકે. હડકાયું કૂતરું કરડેલા લોકોમાંથી પણ બહુ ઓછા લોકોને આ રોગ લાગુ પડે છે.

ગમે તેમ હો, પણ આ દાકતર પેલી છોકરીને હડકવાની રસીનાં ઇન્જેકશન આપ્યે જતો હતો. આ રસી જે હડકવાના ઝેરને જ નિર્બળ બનાવીને બનાવવામાં આવે છે એનાથી હડકવા અટકે છે એવું દાકતરોનું કહેવું છે. દાકતરે છોકરીને આ કાળકૂટના ઓગણીસ ઇન્જેકશન આપ્યાં. વીસમું ઇન્જેકશન આપતી વખતે સોય સહેજ સરકીને દાકતરના અંગુઠામાં પેઠી. એને લઇને જે રસીનું ઇન્જેકશન છોકરીને આપવા માગતો હતો, એનો થોડોક ભાગ એના પોતાના જ શરીરમાં પેઠો.

દાકતર ધ્રૂજી ઊઠયો. પોતાના શરીરમાં પેઠેલા ઝેરનો એને ખ્યાલ આવ્યો અને એને ડર લાગ્યો કે પોતાને એ ઝેરના પરિણામે હડકવા લાગુ પડશે. જે હળાહળના ઓગણીસ ઓગણીસ ઇન્જેકશન સહેજે શરમ કે સંકોચ વિના પેલી કુમળી બાળકીના દેહમાં એણે સીંચી દીધાં, એના જ વીસમા ઇન્જેકશનનો થોડોક ભાગ પોતાના દેહમાં જવાથી એના ભયનો પાર ન રહ્યો.

એને હડકવા થવાને બદલે હીસ્ટેરીઆ થયો ! એણે ચારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુ ફોન કર્યા અને તાર છોડયા. એના તબીબમિત્રોએ ટોળે વળીને એને સાંત્વન આપવા માંડયું, પણ એ બધું વ્યર્થ ગયું અને એનો ફફડાટ વધતો જ ચાલ્યો.

આખરે એ સ્પેશ્યલ ટ્રેન કરીને ન્યુયોર્ક નાઠો. ન્યુયોર્કના નામાંકિત તબીબી મોગલો એની આજુબાજુ એકઠા થયા. તેઓ પણ આ વિચિત્ર કેસ જોઇને મૂઝવણમાં પડયા. હડકવાનો ઉતાર હડકવાની રસી, પણ હડકવાની રસીનો ઉતાર શું ?

છેવટે એમણે એમના થરથરતા ગોઠીઆને, એ જ રસીને નિર્બળ બનાવીને એનું એક ઇન્જેકશન આપ્યું. ત્યારે જ એને કંઇક ધરપત વળી. બીજું કરે પણ શું ? જ્યાં જ્યાં હડકવા થવાનો શક હોય ત્યાં ત્યાં એ જ થઇ શકે.

જરા વિચાર કરો. જે ઝેરનાં થોડાંક ટીપાંથી દાકતરને કંપારી વછૂટી, એના એણે પોતાના નિર્દોષ દર્દીને આંખો મીચીને ઓગણીસ ઇન્જેકશન આપ્યાં. જો આ ઇન્જેકશનોથી છોકરીને હડકવા લાગુ પડયો હોત તો દોષ કૂતરાને દેવાત. ઇંજ ન થયું હોત તો યશ દાકતરને મળત.

અનુભવી દાક્તરો પોતે જે હળાહળો સાથે ચેનચાળા કરી રહ્યા હોય છે એના સ્વભાવથી પૂરેપૂરા વાકેફગાર હોય છે એટલા માટે જ પોતાની દવા પોતે ન લઇ બેસે એની એ ખાસ સંભાળ રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટ્રેકોમાનો (યુ. એસ. એ.) એક જાણીતો દાક્તર ચાર્લ્સ મેકકોરી હડકવા માટે પાશ્ચુર ઇમલ્શન તૈયાર કરતો હતો. બે બાળકોને સારવાર આપવા માટે એ આ ઇમલ્શન બનાવતો હતો. અકસ્માત સોય એના શરીરમાં પેઠી અને થોડો ઘણો મસાલો એના શરીરમાં ગયો. થોડા દિવસ પછી એ ઝેરે પોતાનું કામ કરવા માંડયું. એ પથારીવશ થયો. એને લકવો થયો, કમ્મર નીચેનાં બધાં અંગો અમુક વખત માટે જકડાઈ ગયાં અને એણે પોતાના પગ પર ઊભા રહેવાની શક્તિ ગુમાવી.

આ ઝેરનાં એ બે નિરાધાર બાળકોને ઇન્જેકશન આપવા માગતો હતો. જે ઝેરથી એક મજબૂત અને નીરોગી માણસને લકવો થયો, એ જ ઝેર માંદાં અને નબળાં બાળકોને શી રીતે ફાયદો કરત ?

આવા અસંખ્ય દાખલાઓથી એ વસ્તુ સિદ્ધ થાય છે કે સેંકડો મરણો કે જેને માટે રોગને જવાબદાર લેખવામાં આવે છે એમનું સાચું કારણ તો દાક્તરોની જાદુઇ દવાઓ અને ચમત્કારિક રસીઓ હોય છે.

વૈદક એટલે જ વિરોધાભાસ

એક બાજુ દાક્તરો કહી રહ્યા છે કે માખી તમારો મોટામાં મોટો દુશ્મન છે. નર્ક, ગળફા અને ગંદવાડ ઉપરથી ઊઠીને એ તમારા ખોરાક ઉપર બેસે છે અને એ રીતે રોગો ફેલાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે બીજી બાજુ એ ના એ દાકતરો વિષ્ટા, પરુ, ગળફા અને લીંટની મદદથી જાતજાતની રસીઓ બનાવી પ્રજાશરીરને રોગિષ્ઠ બનાવી રહ્યા છે! આવા વિરોધાભાસો તો ચાલુ વૈદકમાં ડગલે ને પગલે આવે છે.

અજ્ઞાન, વહેમ, ગંદવાડ અને મંદવાડ–એ ચાર પાયાઓ ઉપર ઍલોપૅથીના શ્વાન–વિજ્ઞાનની આખીયે ઇમારત ખડી થઇ છે. આ ઇમારતમાં સુધારા વધારા ઘણા થયા છે. એના બાહ્ય ભભકાથી ભલભલા અંજાઇ જાય છે. પણ એના ચારે પાયા હજી પૂરેપૂરા સાબૂત છે.

મેડિકલ સાયન્સ–એક સમાજદ્રોહી ષડ્યંત્ર

કાવતરાં હમ્મેશાં રાજાની જ વિરુદ્ધ રચાય છે એમ નથી હોતું. આ પ્રજાસત્તાના યુગમાં તો પ્રજાની વિરુદ્ધ પણ અનેક કાવતરાં રચાય છે. પ્રજાનાં જીવન, આરોગ્ય સુખ અને સંપત્તિનું દિનરાત ભક્ષણ કરી રહેલા 'મેડિકલ સાયન્સ'નો આજ સુધીનો ઇતિહાસ અનેક સમાજદ્રોહી પ્રવૃત્તિઓથી ભરપૂર છે.

કોઇ પણ ચિકિત્સાની પદ્ધતિ પાસેથી પ્રજા ઓછામાં ઓછી ત્રણ આશાઓ રાખે છે:

(૧) એણે આરોગ્યશાસ્ત્રનું પ્રજાને જ્ઞાન આપવું જોઇએ

(૨) એણે રોગો અટકાવવાનો પ્રયત્ન કરવો જોઇએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) એણે થોડામાં થોડા વખતમાં, ઓછામાં ઓછે ખર્ચે, કાયમને માટે રોગો મટે એવા રસ્તા ખોળવા જોઇએ.

હવે આ ત્રેવડી કસોટી ઉપર ઍલોપૅથીને કસી જોઇએ.

એને માટે આખું તબીબી તંત્ર (Official Medicine) શી રીતે ચાલે છે એ જરા સમજી લેવું જોઈએ.

જો કે દાક્તરો એવો દંભ કરે છે કે વૈદકશાસ્ત્ર અને આરોગ્યશાસ્ત્ર એ બંને વચ્ચે ઘણો જ નિકટ સંબંધ છે, છતાંય સાચી હકીકત તો એ છે કે ચાલુ વૈદકશાસ્ત્ર પ્રજાકીય આરોગ્યના નાશમાં ભારે ભાગ ભજવે છે. એની આખીયે રચના પાછળનો પ્રધાન હેતુ વધુમાં વધુ દ્રવ્યપ્રાપ્તિ એ છે.

આ હેતુ સિદ્ધ કરવા માટે આરોગ્ય સબંધી સાચી માહિતી વિષે પ્રજાને અંધારામાં રાખવાનો, દાક્તરીવિદ્યાના ચમત્કારો વિષે ગપગોળા ફેલાવવાનો, જંતુઓથી લોકોને ડરાવવાનો, અને "ઊંટવૈદો"થી ચેતવવાનો સતત પ્રયત્ન થયા કરે છે.

દાક્તરોએ કદી પ્રજાને આરોગ્યશાસ્ત્રનું જ્ઞાન આપ્યું નથી. આરોગ્યસુધારાના લગભગ બધા જ આગેવાનો બિનતબીબો હતા અને છે.

પ્રિસનિટ્ઝ, કુહ્ને, રિકલિ, કનાઈપ, સૅન્ડો, મૅકફૅડન અને અન્ય અગ્રેસરો તબીબો નથી એ જાણીતી હકીકત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું જ નહિ પણ એમણે આરોગ્ય સંબંધી અનેક ભ્રમો જાણીબૂજીને ફેલાવ્યા છે.

કસરતનાં ભૂંડાં પરિણામો વિષે એમણે જાતજાતની ચેતવણીઓ અવારનવાર ઉચ્ચારી છે- "Athlet's heart" "Bullock's heart" "Hypertrophy" અને એવા એવા જ આડંબરી વૈજ્ઞાનિક શબ્દોથી એમણે વ્યાયામનો વિરોધ કર્યો છે.

આહારસુધારકો ચકમ છે એમ એમણે જાહેર કર્યું છે. ઉપવાસના હિમાયતીઓને એમણે જેલમાં પૂર્યા છે.

"ફીઝિયોલૉજી અને હાઈજીન"નાં પુસ્તકો મારફતે નિશાળમાં ભણતાં બાળકોનાં મગજમાં અનેક હડહડતાં તબીબી જૂઠાણાં સીંચ્યાં છે.

આરોગ્યશાસ્ત્ર સબંધી સાચી માહિતીનો થઇ શકે એટલી દિશાએથી વિરોધ કર્યો છે.

અમેરિકન મેડિકલ એસોસિયેશનના એક માજી પ્રમુખ ડૉ. જે. બી. મર્ફીએ એ સંસ્થા સમક્ષ ભાષણ આપતાં જાહેર એકરાર કર્યો હતો કે : "છેલ્લાં ત્રણસો વર્ષ થયાં આપણા તબીબી તંત્રે (Offlicial Medicine) બધા વૈદક વિષયોમાં સૌથી મહત્ત્વના વિષય આરોગ્યના સંરક્ષણ સંબંધી પ્રજાને કેળવવા માટે કશાં જ પગલાં ભર્યાં નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમેરિકામાં જ્યારે બર્નાર મૅકફૅડને "ફીઝિકલ કલ્ચર" માસિક કાઢયું, અને એની મારફતે આરોગ્ય રક્ષણ માટે લોકમત કેળવવા માંડયો ત્યારે તબીબોની આંખો ઉઘડી. એમણે જોયું કે આ એક ઊંટવૈદ (?)ના માસિકનો ફેલાવો લાખોની સંખ્યા ઉપર પહોંચ્યો છે, અને એનાથી આપણી આવક ઉપર ભારે ફટકો પડે છે, માટે એનો સામનો કર્યા વિના આપણો છૂટકો નથી. એટલે એમણે એમના તરફથી લોકોને આરોગ્યાવષયક માહિતી (?) આપવા માટે અમેરિકન મેડિકલ એસોસિએશન તરફથી "હાઇજીઆ" નામનું માસિક શરૂ કર્યું. પણ આ છાપું સાવ નિષ્ફળ ગયું. કારણ કે એની પાછળ લોકોમાં આરોગ્યવિષયક જ્ઞાન ફેલાવવાની નેમ નહોતી, પણ લોકો પરનો પોતાનો દિવસે દિવસે ઘટતો જતો કાબૂ ટકાવી રાખવાનાં હવાતિયાં હતાં. આ છાપાના પ્રશ્નોત્તરીના કૉલમમાં જે વાંચકો પોતાની તન્દુરસ્તી માટે પ્રશ્નો પૂછતા એમને અપાતા જવાબમાં થોડી આડીઅવળી વાતો લખી, છેવટે કહેવામાં આવતું Consult your doctor. તમારા દાકતરની સલાહ લો! લોકો પોતાની મેળે સાજા થાય કે દાકતરને દંડ ભર્યા વિના સાજા થાય, એની એ લોકોને ભારે ચીડ છે!

તબીબી ધંધાના આગેવાનોએ રોગો અટકાવવા માટે કશું જ કર્યું નથી. એમણે તો રોગો અટકાવવાને બહાને રોગો ફેલાવીને રોગીઓની સંખ્યાનો ગુણાકાર કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે જે બિનતબીબોએ રોગો અટકાવવા માટે પ્રયત્નો કર્યા છે એમને એમણે ઊંટવૈદ કહી સતાવી શકાય એટલા સતાવ્યા છે.

ખુદ ઍલોપૅથીના જે જે પ્રામાણિક દાકતરોએ પ્રજાને આરોગ્ય સબંધી સાચી માહિતી આપવાનો અને રોગો અટકાવવા માટે સમજ આપવાનો પ્રયત્ન કર્યો છે, એમની ઉપર તબીબી આલમના વડેરાઓની આંખ લાલ થઈ છે. એમની ડિગ્રીઓ ઝૂંટવી લેવાઇ છે. રજિસ્ટર ઉપરથી એમનાં નામ ચેકાઇ ગયાં છે. એમને ઊંટવૈદ તરીકે જાહેર કરી એમની ઉપર જુલમની ઝડીઓ વરસાવવામાં આવી છે.

ગઇ પેઢીમાં ઇંગ્લેંડમાં પ્રજાને આરોગ્યવિજ્ઞાન સમજાવવા માટે, ડૉ. એલિન્સનની એલ. આર. સી. પી.ની ડિગ્રી ઝૂંટવી લેવામાં આવી હતી. ડૉ. એલિન્સન પણ એવો માથાનો ફરેલો માણસ હતો, કે પોતાના ધંધાના માંધાતાઓથી સહેજે ન ડરતાં એણે પોતાની લોકકલ્યાણની પ્રવૃત્તિઓ ચાલુ રાખી, અને પોતાના નામ પાછળ માજી એલ. આર. સી. પી. (Ex-L. R. C. P.) લખવા માંડયું !!

સર વિલિયમ આરબુથનોટ લેન જગતના અગ્રગણ્ય સર્જ્યનોમાંનો એક છે. એને એના વિચારસ્વાતંત્ર્યને કારણે બ્રિટિશ મેડિકલ એસોશિએશનમાંથી રાજીનામું આપવું પડયું.

તબીબી ક્ષેત્રમાં સર વિલિયમ એ કોઇ ઉદ્દામવાદી વિચા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક નથી છતાંય એને એટલું તો ચોક્કસ લાગ્યું કે અનેક અસાધ્ય રોગોથી જે લોકો પીડાઇ રહ્યા છે, એમને જો વખતસર આરોગ્યસંરક્ષણનું જ્ઞાન આપવામાં આવ્યું હોત તો એમની આટલી બૂરી દશા ન થાત. રોગો કેમ અટકાવવા એ સંબંધી પ્રજાને માહિતી આપવાની એને ઉત્કંઠા થઇ. પણ બ્રિટિશ મેડિકલ એસોસિએશનની નીતિ આવા પ્રકારના પ્રચારકાર્યની વિરુદ્ધ છે. એના કોઇ સભ્યને આવું કાર્ય કરવાનો અધિકાર નથી. સર વિલિયમે રાજીનામું આપ્યું. અને "ન્યુ હેલ્થ સોસાઇટી" નામની એક નવી સંસ્થા સ્થાપી, જેની મારફતે એ માસિક, પુસ્તકો અને ચોપાનિયાં દ્વારા આરોગ્યરક્ષણની બાબતમાં લોકમત કેળવી રહ્યો છે.

એ જ રીતે દાક્તરીવિદ્યાએ રોગો મટાડવાનો વખત ઘટાડવાને બદલે વધાર્યો છે. અને સારવારના ખર્ચનો સરવાળો કરવામાં જ એણે પોતાનો દિગ્વિજય જોયો છે.

ધાર્મિક અંધશ્રદ્ધાને કયાંય વટાવી જાય એવી વૈજ્ઞાનિક અંધશ્રદ્ધા એમણે અનેક વાહિયાત સિદ્ધાંતોમાં બતાવી છે.

અઢારમી સદીમાં ડૉ. હાનમાન નામનો મહાન દાક્તર થઇ ગયો. એણે હોમિયોપૅથી નામની ચિકિત્સાપદ્ધતિ સ્થાપી એના સિદ્ધાંતો ઍલોપૅથીની સાવ ઊલટા હોવા છતાં વધારે સરળ અને બુદ્ધિગમ્ય હતા. આ પદ્ધતિ વડે એણે અપૂર્વ પરિણામો મેળવ્યાં. દરેકેદરેક રોગમાં ઍલોપૅથી કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોમિયોપૅથીનું મરણપ્રમાણ ઓછું માલૂમ પડ્યું. ઍલોપૅથીએ અસાધ્ય કહીને છોડી દીધેલા હજારો દર્દીઓના રોગો હોમિયોપૅથીએ મટાડયા. દાકતરોને ઉશ્કેરવા માટે આટલું બસ હતું. એમણે ડૉ. હાનમાન અને એના અનુયાયીઓ ઉપર જુલ્મોની ઝડી વરસાવી. "ઊંટવૈદું" ચલાવવા માટે એમને પકડી પકડીને એમની ઉપર કામ ચલાવવામાં આવ્યું. એમને જેલોમાં પૂરવામાં આવ્યા, અને ભારે ભારે દંડો અને જપ્તીઓ વડે એમની ખો ભુલાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ પ્રકારનો જુલ્મ આશરે સવાસો વર્ષ સુધી આ પ્રકારના ચિકિત્સકો પર ચાલ્યો. આટલું બધું કરવા છતાંયે હોમિયોપૅથીની દિનપ્રતિદિન પ્રગતિ થતી ચાલી.

હોમિયોપૅથી પછી જર્મનીમાં નેચરોપૅથી અથવા નિસર્ગોપચાર નામનું નવું શાસ્ત્ર નીકળ્યું. આ શાસ્ત્રમાં માનનારાઓ ઉપર પણ હોમિયોપૅથો જેવા જ જુલ્મો થયા. પણ આ પ્રકારનું દમન આ નવા વિજ્ઞાનની પ્રગતિને અટકાવી શક્યું નહિ. ખાસ જોવા જેવું તો એ છે કે આજ સુધી એક પણ દાકતર આ બન્ને શાસ્ત્રોના સિદ્ધાંતો જૂઠા છે એમ સાબિત કરી શક્યો નથી.

આજે અમેરિકામાં સેંકડો નિસર્ગોપચારકો જેલમાં સડે છે. એમણે શો ગૂનોહ કર્યો છે? ગૂનોહ માત્ર એટલો જ કે દાકતરોએ અસાધ્ય કહીને છોડી દીધેલા દરદીઓને એમણે સાજા કરીને નવું જીવન બક્ષ્યું છે.

CC-0. In Public Domain, Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંદા માણસને મારી નાખવો એ કાયદો છે, જ્યારે એને સાજો કરવો એ તો ગૂનોહ છે, એમ 'મેડિકલ સાયન્સ' કહી રહ્યું છે!

અમેરિકાનાં કેટલાંક સંસ્થાનોમાં તળીબી કાયદાઓ એટલા બધા કડક છે કે પહેલી નજરે આવા જુલ્મી કાયદાઓ અસ્તિત્વ ધરાવતા હશે એવું તો આપણા માન્યામાં પણ ન આવે.

ન્યુયોર્ક સ્ટેટમાં જો કોઇ એક માણસ બીજા માણસને સલાહ આપે કે તમને કબજીઆત રહે છે, એટલે થૂલાનો વિશેષ ઉપયોગ કરો તો એ ગૂનોહ ગણાય છે! Practicing medicine without license ! લાયસન્સ મેળવ્યા વિના દાકતર બની બેસવું એ ગૂનોહ છે! તમારે કઈ દવા પીવી એ જેમ દાકતર જ નકકી કરી શકે એમ તમારે શું ખાવું એ નકકી કરવાનો અધિકાર પણ એમને છે!

જો કોઇ બાળક બીમાર હોય અને દાકતર એમ જાહેર કરે કે એની બીમારી ઑપરેશન વિના નહિ મટે, તો એને નસ્તર મુકાવ્યેજ છૂટકો! જો માબાપ આનાકાની કરે કે બીજી કોઇ સારવાર આપવાનો પ્રયત્ન કરે, તો એ બાળકને એમની પાસેથી બળાત્કારે ઝૂંટવી લઇ જાહેર ઇસ્પિતાલમાં લઇ જઇ ચીરવામાં આવે છે. આવા કિસ્સાઓ ત્યાંનાં છાપાંઓમાં અવનવાર છપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કોઇ અંધકારયુગનો ઇતિહાસ નથી. આ તો વીસમી સદીની હકીકત છે.

આપણે આગળ જોઇ ગયા એમ ક્ષય, કૅન્સર અને એવા જ બીજા અસાધ્ય રોગો મોટે ભાગે દાકતરોની સારવારથી જ ઊભા થાય છે. આ રોગો અસાધ્ય છે એમ કહીને એને લગતી શોધખોળ કરવા માટે રાજા પ્રજા પાસેથી કરોડો રૂપિયા લઇ દાકતરો એનો ધુમાડો કરી રહ્યા છે.

ખરી રીતે તો કહેવાતા અસાધ્ય રોગો મટાડવાના રસ્તાઓ નિસર્ગોપચારકોએ કયારનાય ખોળ્યા છે. પણ જો આ અસાધ્ય રોગો મટાડી શકાય છે એમ દાકતરો કબૂલ કરે તો એમને શોધખોળ માટે કોઇ કરોડો રૂપિયા ન આપે અને એમની બાદશાહી આવકો ઉપર ફટકો પડે!

આજે કૅન્સરથી જે લાખો લોકો પીડાઇ રહ્યા છે અને આ રોગથી અસહ્ય યાતનાઓ વેઠે છે, એને માટે આવો લોહીનો વેપાર ચલાવનારા સમાજદ્રોહી તબીબો જ જવાબદાર છે.

અમેરિકામાં તબીબી ધંધાના આગેવાનોએ અનેક વખત એવી માગણી કરી છે કે, ગરીબ દરદીઓની મફત સારવાર કરનાર દાકતરોની પ્રવૃત્તિ ઉપર સખત અંકુશ મુકાવો જોઇએ, કારણ કે એનાથી બીજા પ્રૅકિટશનરોનાં ખિસ્સાં ઉપર કાપ પડે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યને જ બ્રહ્મ માનીને વિજ્ઞાન એની ઉપાસના કરી રહ્યું છે, એમ અમને કહેવામાં આવે છે. વિજ્ઞાનની બીજી શાખાઓ માટે કદાચ આ સાચું હશે. પણ મેડિકલ સાયન્સમાં મહંતોએ તો પોતાના આર્થિક સ્વાર્થ માટે સત્યને કચડવામાં, અને સત્યના પૂજારીઓને છૂંદવામાં પાછું વાળીને જોયું નથી.

જે ધંધાનો ઇતિહાસ આટલો કાળો હોય, એને એક સમાજદ્રોહી ષડ્યંત્ર કહેવામાં કાંઇ વાંધો ખરો ?

વૈદક ધંધો કે વેપાર ?

આજે વૈદક ધંધો મટીને વેપાર થયું છે. દર્દીઓ પાસેથી વધુમાં વધુ નાણાં કેમ નીચોવવાં એ જ લક્ષ્યબિંદુ નજર સામે રાખીને દાક્તરો કામ કરી રહ્યા છે. દવાના કરતા ઇન્જેકશન, ઇન્જેકશન કરતાં સિરમ અને વૅકિસન, એના કરતાં ઑપરેશન અને એનાય કરતાં રેડિયમ થીરપી વધુ અસરકારક છે એમ "મેડિકલ સાયન્સ" કહી રહ્યું છે ! કારણ દેખીતું છે. ઉત્તરોત્તર ચઢિયાતી સારવારોથી ઓછામાં ઓછી મુદતમાં, ઓછામાં ઓછી મહેનતે, દર્દી પાસેથી વધુમાં વધુ નાણાં ઓકાવી શકાય છે. બિચારા સાધારણ દાક્તરો દવાના બાટલા ભરી ખાય છે, જ્યારે મશહૂર દાક્તરો તો ઑપરેશનો અને રેડિયમ ટ્રીટમેન્ટો સિવાય બીજા કશામાં માથું મારતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજા પાસેથી પૈસા પડાવવા માટેની અનેક ધંધાદારી યુક્તિઓથી આપણા તબીબમિત્રો સજ્જ હોય છે. આપણે માત્ર અત્યારે એમાંની બે જ જોઇશું.

યુરોપ-અમેરિકાના અને હિંદનાં એ મોટાં શહેરોની અંદર સ્પેશ્યાલિસ્ટોની ટોળીઓ બંધાઇ ગઇ હોય છે. એકની પાસે દર્દી આવે, એટલે એને ડરાવાય એટલો ડરાવી, વધુ કન્સલટેશન માટે બીજા સ્પેશ્યાલિસ્ટ પાસે ઠેલે, એ ત્રીજાને ત્યાં, ત્રીજો ચોથાને ત્યાં, એ રીતે ફૂટબોલની માફક ઊછળતો બિચારો દર્દી ફુટાઈ લૂંટાઇને સાવ કડકો ન થઇ જાય ત્યાં સુધી આ સફેદ લૂંટ ચાલ્યા કરે છે.

બીજી પદ્ધતિ છે રાજકર્તાઓને ભરમાવીને ફરજિયાત કાયદાઓ પસાર કરાવવાની.

ફરજિયાત વેકિસનેશન દુનિયાપર બધે હતું. અમેરિકન લશ્કરમાં અને નૌકાસૈન્યમાં ટાઇફોઇડ, પેરાટાઇફોઇડ અને મેનીન્જાઇટિસની સિરમોનાં ઇન્જેકશન ફરજિયાત લેવાં પડે છે. ફરજિયાત કાકડા કાપવાનું ઇટાલીમાં થયું છે. હજુ દાકતરો પાસે ઘણી યોજનાઓ બાકી છે. દરેકેદરેક રસી ફરજિયાત કરવાની યોજના ઉપરાંત, ટૉન્સિલ્સ, એડીનૉઇડ્સ અનેવર્મિ ફૉર્મ ઍપેન્ડિકસનાં ફરજિયાત ઓપરેશનો!! ટૂંકામાં હાથપગ બાદ કરતાં, માણસના શરીરમાંથી જેટલું કાપી લેવાય તેટલું કાપી કાઢવા માટે તબીબો તૈયાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યને ખર્ચે જ્યારે જ્યારે આવા હુન્નરો ખેડાય છે, ત્યારે લોકોને ભરમાવવા માટે કરવી પડતી માથાકૂટમાંથી, અનિશ્ચિત કમાણીની ચિંતામાંથી અને બીજા ઘણા બોજા-માંથી દાકતરોને મુક્તિ મળે છે.

તબીબી તંત્ર નીચે થતા ગર્ભપાતો

એ આધુનિક વૈદકશાસ્ત્રનું કરુણમાં કરુણ અને કાળામાં કાળું પ્રકરણ છે.

ઘણી વખત માતાની અને દાકતરની નામરજી હોવા છતાં દવાઓની સારવારથી ગર્ભપાત થાય છે. એ ઉપરાંત જે અનેક બાળકો મૂઢ જન્મે છે, એમાં સગર્ભાવસ્થામાં ઝેરી દવાઓનો વાપર એ એક મુખ્ય કારણ છે.

ડૉ. એન. બારનેસબી એના એક ગ્રંથમાં* લખે છે કેઃ ન્યુયોર્ક સ્ટેટ અને બીજા સ્ટેટોનો ફોજદારી કાયદો ગર્ભ-પાત માટે વર્ષોની સખ્ત મજૂરીની શિક્ષા ફરમાવે છે. આવું હોવા છતાંયે દરેક મોટા શહેરમાં ગર્ભપાતો કરાવ-નારાઓ કોઈપણ જાતની શિક્ષા સિવાય પોતાનો ઘૃણાસ્પદ ધંધો ચલાવે જાય છે. જે એક વખત ઉમદા અને ઇજ્જ-તવાળો ધંધો હતો, એને કલંકિત કરી રહેલા ગુનેગારોને જેલોમાં શા માટે ઠેલવામાં આવતા નથી ? હું ધારું છું કે એનો જવાબ એક શબ્દમાં છે. કારણ કે સફળતાપૂર્વક

*Medical Chaos and Crime

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્ભપાત કરનાર પોતાને સ્ત્રીરોગશાસ્ત્રી (gynecologist) નામે ઓળખાવે છે.

આવા ગર્ભપાતો કેટલી હદ સુધી થઇ રહ્યા છે એ કહેવું મુશ્કેલ છે, પણ એ છેલ્લાં થોડાં વર્ષોથી બિહામણી ઝડપે વધી રહ્યા છે, એમ આ દેશનો દરેક તબીબી નિષ્ણાત અને સમાજશાસ્ત્રી સ્વીકારે છે.

પ્રતિષ્ઠિત પ્રૅક્ટિશનરો અને નામાંકિત નિષ્ણાતો (Specialists) આ જાતના કામ માટે જાત-જાતનાં બહાનાં બતાવે છે. જ્યાં સ્ત્રીને વધી ગયલું ગુરદાનું દર્દ હોય, નબળું હૃદય હોય, સાંકડી કમ્મર હોય અથવા તો જ્યાં જ્યાં એના જીવના જોખમનો સંભવ જણાય ત્યાં ત્યાં ગર્ભપાતની છૂટ આપવામાં આવે છે. આ બધી છૂટછાટોનો સ્ત્રીરોગશાસ્ત્રીઓ પૂરતો લાભ ઉઠાવે છે. એમને માત્ર કરવાનું એટલું જ રહે છે કે, એક મદદનીશને બોલાવવો, જે એમણે કરેલું ગમે તેવું રોગનિદાન મંજૂર રાખે. આવી રીતે થએલ રોગનિદાન અને કનસલ્ટેશન જ્યારે રેકર્ડ ઉપર હોય છે ત્યારે બધોયે વિધિ કાયદેસર બને છે. ત્યારબાદ જો કેસમાં કાંઇક ઊંધું વેતરાઇ જાય તો સહેજે ડરવાનું રહેતું નથી.

આ રીતે દરેક ધંધાની પેઠે તબીબી ધંધો પણ ધંધાદારી યુક્તિઓથી ભરેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તબીબી ધંધા મારફતે વધતા જતા ગર્ભપાતો તરફ ધ્યાન દોરતાં કોલમ્બસ, (ઓહીઓ)ના ડૉ. એ. બી ડેવનપોર્ટે પોતાના શહેરની એકેડેમી ઑફ મેડિસીન આગળ ભાષણ આપતાં જણાવ્યું હતું કેઃ "હું તમારી આગળ એ સ્પષ્ટ કરવા માગું છું કે આ ગુનો કરનારાઓ કેવળ તબીબી ધંધાની બહારના માણસો છે એવું નથી. હું જાણું છું અને તમે પણ જાણો છો કે ખરેખર તેમ નથી. આમાં તો કાયદેસર રીતે કામ કરનારા દાક્તરો ભાગ ભજવી રહ્યા છે. આ ગુના માટે સામાન્ય રીતે દાયણો, ઊંટવૈદો, અને ભયંકર દવાઓના દલાલોને દોષ દેવામાં આવે છે, પણ મારા અનુભવ અને અભિપ્રાય મુજબ આ ગુનામાં દાક્તર સૌથી વધુ ભાગ ભજવે છે. પણ એનું નામ દેવું એ આપણી ધંધાદારી શરમ કબૂલ કરવા જેવું છે. જે કરતાં આપણામાંના ઘણા બચકાય છે. એટલે એનું નામ દેવાતું નથી. આવા લોકોને આપણે આપણા ધંધામાંથી કાઢવા પડશે, અને જ્યારે આપણે એમ કરી શકીશું, ત્યારે આ ભયંકર કામ કરતા બાકીના લોકોની સંભાળ કાયદો લઈ લેશે, એ સબંધી આપણે ખાત્રી રાખવી."

દુષ્ટ હેતુપૂર્વક થતા ગર્ભપાતો બાદ કરીએ તોપણ, અનેક રોગોમાં દાક્તરો એમને મળેલી ખોટી કેળવણીને લઇને "માતાની તન્દુરસ્તી બચાવવા" ગર્ભપાતો કરાવે છે, અને ઉંદરની માફક બિનજન્મેલાં બાળકોનો નાશ કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. સોવિયેટ રશિયામાં દાક્તરોની વિકૃત સલાહને અંગે ગર્ભપાતની ઘેલછા કેટલી ભયંકર હદે પહોંચી હતી એ આપણે સૌ જાણીએ છીએ.

પ્રિવેન્ટિવ મેડિસિનનું પાખંડ

આપણે આગળ જોઇ ગયા કે રોગો અટકાવવા માટે આજસુધી તબીબોએ કશું જ કર્યું નથી. પણ વીસમી સદીમાં જ્યારે ઍલોપૅથી સિવાય અન્ય ચિકિત્સાપદ્ધતિઓના પ્રતિનિધિઓએ એમણે અસાધ્ય કહીને છોડી દીધેલા દર્દીઓને સાજા કરી લોકોને પોતાના તરફ આકર્ષવા માંડયા, ત્યારે પોતાનો પડી ભાંગતો ધંધો સાચવવા એમણે 'પ્રિવેન્ટિવ મેડિસિન'–રોગપ્રતિબંધક વૈદક–નામનો એક નવો તુક્કો ઊભો કર્યો.

આ શાસ્ત્રનું નામ જ દાક્તરોની દવાઓ ઉપરની અંધશ્રદ્ધા દર્શાવનારું અને લોકોને ઊંધે રસ્તે દોરનારું છે. જો દવાઓથી રોગો મટી ન શકે, તો પછી એનાથી અટકી તો શી જ રીતે શકે? પણ 'પ્રિવેન્ટિવ મેડિસિન' એ શબ્દ દાકતરોનું માનસ સ્પષ્ટ રીતે દર્શાવે છે. 'સાજા માણસે સાજા રહેવું હોય તોય દવા લેવી જોઇએ. રોગ અટકાવવા દવા લો. રોગ મટાડવા દવા પીઓ.' આ પ્રકારની એમની વિચારસરણી છે. દવા વિના તો તેઓ તન્દુરસ્તીનો વિચાર જ કરી શકતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ માને છે કે દરેક રોગ જુદાજુદા જંતુથી થાય છે. એ અટકાવવા માટે એમણે જાતજાતની રસીઓ બનાવી છે. જે રોગ અટકાવવો હોય, તેની રસી મુકાવો. શીતળા, ડિપ્થેરિઆ, પ્લેગ, કૉલેરા, મેનિન્જાઇટિસ, એ રીતે અસંખ્ય રોગોની રસીઓ બનાવવામાં આવી છે. હવે જો માણસે નીરોગી રહેવું હોય અને શરીર એવું બનાવવું હોય કે એને કોઈ પણ રોગ લાગુ ન પડે, તો એણે સેંકડો રોગોની રસીઓનાં ઇન્જેકશનો લેવાં જોઈએ !!! 'પ્રિવેન્ટિવ મેડિસિન' ના ફારસનો આ સાર છે. વળી એમાં ખાસ ખૂબી તો એ છે કે આ દરેક રસી ફકત દાકતરોની નજરમાં જ સફળ નીવડી છે. દર્દીઓને તો એનાથી સહેજે રાહત મળી નથી !

જંતુવાદ, વિવિસેકશન અને સિરમ–થીરપીની માયાવી ત્રિપુટીમાંથી આ આખું પ્રિવેન્ટિવ મેડિસિનનું ફારસ ઊભું થયું છે. વર્ષોના જૂઠા શિક્ષણથી જેમની બુદ્ધિ બુઠ્ઠી નથી થઈ ગઇ, અને જે પોતાની જાતે સ્વતંત્ર રીતે વિચાર કરી શકે એમ છે એવા અપ્રામાણિક દાકતરોએ અને વિચારકોએ આ નવા તબીબી તુકકાની નિષ્ફળતા જાહેર કરી છે.

દવાવાદની સિદ્ધિઓ

વિજ્ઞાનની સિદ્ધિઓ વિષે આપણે અવારનવાર છાપાંમાં લેખો વાંચીએ છીએ. વિજ્ઞાનની અન્ય શાખાઓ જેવી કે ભૌતિકશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર વ. ના દિગ્વિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયો તો નરી આંખે પણ જોઈ શકાય એવા છે. પણ વૈદક-શાસ્ત્રે તો અનારોગ્યનો પ્રશ્ન ઉકેલવામાં કશી જ પ્રગતિ કરી નથી.

હવે દાકતરો 'મેડિકલ સાયન્સ'ની પ્રગતિ વિષે કયા કયા દાવાઓ કરે છે એ જરા જોઇએ, તેઓ કહે છે: "દાકતરી વિદ્યાથી દરેક સુધરેલા દેશમાં માનવીની સરેરાશ આયુષ્ય-મર્યાદા વધી છે, રોગચાળાઓ ઘટી ગયા છે. શીતળા અટકી છે, મેલેરીઆ, હડકવા, ડિપ્થેરિઆ અને એવા જ અનેક રોગોના છેવટના ઉપાયો જડી ચૂકયા છે. ચેપી રોગો લાગુ ન પડે એને માટે અનેક સફળ રસીઓ શોધાઇ છે. બાળ-મરણનું પ્રમાણ ઘટી ગયું છે. પ્રજાની તન્દુરસ્તીનું ધોરણ ઊંચકાયું છે. કૅન્સર વિષે મોટા પાયા પર શોધખોળ ચાલી રહી છે."

આ દાવાઓમાંના કેટલાક સાચા છે, અને બાકીના કાલ્પનિક છે. સરેરાશ આયુષ્યમર્યાદાનો વધારો બાળમરણના ઘટાડાને લઇને થયો છે. રોગચાળાઓ હવા-ઉજાસવાળાં ઘરો, મોટા રસ્તાઓ અને નગરસ્વચ્છતાને લઇને ઘટયા છે. સંસ્કૃતિના વિકાસને લઇને લોકોને પૌષ્ટિક ખોરાક, હવા, પ્રકાશ આરામ, સ્વચ્છતા અને રમતગમતનાં સાધનો મળે અને એનાથી બાળમરણનું પ્રમાણ ઘટે કે સરેરાશ આયુષ્યમર્યાદા વધે, એમાં 'મેડિકલ સાયન્સે' શી ધાડ મારી એ સમજી શકાતું નથી. આ તો સંસ્કૃતિની સિદ્ધિઓ દવાવાદના ચોપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડામાં જમે કરવાની ચાલબાજી છે. જે 'મેડિકલ સાયન્સ' ઇંગ્લેંડમાં છે, એનું એ હિંદુસ્તાનમાં છે. ઇંગ્લેંડનું સરેરાશ આયુષ્યપ્રમાણ ૫૪ અને હિંદુસ્તાનનું ૨૩ છે. જો મેડિકલ સાયન્સમાં જ આયુષ્ય વધારવાનો ચમત્કાર હોય તો શા માટે હિંદુસ્તાનનું સરેરાશ આયુષ્યપ્રમાણ ૫૪ નથી થઇ જતું ? સુધરેલી દુનિયામાંથી શીતળા ઘટવાનું કારણ વૅક્સિનેશન નથી, પણ સેનિટેશન છે. કોઇ દાક્તરે આજસુધી એક પણ રોગનો ઉપાય શોધી કાઢયો નથી. તેમજ કોઇ રસી આજસુધી સફળ નીવડી નથી. કૅન્સર જેવા રોગો માટે ચાલી રહેલી તબીબી શોધખોળનું પરિણામ આજસુધી શૂન્યમાં આવ્યું છે.

દાક્તરોએ એવી અનેક દવાઓ શોધી કાઢી છે કે જે દર્દીઓને તાત્કાલિક રાહત આપે છે. પણ એનો અર્થ એવો નથી જ થતો કે એ રોગને જડમૂળથી મટાડી શકે છે.

કોઇ એમ પ્રશ્ન કરે કે આજના વૈદકશાસ્ત્રમાં કશું જ ઉપયોગી કે કલ્યાણપ્રદ નથી ? એનો જવાબ એ છે કે દવાઓના ક્ષેત્રમાં કશું જ નથી. શસ્ત્રવિદ્યાના ક્ષેત્રમાં ૫–૧૦ ટકા એવી શોધો છે કે જેને આપણે સર્જક સર્જ્યરી (Constructive Surgery) કહી શકીએ અને એ જરૂર અકસ્માત સમયે માનવકલ્યાણ માટે મહત્ત્વની છે.

પણ દાકતરો જે રસીઓની સફળતા વિષે પ્રજાને માહિતી આપે છે, એમની ઉપયોગિતા તો હકીકતો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંકડાઓથી (Facts and Figures) સિદ્ધ થઇ ગઇ હોય છે એનું કેમ ?

એ બરાબર સમજવા માટે આપણે

આંકડાઓની ઇંદ્રજાળ

કેમ રચાય છે, એ સમજવાનો પ્રયત્ન કરવો પડશે.

દાક્તરો જે આંકડા પ્રજા આગળ રજૂ કરે છે, એ જો અણીશુદ્ધ હોય તો અમારે એની વિરુદ્ધમાં કશું જ કહેવાનું રહેતું નથી. સાચી હકીકત તો એ છે કે એકઠી થયેલી માહિતી અને આંકડાઓ ઉપર પૂરતી વાઢકાપ થયા પછી જ એમને પ્રજા આગળ રજૂ કરવામાં આવે છે.

શીતળાની રસીની સફળતા સિદ્ધ કરવા માટે અનેક જાતનાં જુઠ્ઠાણાં, અતિશયોકિતઓ અને વિકૃત હકીકતો રજૂ કરવામાં આવી છે.

ડૉ. ડબલ્યુ. બી. કારપેન્ટર નામના વૅકિસનેશનના હિમાયતી તબીબે નીચેનું નિવેદન બહાર પાડયું હતું. " આજથી સો વર્ષ ઉપર એકલા લન્ડનમાં દસ લાખથી ઓછી વસ્તી હોવા છતાં, શીતળાથી જેટલાં મરણો થતાં, એનાંથી ઓછાં મરણો આજે (૧૮૮૧) ઇંગ્લેંડ અને વેલ્સની વસ્તીમાંથી, ૨૦ લાખની વસ્તીમાં આખા વરસમાં થાય છે."

પણ આ પ્રશ્ન ઉપર ડૉ. વૉલેસ નામનો સુવિખ્યાત આંકડાશાસ્ત્રી નીચે મુજબ પ્રકાશ પાડે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દરેક જાણકારને એ માહિતી છે કે ગઇ સદીમાં શીતળાનું ઊંચામાં ઊંચુ મરણપ્રમાણ જો કોઇ વર્ષમાં હોય તો તે ઇ. સ. ૧૭૭૨માં ૩૯૯૨ હતું. જ્યારે ઇ. સ. ૧૮૭૧માં એ લન્ડનમાં ૭૯૧૨ હતું, અને એ જ વર્ષમાં ઇંગ્લૅંડ અને વેલ્સમાં એ ૨૩,૦૦૦ હતું."

આ ઉપરથી ડૉ. કારપેન્ટરની ભૂલ ખાનગીમાં કબૂલ કરવામાં આવી હતી, પણ જાહેર રીતે એનો સ્વીકાર કદી થયો જ નથી!

એ જ રીતે સર લાયન પ્લેફેર એમ. ડી. જે એક લન્ડનનો વૅકિસનેશનનો ઉત્સાહી હિમાયતી હતો, એણે ઇ. સ. ૧૮૮૩માં એક એવી વાત જોડી કાઢી કે, "ગઇ, ફ્રેન્કો-પ્રૂશિયન લડાઇમાં જર્મન સૈન્યમાં બધાને વૅકસિનેશન કરવામાં આવ્યું હતું. જ્યારે ફ્રેન્ચ લશ્કરમાં એ પ્રમાણે નહોતું. એનું પરિણામ એ આવ્યું કે જર્મન લશ્કરમાં ૨૬૩ મરણ થયાં જ્યારે ફ્રેંચ સૈન્યમાં ૨૩,૪૬૯ મરણ થયાં."

આની આ વાત પૂરતી તપાસ વિના ડૉ. ડબલ્યુ. બી. કારપેન્ટરે ફેલાવી. પણ જ્યારે આ બાબત વિષે પૅરિસ અને બર્લિનમાં તપાસ કરવામાં આવી ત્યારે માહિતી મળી કે, ફ્રેંકો-જર્મન યુદ્ધ દરમિયાન ઇ. સ. ૧૮૭૦-૭૧માં, કોઇ પણ જાતના સરકારી આંકડા એકઠા કરવામાં આવ્યા જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે બીજો તબીબી ગપગોળો ઉઘાડો પડયો. ડૉ. કારપેન્ટરનું જ્યારે આ બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું, અને જરૂરી સરકારી કાગળો એની આગળ રજૂ કરવામાં આવ્યા, ત્યારે એને પોતાનું નિવેદન પાછું ખેંચી લેવાની ફરજ પડી. અને એણે ૭મી ઑગસ્ટ ૧૮૮૩ નાં લન્ડનનાં બધાં છાપાંમાં એ રીતનું નવું નિવેદન જાહેર પાડયું.

આમ હોવા છતાંએ ફ્રેંકો-પ્રૂશિયન લડાઇને લગતો આ ગપગોળો હજી ચાલ્યા જ કરે છે.

હવે ડિપ્થેરિઆ એન્ટિ-ટૉકિસનનો ઇતિહાસ જોઇએ.

દાકતરોનું કહેવું એમ છે કે આ રસીની શોધથી ડિપ્થેરિઆનું મરણપ્રમાણ જે પહેલાં દર સોએ પચાસ હતું, એ હવે ઘટીને પચીસ થઇ ગયું છે. આ દાવો સિદ્ધ કરવા માટે તબીબી રિપોર્ટોમાં ડિપ્થેરિઆના કેસોનું પ્રમાણ બમણું કરવામાં આવ્યું છે, એટલે કે આ રસી શોધાયા પછી જે બાળકોને શરદી થઇ હોય કે સહેજસહાજ ગળું સૂજયું હોય, એમનું દર્દ પણ ડિપ્થેરિઆ તરીકે પારખવામાં આવતું, અને એ રીતે દર્દીઓની સંખ્યામાં બેહદ વધારો કરી,એમણે મરણપ્રમાણ ઘટી ગયું છે, એમ સિદ્ધ કર્યું !

આ રીતે આ રસી શોધાયા પહેલાં મૅસેચુસેટસમાં ૪૫૦૦ કેસો દર વર્ષે થતા, પણ રસી પછી ૯૫૦૦ કેસ થવા માંડયા. ઇંગ્લેંડના કેસોમાં ૧૦ ટકા વધારો થયો, અને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે મરણપ્રમાણમાં ઘટાડો થયો. લન્ડનમાં રસી પહેલાં દરસાલ ૨૦૦૦ થી ઓછા કેસ થતા, જ્યારે રસી પછી ૭૦૦૦ ઉપરાંત થવા માંડયા! પણ મરણપ્રમાણ અડધું પણ ઘટયું નહિ. ફિલાડેલ્ફિઆમાં પહેલાં ૩૦૦૦ કેસ થતા, જ્યારે પછીથી ૫૦૦૦ થવા માંડયા, જ્યારે મરણપ્રમાણ ફક્ત ચાર ટકા ઘટયું!

એન્ટિ-ટૉકિસનની "શોધ" ઇ. સ. ૧૮૯૪માં થઈ. સેન્ટ પીટસબર્ગમાં ઇ. સ. ૧૮૯૨માં ડિપ્થેરિઆથી ૩૩૩ મરણ થયાં અને ઇ. સ. ૧૮૯૩માં ૩૭૮ થયાં. જ્યારે ઇ. સ. ૧૮૯૬ અને ૧૮૯૭માં, જ્યારે એન્ટિ-ટૉકિસન છૂટથી વાપરવામાં આવતું ત્યારે, આ રોગથી ૧૧૧૮ અને ૧૯૦૫ મરણ થયાં!

મેનિન્જાઇટિસની રસીની સફળતા સિદ્ધ કરવા માટે ડિપ્થેરિઆ કરતાં ઊંધો જ રસ્તો લેવામાં આવ્યો. રસી આપ્યા પછી આ રોગથી જે લોકો શરૂઆતના દિવસોમાં કે અઠવાડિયામાં મરી જતાં, એમને બાતલ કરી નાખી બાકી રહેલા દર્દીઓની ગણત્રી કરીને મેનિન્જાઇટિસની રસી સફળ થઇ છે એમ દુનિયા આગળ જાહેર કરવામાં આવ્યું! ડિપ્થેરિઆમાં દર્દીઓ વધારીને મરણપ્રમાણ ઘટાડયું. મેનિન્જાઇટિસમાં દર્દીઓ ઘટાડીને મરણપ્રમાણ ઓછું છે એમ સાબિત કર્યું. આ રીતે 'મેડિકલ સાયન્સ'નું રસીશાસ્ત્ર ચાલ્યા કરે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજની તબીબી કેળવણી

આપણી કેળવણીની પદ્ધતિ માટે આજે ચારે બાજુથી અસંતોષ દર્શાવવામાં આવે છે. એમાં ઉદ્દામ સુધારાઓ થવા જોઇએ એવી હિમાયત સૌના તરફથી થાય છે. પણ એમાં તબીબી કેળવણી વિષે ભાગ્યે જ એક અક્ષર પણ ઉચ્ચારવામાં આવે છે.

આ કેળવણીમાં એવી અનેક વસ્તુઓ-શીખવવામાં આવે છે કે જેનો વ્યવહારુ જિંદગીમાં બહુ જ ઓછો ઉપયોગ હોય છે. જંતુશાસ્ત્ર, સેંકડો દવાઓ, એ અને એવી અનેક ગોખેલી બાબતોનો દર્દીઓને સાજા કરવામાં બહુ ઓછો ઉપયોગ હોય છે.

કૉલેજ છોડયા પછી ભૂલવા માટે જ શિખાતી બાબતો પાછળ અઢળક નાણાં ખર્ચાય છે. ગ્રેજયુએટ થયા પછી વિદ્યાર્થી એક અતિશય ધક્કાધક્કી (Overcrowding) વાળા ધંધામાં પ્રવેશ કરી બેકારી અનુભવે છે.

આ કેળવણી વિદ્યાર્થીની મૌલિકતા છૂંદી નાખે છે. એની સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિને ચારે બાજુથી ગૂંગળાવવામાં આવે છે. એના શિક્ષકો જે કાંઇ કહે એને એ વેદવાક્ય માની બેસે છે. એક સામાન્ય દાખલો લઇએ. એવા ઘણા કેસો હોય છે કે જેમાં દાક્તરો નિષ્ફળ જાય છે. ત્યાર પછી જ્યારે એમાંના કોઇ દર્દીઓને હોમિયોપૅથો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિસર્ગોપચારકો, વૈદો કે હકીમો સાજા કરે છે, ત્યારે આ લોકો સાજા શી રીતે થયા એ સમજવાની દાક્તરો સહેજે પરવા કરતા નથી. જે દર્દીઓની એમણે આશા છોડી દીધી હોય છે, એમને નવજીવન શી રીતે પ્રાપ્ત થયું એનું એમને રજ પણ કુતૂહલ થતું નથી. એમને શીખવેલા સિદ્ધાંતોમાંથી એમની અંધશ્રદ્ધા પણ ઘટતી નથી અને છતાં આ પ્રકારની કેળવણી–જે જ્ઞાનમાત્રના સળ કુતૂહલને છૂંદી નાખે છે, એને–વૈજ્ઞાનિક તાલીમને નામે ઓળખવામાં આવે છે !

આપણા જમાનાની તબીબી કેળવણી વિષે ઇંગ્લેંડનો જગમશહૂર સર્જ્યન

સર વિલિયમ આરબુથનોટ લેન

"ડેલીમેલ" નામના છાપામાં કહે છે કે :—

"નવો તૈયાર થયેલો દાક્તર જ્યારે પ્રૅક્ટિસ શરૂ કરે છે ત્યારે એને વધુમાં વધુ આશ્ચર્ય તો એ થાય છે કે વિદ્યાર્થી તરીકેની એની આખી યે કારકિર્દી દરમિયાન, એના શિક્ષકોએ એને આહારશાસ્ત્ર સબંધી તદ્દન નજીવી માહિતી આપી હોય છે.

વૈદકનો વિદ્યાર્થી પોતાની કંટાળાભરેલી અને અતિ-લાંબી કારકિર્દી દરમિયાન બ્રિટિશ ફાર્માકોપીઆનું ભૂસું પોતાના ભેજામાં ભરવા મથામણ કર્યા કરે છે. અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતની દવાઓનાં મૂળ, બનાવટ અને ગુણો વિષે એ ગોખણપટ્ટી કરે છે, કારણ કે પરીક્ષામાં એને આ પ્રકારના પ્રશ્નોનો સામનો કરવાનો હોય છે.

પણ જ્યારે એ દરદીઓની સારવાર કરવાની શરૂઆત કરે છે, ત્યારે એ હતાશ બને છે. એણે દવાઓ વિષેનું વિશાળ જ્ઞાન, જે આટલી બધી મુશ્કેલીથી અને આટલી બધી ખર્ચાળ રીતે મેળવ્યું હોય છે, એનો એના કામમાં કશો જ ઉપયોગ હોતો નથી, અને તદ્દન નજીવી સંખ્યામાં દવાઓ એની બધી જરૂરિયાતોને પહોંચી વળી શકે એમ છે. જ્યારે એના દર્દીઓ એની પાસે આરોગ્ય ઉપર આહારની અસર વિષે જ્ઞાન મેળવવા માગતા હોય છે ત્યારે તે આપી શકતો નથી.

જુદા જુદા ખોરાકના ગુણો વિષે, કે રોગો દૂર કરવામાં અને આરોગ્યપ્રાપ્તિમાં કસરતના કાર્ય વિષે એને કશી જ ગતાગમ હોતી નથી કારણ કે એમને એ પ્રકારની તાલીમ મળી હોતી નથી!!

પ્રજાને કેવી રીતે છેતરવામાં આવે છે?

આજે તો પ્રજાને જીવન, આરોગ્ય અને ચિકિત્સા સંબંધી સાચી માહિતી મળવી બહુ મુશ્કેલ છે. દૈનિક છાપાંઓથી માંડીને એન્સાઇક્લોપિડિઆ સુધીની કિતાબો ડાક્તરોએ ભણાવેલાં જુઠાણાં પોપટની માફક પઢયે જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ કોઇ જાણે છે કે 'એન્સાઇકલોપિડિઆ બ્રિટાનિકા' એ સર્વસંગ્રહોનો રાજા છે. એમાં રજૂ કરવામાં આવેલી માહિતીને સૌ સાચી અને પ્રમાણભૂત માને છે.

જ્યારે આ મહાગ્રંથની નવમી આવૃત્તિ છપાતી હતી, ત્યારે એના તંત્રી ડૉ. ચાર્લ્સ કેઇઘટન પાસે ગયા, અને એમણે 'વૅકિસનેશન' વિષે લેખ માગ્યો. ડૉ. કેઇઘટન પાસે જવાનું કારણ એટલું જ હતું કે એ તે વખતે જગતનો આ વિષયનો સમર્થમાં સમર્થ અભ્યાસી હતો. ડૉ. કેઇઘટને જવાબ આપ્યો; "હું વૅકિસનેશનનો આજ સુધી ચુસ્ત હિમાયતી હતો. પણ આ વિષયનો પૂરતો અભ્યાસ કર્યા પછી મારા વિચારો ફર્યા છે. આજે હું એનો કટ્ટરમાં કટ્ટર વિરોધી થયો છું." તંત્રીએ કહ્યું: "હરકત નહિ. તમારો લેખ મને આપો. હું છાપીશ." એટલે એણે એક પંદર કૉલમનો લેખ આપ્યો. જેમાં વૅકિસનેશનને અને વિજ્ઞાનને કશું લાગતું વળગતું નથી, એમ એણે સિદ્ધ કર્યું. નવમી આવૃતિ બહાર પડી, લેખ વંચાયો, અને ઇંગ્લેંડના તબીબોમાં કાગારોળ થઇ રહી !

જો વકિસનેશન એ વૈજ્ઞાનિક પ્રથા નથી પણ એક જંગલી વહેમ છે, એમ સાબિત થાય તો હજારો દાકતરોની લાખો શિલિંગની આવક ઉપર જીવલેણ ફટકો પડે ! આપણે ત્યાં બળિયાની રસી રાજ તરફથી મૂકવામાં આવે છે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશ્ચિમના દેશોમાં મોટે ભાગે ખાનગી દાકતરો એ રસી મૂકે છે અને એમાં એમને સારી કમાણી છે

બીજી બાજુ આ લેખે પંડિતોમાં અને નિષ્ણાતોમાં ખળભળાટ મચાવ્યો. કિંગ્સ કૉલેજ, લંડનના સુવિખ્યાત પ્રાણીશાસ્ત્રી (biologist) પ્રો. એડગર એમ. કૂકશેન્કે, ડૉ. કેઇઘટનના વિચારોની સત્યાસત્યતાની તપાસ માટે આ વિષય પાછળ બે વર્ષ સુધી શોધખોળ કર્યા કરી. ત્યારબાદ એને ખાત્રી થઇ કે ડૉ. કેઇઘટનના વિચારો બરાબર છે. ત્યાર પછી એણે "History and Pathology of Vaccination" "બળિયાની રસીનો ઇતિહાસ અને એનું રોગશાસ્ત્ર" એ નામનો એક ગ્રંથ બે ભાગમાં બહાર પાડયો. વૅકિસનેશનની તપાસ માટે નિમાયેલા "બ્રિટિશ રૉયલ કમિશન" આગળ એણે વકિસનેશનની વિરુદ્ધ જુબાની આપી. અન્ય જે જે વિદ્વાનોએ આ વિષયની બન્ને બાજુઓ જોવાનો પ્રયત્ન કર્યો, એમને ડૉ. કેઇઘટનના લખાણે સંતોષ આપ્યો. ડૉ. કેઇઘટનને જુઠ્ઠો પાડવા માટે કોઇ જાહેરમાં ન આવ્યું.

થોડાં વર્ષો પછી "એન્સાઇકલોપિડિઆ બ્રિટાનિકા"ની દશમી આવૃત્તિ બહાર પડી. એમાં 'વૅકિસનેશન'ની હિમાયત કરતો એક નવા દાક્તરનો લેખ જોઇને લોકો દિગ્મૂઢ બન્યા! હજી ચૌદમી આવૃત્તિ સુધી વૅકિસનેશનની હિમાયત ચાલ્યા કરે છે. એટલું જ નહિ પણ હજારો પ્રામાણિક ઍલોપૅથીના દાક્તરો વૅકિસનેશનના કટ્ટર વિરોધીઓ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સત્યની પણ વકિસનેશનના લેખમાં નોંધ લેવામાં આવતી નથી.

ઍલોપૅથીનો કોઇ પણ દાક્તર તબીબી તંત્રે (Official Medicine) નક્કી કરેલા ગમે તેવા બેહૂદા સિદ્ધાંતોની સામે સહેજ પણ ચૂં કે ચાં કરે, તો પછી એ ગમે તેવો મોટો હોય કે ગમે તેટલો સાચો હોય તોપણ એને લાત મારીને ઉથલાવી નાખતા, તબીબી આલમના વડેરાઓને વાર લાગતી નથી. દાક્તરોના હિતની દૃષ્ટિએ જે વિચારો નક્કી થયા હોય એ જ વિચારોનો કોઇપણ ભોગે પ્રચાર થવો જોઇએ.

દાકતરી ચોરીઓ

સાહિત્યમાં ચોરીઓ પકડવાની પ્રજા જેટલી કાળજી રાખે છે, એનાથી સોમા ભાગની કાળજી જો ચિકિત્સાના ક્ષેત્રમાં ચોરીઓ પકડવાની રાખતી હોત, તો અનેક તબીબોને ભૂખે મરવાનો વારો આવત. ક્ષયને માટે ખુલ્લી હવાની સારવાર, ટાઇફોઇડ અને અન્ય તાવોમાં જલોપચાર, બાળકો માટે આહાર-ચિકિત્સા અને અનેક રોગો માટે લંઘન-ચિકિત્સા, તેમજ પ્રકાશ-ચિકિત્સા અને જલોપચારનું આખુંયે શાસ્ત્ર, એમાંની એક પણ શોધ ઍલોપૅથોએ કરી નથી. પરભારી નિસર્ગોપચારમાંથી ચોરીઓ કરી લીધી છે.

એટલું જ નહિ પણ આ શોધો મેડિકલ સાયન્સની છે, એમ ચોતરફ તબીબી લેખકો લખીને પ્રજાને ભરમાવી રહ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાઇફોઇડ તાવનો જ દાખલો લઇએ. ઓગણીસમી સદીમાં દાક્તરી સારવાર નીચે આ માંદગીના દર સો દર્દીઓમાંથી ૫૦ થી૬૦ દર્દીઓ મરતા. બીજી બાજુ જલોપચારના જનક વિન્સેન્ટ પ્રિસનિટ્ઝે આ માંદગી માટે જે સારવાર શોધી કાઢી હતી એનાથી દર સોએ પાંચથી પણ ઓછા દર્દીઓ મરતા. આ નવી સારવારથી દર્દીઓની જિંદગી બચાવવાના ગુના માટે નિસર્ગોપચારકોને પકડી પકડીને દવાવાદના મુલ્લાંઓએ, એમની ઉપર કેસો ચલાવ્યા, જેલોમાં પૂર્યા, અને અન્ય દરેક રીતે પાયમાલ કર્યા. આવો કાળો કેર સુધરેલા યુરોપમાં પચાસ પચાસ વર્ષો સુધી ચાલ્યો. આખરે લોકમત એટલો બધો કેળવાયો, કે દાકતરો જો આ નવી પદ્ધતિ ન સ્વીકારે તો એમનો ધંધો જડમૂળથી ઊખડી જાય એવી પરિસ્થિતિ ઊભી થઇ. એટલે ન છટકે એમણે આ સુધારો કર્યો. ત્યારપછી આખીયે દુનિયામાં ટાઇફોઇડ માટે જલોપચારની પદ્ધતિ ફેલાઇ.

હકીકતો આવી દીવા જેવી ચોખ્ખી હોવા છતાં સર વિલિયમ ઓસ્લર એમ. ડી. જેવો જવાબદાર માણસ "એન્સાઇકલોપિડિઆ અમેરિકાના"માં "મેડિસિન"ના લેખમાં લખવાની ધૃષ્ટતા કરે છે કે : "આ સુધારો પૅરિસ અને વિયેનાના તબીબોની શોધખોળોને આભારી છે." એટલું જ નહિ પણ આ સારવારનાં મૂળ અને ઇતિહાસ વિષે એ એક અક્ષર પણ લખતો નથી. આવી તો દવાવાદના નેતાઓની ન્યાયબુદ્ધિ છે અને આવો સત્ય માટેનો પ્રેમ તેઓ ધરાવે છે!!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે ઓસ્લર જેવો લેખક આવું જૂઠાણું ચલાવે, ત્યારે સામાન્ય તબીબી લેખકોની તો વાત જ શી કરવી ?

આજ પ્રકારની લબાડી પ્રકાશ-ચિકિત્સાના સંબંધમાં કરવામાં આવી છે. આ સારવારનો શોધક સ્વિટ્ઝરલેન્ડનો આર્નોલ્ડ રિકલિ નામનો મહાન નિસર્ગોપચારક હતો. એણે આ દિશામાં ઇ. સ. ૧૮૫૫ની સાલથી કામ શરૂ કર્યું હતું. આમ હોવા છતાં એના પછી થયેલા, અને એની જ શોધો ઉપર કામ કરનારા ફિન્સેન અને રૉલિયેરને આ પદ્ધતિના મુખીઓ માનવામાં આવે છે.

સરકારની દરમિયાનગીરી

જ્યારે જ્યારે લોકમતનો તાપ ઉગ્ર થયો છે, અને સરકારે તબીબી ધંધાની સ્વતંત્ર રીતે તપાસ કરી છે, ત્યારે ત્યારે દાકતરોનાં અનેક ભોપાળાં ફૂટયાં છે.

ઈ. સ. ૧૭૪૦ની ફ્રેન્ચ પાર્લામેન્ટે ખાસ કાયદો પસાર કરીને દાકતરોને વામક દવાઓ વાપરવાની મનાઇ કરી.

ઇંગ્લેંડ, સ્વિટ્ઝરલૅન્ડ અને હોલૅન્ડની સરકારોએ ખાસ કમિશનો નીમીને વૅકિસનેશન એ રોગવર્ધક પ્રથા છે એવું સાબિત થતાં ફરજિયાત વૅકિસનેશન નાબૂદ કર્યું. અમેરિકામાં કૅલિફૉર્નિયા, ઉટા અને બીજા સંસ્થાનો ઉપરાંત શિકાગોની મ્યુનિસિપાલિટીએ ફરજિયાત વૅકિસનેશન નાબૂદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું. લીગ ઑફ નેશન્સનો રિપોર્ટ પણ વકિસનેશનને રોગવર્ધક પ્રથા તરીકે જાહેર કરે છે.

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના ન્યુ જર્સી સ્ટેટમાં સર્જનોના દ્રવ્યલોભમાં દર્દીઓના આરોગ્યનો સર્વનાશ ન થાય, એટલા માટે બિનજરૂરી ઑપરેશનો સામે દર્દીઓને રક્ષણ આપનારો કાયદો પસાર કરવામાં આવ્યો છે.

અમોરકન સૈન્યના સો સૈનિકોને ફર જયાત લેવી પડતી શીતળા અને ટાઇફોઇડની રસીથી જ્યારે પ્રેસિડેન્ટ કૂલિજના દીકરાનું મરણ થયું, ત્યારે દુનિયાને આ રસીઓને નામે સિંચાતાં હળાહળોનો કંઇક ખ્યાલ આવ્યો.

ઑસ્ટ્રિયાની સરકારે હમણાં જ ટૉકિસન-એન્ટિટૉકિસનના નામે ઓળખાતી ભયંકર સિરમ સામે કાયદો પસાર કરી, દાકતરોને એ વાપરવાની મનાઇ કરી છે.

હજી તબીબી ધંધાના એવા અનેક અંધારા ખૂણા છે, કે જ્યાં સત્યની મશાલથી પ્રકાશ ફેંકવામાં આવે, તો એવી અનેક હકીકતો મળી આવે કે જે જોઇને પ્રજા તાજ્જુબ થાય.

અમારો વિરોધ શાની સામે છે ?

અનેક દાકતરો સાથે અંગત પિછાન, થોડા માટે ખૂબ સન્માન, અને મોટા ભાગના તરફ શુદ્ધ અણગમો હોવા છતાં, દાકતર તરીકેની કોઈ પણ વ્યકિતને અન્યાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા માટે આ પુસ્તક લખાયું નથી. અમારો વિરોધ જેટલો દવાઓ સામે છે, એટલો દાકતરો સામે નથી. અમે વાઢકાપના વિજ્ઞાનની વિરુદ્ધ નથી, પણ વાઢકાપના હડકવાની વિરુદ્ધ છીએ. અમે પ્રાણીઓ અને માનવીઓ ઉપર જો નિર્દોષ પ્રયોગો થતા હોય તો તેની વિરુદ્ધ નથી, પણ વિવિસેકશનને નામે થતા અમાનુષી અત્યાચારો અને પાપાચારોની વિરુદ્ધ છીએ. દાકતરો ભારે ફી લે એ યોગ્ય છે કે અયોગ્ય એ એક સ્વતંત્ર પ્રશ્ન છે, પણ એ પૈસા પેદા કરવા માટે, એ પ્રજામાં રોગો ફેલાવે એની સામે સૌને ઉગ્રમાં ઉગ્ર વાંધો હોવો જ જોઇએ. એવા અનેક દાકતરો છે કે જેમની ખાનદાની, લાયકાત અને માનવ-પ્રેમ માટે ભાગ્યે જ કોઇ વિરોધનો સૂર ઉઠાવી શકે. એમને શીખવવામાં આવતા સિદ્ધાંતો મુજબ, એમનાથી બની શકતું, એમના દર્દીઓનું ભલું કરવા એ મથી રહ્યા છે. આવા લોકોની વિરુદ્ધમાં અમારે કશું જ કહેવાનું નથી.

એટલું જ નહિ પણ પશ્ચિમના દેશોમાં જે હજારો બહાદુર, બુદ્ધિશાળી અને પ્રામાણિક દાક્તરો, દવાવાદની ધૂંસરી ફગાવી દઇને, અંગત સ્વાર્થનો ભોગ આપીને તન્દુ-રસ્તી સબંધી સાચા જ્ઞાનનો પ્રજામાં પ્રચાર કરી રહ્યા છે, એમના કાર્ય તરફ અમે અતિશય સન્માનની નજરે જોઇએ છીએ.

તબીબી ધંધાની ચાલુ અંધાધંધી માટે ગાડરિયા પ્રવાહમાં જાતો સામાન્ય પ્રૅક્ટિશનર સહેજે જવાબદાર નથી. એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે જો કોઇ જવાબદાર હોય તો તે તેમના અગ્રેસર મહંતો જ છે. આજે ચાલતો તબીબી ધંધો એ ડગલે ને પગલે છેતરપિંડીનો ધંધો છે. તેઓ પોતાની છાવણીમાં સાચા અને સાફ દીલના દાકતરોને સંઘરી શકતા નથી. પ્રજાનું કલ્યાણ કરવા મથનાર સેંકડો દાકતરોને એમણે પોતાની જમાતમાંથી લાત મારીને હાંકી મૂકયા છે. આ રીતે જોવા જતાં વ્યકિતગત રીતે અનેક દાકતરો ઉમદા માણસો હશે, પણ આખું તબીબી તંત્ર તો એક શયતાની અને સડેલું તંત્ર છે. અમારો વિરોધ વ્યકિત સામે નથી, પણ સિદ્ધાંત સામે છે. સમૂહ સામે નથી પણ તંત્ર સામે છે.

ધર્મ અને વિજ્ઞાન

ઘણા લોકો કહે છે કે ધર્મ અને વિજ્ઞાન એ બન્ને પરસ્પર વિરોધી છે. એમને લાગે છે કે ધર્મ એટલે અંધકાર અને અજ્ઞાન અને વિજ્ઞાન એટલે પ્રકાશ અને જ્ઞાન!

અમને તો બન્ને વચ્ચે જરાયે તફાવત નથી જણાતો.

અહીં માતા, મહાદેવ અને ઠાકોરજીનાં મંદિરો છે. ત્યાં જેનર, પાશ્ચુર અને લિસ્ટરનાં દહેરાં છે.

અહીં પૂજારી આદેશ આપી રહ્યો છે: "સાંભળો, શાસ્ત્ર-વચન છે કે वर्णानाम् ब्राह्मणो गुरु। બ્રાહ્મણો આ ધરા ઉપરના દેવો છે. તેઓ ભૂદેવો છે. પેલો ચાર્વાક નાસ્તિક છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંનો પૂજારી કહે છે: "સૌ સાયન્સોમાં મેડિકલ સાયન્સ શ્રેષ્ઠ છે. દાકતરો સર્વજ્ઞ છે. એ એવું તો ગૂઢ અને અગમ્ય છે કે એની ઉપર સ્વતંત્ર અભિપ્રાય કોઇ જ ન આપી શકે. કાયદાની કોર્ટો અને હાઈકોર્ટના જજો પણ મેડિકલ સાયન્સ ઉપર સ્વતંત્ર અભિપ્રાય આપતા નથી, તો તમે તો કોણ માત્ર? કુહ્ને કમઅક્કલ છે. મૅકફૅડન ઊંટ-વૈદ છે."

આ પૂજારી કહે છે: "ઉપવીત વિનાના બાળકનું સમાજમાં સ્થાન નથી. જો એ ઉપવીત ધારણ નહિ કરે તો એનામાં ને મ્લેચ્છમાં શો ફેર? जन्मता जाय तेशुद्रः। જન્મે તો સૌ શુદ્ર જ હોય છે"

પેલો પૂજારી સમજાવે છે: "વૅકિસનેશન કરાવ્યા સિવાયના બાળકને નિશાળમાં દાખલ કરવામાં નહિ આવે. તમે સમજીને જો વૅકિસનેશન નહિ કરાવો, તો educated માબાપો અને uneducated માબાપોમાં ફેર શો? જન્મથી બાળકનું શરીર જ એવું હોય છે કે એને શીતળા થાય!"

ન માનતા લોકોને આ પૂજારી ધમકાવે છે.

"અધર્મીઓ! જનોઈ ધારણ નહિ કરો તો પૃથ્વી રસાતાળ જશે. તમે રૌરવ નર્કમાં સડશો. અધર્મીઓ ઉપર તો યમ પણ દયા રાખતો નથી."

પેલો પૂજારી જરા જુદી રીતે ધમકાવે છે: "મૂર્ખાઓ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૅક્સિનેશન નહિ કરાવો, રોગપ્રતિબંધક રસીઓ નહિ લો, તો રોગચાળાઓ (Epedemics) ફાટી નીકળશે. ઘેરેઘેર શીતળા થશે. તમારાં બાળકો કાણાં કે આંધળાં થશે. અમારી રસીઓને અભાવે અનેક રોગો ફેલાશે, અને આખી માનવ-જાત દુનિયા ઉપરથી નેસ્તનાબૂદ થઇ જશે"

આ પૂજારી કહે છે : "આ દુનિયામાં ભૂત, પ્રેત, પિશાચ, ડાકિની, શાકિની, શિકોતરી, મેલડી, ઝંડ અને વૈતાળ જેવા અદૃશ્ય જીવો, તમને સતાવે નહિ એટલા માટે અમે હોમ, હવન અને યજ્ઞ કરી રહ્યા છીએ. અમારા બ્રહ્મતેજથી આ ભયંકર જીવોને અમે કાબૂમાં રાખ્યા છે."

પેલો પૂજારી કહે છે : "રોગો ખુબ ચેપી હોય છે. ટાઈફોઇડ, ન્યુમોનિઆ, ઇન્ફ્લ્યુએન્ઝા, ક્ષય, શીતળા, વ્હુપિંગ કફ, મેનિન્જાઇટિસ અને બીજા હજારો રોગોના જર્મ્સ, પેરેસાઇટ્સ, બેસિલી અને બેકટેરીઆઓ તમારો જીવ લેવા તલપાપડ થઇ રહ્યા છે. આપણી આજુબાજુના વાતાવરણમાં ઘૂમતા આ અદૃશ્ય દુશ્મનોને, અમે અમારા સાયન્સના પ્રતાપથી કાબૂમાં રાખ્યા છે. અમે નહિ હોઇએ તો આ હવાઇ દૈત્યોથી તમારું રક્ષણ કોણ કરશે ?"

આ પૂજારી કહે છેઃ "સાંકડા માર્ગમાં બે હાથી લડતા હોય અને બાજુમાં જ દેરાસર હોય, તો પણ જીવ બચાવવા માટે એ જૈન મંદિરમાં જવું નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંનો પૂજારી કહે છેઃ "ઊંટવૈદને હાથે જીવવા કરતાં દાકતરને હાથે મરવું ભલું."

ધર્મનો મર્મ લોકોને સમજાવતાં આ પૂજારી કહે છેઃ "જે અમારા કહ્યા પ્રમાણે ચાલશે એને મરણ પછી સ્વર્ગ મળશે, અને અમારું કહ્યું ન માનનાર નર્કનો અધિકારી થશે"

વિજ્ઞાનદેવીનો ઉપાસક પ્રજાને કહે છેઃ "જો અમારું કહ્યું કરશો તો, રસગ્રંથીઓની હેરફેરથી (Gland transplantation) તમને સનાતન યૌવન આપીશું, જેથી આ પૃથ્વી ઉપર રહી નિરવધિ કાળ સુધી સર્વ પ્રકારના ભોગો તમે ભોગવી શકશો. અમારા વિજ્ઞાન ઉપર આસ્થા ન રાખનારા સૌ રોગ અને મોતના ભોગ બનશે"

પોતાના અનુયાયીઓને આ મહંત ખાત્રી આપે છેઃ "નીતિના નિયમો પાળવાની જરૂર નથી. કરવાં હોય એટલાં પાપો કરો. કરી રહ્યા પછી અમને દક્ષિણા આપીને ગંગાજીમાં ડબકી મારો, એટલે તમારાં સૌ પાપો ધોવાઇ જશે. अन्य क्षेत्रे कृतं पापं तिर्थक्षेत्रे विनश्यति। ધર્મ ઉપર આસ્થા રાખો."

પેલો મહંત પણ એવી જ ખાત્રી આપે છેઃ

"નિસર્ગના નિયમોને બેવકૂફો અનુસરે છે. ખાવું હોય તે ખાઓ. પીવું હોય તે પીઓ. કસરતની કડાકૂટ ન કરશો. ઊંઘ વેચીને ઉજાગરા ખરીદો. બીડી અને બીયરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરહમ્મેશ સેવન કરો. માંદા પડશો કે તુર્ત જ તમારો રોગ દવાનો ડોઝ કે સિરમનું ઇન્જેકશન આપીને ચપટી વગાડતામાં મટાડી દઇશું. માનવીની દરેક ભૂલનો ઉકેલ ઇસ્પિતાલમાં છે. મેડિકલ સાયન્સ ઉપર શ્રદ્ધા રાખો."

અહીં જીવનના દરેક ક્ષેત્રમાં બ્રાહ્મણનું પ્રાબલ્ય છે. જન્મથી મરણ સુધીના સોળ સંસ્કારમાંનો એકે સંસ્કાર બ્રાહ્મણની મદદ વિના પાર પડતો નથી. ત્યાં દાક્તરની સત્તા સર્વોપરી છે. પ્રસવવૈદને હાથે બાળકનો જન્મ થાય છે. વૅકસીનેટર એને દ્વિજ બનાવે છે. મૅરેજ લાયસેન્સથી એ પરણી શકે છે. દાક્તરદવાઓથી અને જંતુઘ્ન રસીઓથી એના રોગો વધારે છે. સર્જ્યન એને અપંગ બનાવે છે. સ્પેશ્યાલિસ્ટો એને સ્મશાનભેગો કરે છે, અને છેવટે ડિગ્રીધારી ડૉકટરનું ડેથ સર્ટિફિકેટ હોય તો જ વીમાવાળો એનાં નાણું ચૂકવે છે! માનવીના જીવનમાં એવો કયો મહત્ત્વનો પ્રસંગ છે કે જેમાં એને દાકતર સિવાય ચાલી શકે?

અહીં આભડછેટ અને મરજાદ છે. ત્યાં કૉવૉરૅન્ટાઇન અને ડિસઇન્ફેકશન છે. અહીં મહાકાલીને પ્રસન્ન કરવા પૂજારીઓ બકરાં કાપી રહ્યા છે. અઘોરીઓ નરમેધ કરે છે. ત્યાં વિજ્ઞાનદેવીનું વરદાન મેળવવા માટે મૂંગાં પશુઓ, અનાથ બાળકો અને નિરાધાર ગરીબો ઉપર વિવિસેકશન ચાલી રહ્યું છે.

આસ્તિકોનાં પરકલોના ડરનો બ્રાહ્મણોએ દુરુપયોગ કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અને નાસ્તિકોના મોતના ભયનો દાકતરાએ દુરુપયોગ કર્યો છે.

પોતાનું આધિપત્ય અચળ રાખવા માટે બન્ને પ્રકારના મહંતો, મનફાવતાં શાસ્ત્રો રચીને દુનિયાને દિવાની બનાવી રહ્યા છે.

ધર્મઝનૂનથી થયેલાં ખૂનખાર યુદ્ધોનાં વર્ણનો આપણે વાંચીએ છીએ. વિજ્ઞાનઝનૂનથી થયેલા કાળા કેરના વર્ણનો આપણાં બાળકો વાંચશે.

હજી આ સરખામણી આગળ લંબાવી શકાય એમ છે. પણ અત્યારે તો આટલું બસ છે.

ધર્મ અને વિજ્ઞાન-એ બન્ને વચ્ચે શો તફાવત છે ?

મનુષ્યજાતિનુ વધારે અહિત કોણે કર્યું છેઃ ધર્મના આચાર્યોએ કે વિજ્ઞાનના મહંતોએ ?

તરણોપાય ?

ઝેરી દવાઓથી દુઃખદર્દોનું દમન કરીને, સર્જરીથી શરીરના જરૂરી અવયવોનો બિનજરૂરી સંહાર મચાવીને, પશુઓ અને દર્દીઓ ઉપર વિવિસેકશન ચલાવીને, 'મેડિકલ સાયન્સ'-શરીરશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના એકેએક નિયમનો દ્રોહ કરી રહ્યું છે. મેડિકલ સાયન્સના મહંતોને મન, અને એમના ખૂની ભલકાઓથી ચકિત થયેલાં ભોળાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરનારીઓની નજરે, એ ગમે એટલું ભવ્ય, અદ્દભુત અને ચમત્કારિક લાગતું હોય, તોપણ વ્યક્તિગત કે પ્રજાકીય આરોગ્યની દૃષ્ટિએ એની કિમ્મત કૂટી બદામની પણ નથી.

રિબાતી મનુષ્યજાતિનું કારમું શોષણ કરી રહેલ ઍલોપેથીની નાગચૂડમાંથી મનુષ્યજાતિને મુક્ત કરવાના પ્રયાસો દેશેદેશમાં થઇ રહ્યા છે. અંધકારયુગના અવશેષ સમા દવાવાદના વિષવૃક્ષના દહાડા ભરાઇ ચૂકયા છે. એનો નાશ એ એક ઐતિહાસિક જરૂરિયાત છે.

નીચે રજૂ કરવામાં આવેલા મુદ્દાઓના સ્પષ્ટ સમજણ, સ્વીકાર, અને આચાર ઉપર પ્રજાકીય આરોગ્યનું ભાવી અવલંબેલું છે.

[૧] બધા સમાજદ્રોહી સ્થાપિત હિતોની અંદર ભૂંડામાં ભૂંડું અને ભયંકરમાં ભયંકર જો કોઇ સ્થાપિત હિત હોય, તો તે માનવીના મંદવાડ ઉપર નભતું, એને વધારતું, અને એને દૂર કરવાના સાચા માર્ગોનું દરેક દિશાએથી ઉગ્ર દમન કરતું, મેડિકલ સાયન્સને નામે ઓળખાતું સ્થાપિત હિત છે.

[૨] આજના મેડિકલ સાયન્સનો પાયો જ ઊંધો છે. જીવન અને આરોગ્યનો અભ્યાસ કરવાને બદલે દાકતરો રોગ અને મરણનો અભ્યાસ કરે છે. રોગ અને મરણ ઉપર એમની રોટી અને રોજી છે. રોગ અને મરણ ટકાવવામાં અને વધારવામાં જ એમનો આર્થિક સ્વાર્થ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] ચીન દેશની સંસ્કૃતિ જગતની જૂનામાં જૂની સંસ્કૃતિઓમાંની એક છે, એ સંસ્કૃતિ આટલો લાંબો કાળ ટકી રહેવાનાં અનેક કારણો માંનું: એક કારણ ચીનાઓના અનેક ડહાપણભરેલાં રીતરિવાજો છે. ચીન પ્રજાસત્તાક થયા પહેલાં ત્યાં એક એવો રિવાજ હતો કે, રાજા અને અમીર ઉમરાવો પોતાને ત્યાં જે તબીબો રાખતા એમને, પોતે સાજા હોય ત્યાં સુધી જ વેતન આપતા. માંદા પડે એટલે દાકતરોનું વેતન બંધ થતું. દર્દી ફરીથી સાજો થાય એટલે એમનો પગાર પાછો ચાલુ થતો. આ એક અપૂર્વ ડહાપણભરેલી યોજના હતી. એનાથી દાકતરને દર્દીના રોગ કરતાં આરોગ્યમાં વધારે રસ રહેતો. પશ્ચિમના દેશોમાં આજ પદ્ધતિનો જરા જુદે સ્વરૂપે પેનલ સીસ્ટમને નામે ઓળખાતી પદ્ધતિમાં પુનરુદ્ધાર થયો છે. આપણે ત્યાં પણ જો શ્રીમંત અને મધ્યમ વર્ગના લોકો જરૂરી રૂપાંતરો સાથે આ પદ્ધતિ સ્વીકારે તો વ્યક્તિગત અને કૌટુંબિક આરોગ્યની દિશામાં એક મોટું પગલું ભર્યું ગણાશે. મોટે ભાગે ગરીબ લોકોના કરવેરામાંથી ચાલતી જાહેર ઇસ્પિતાલોમાં પણ આ ધોરણે શક્ય હોય એટલો ફેરફાર કરવો જોઇએ. આવો ફેરફાર કર્યા સિવાય જે ધંધાની વર્ગ-હિતની દૃષ્ટીએ રચના થઇ છે, એ ધંધાની પ્રજાહિતની દૃષ્ટિએ પુનર્રચના કરવાનું શકય નથી.

[૪] દાકતર અને કલાલના સામાજિક દરજ્જા વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન આસમાનનું અંતર હોવાં છતાં, દવા અને દારુ એ બન્ને વચ્ચે ઝાઝો ફેર નથી. દવાનું વિષ અને દારુનો નશો એ બન્ને વાસ્તવિકતાને વીસરવા માટેનાં પ્રબળ અને લોકપ્રિય સાધનો છે. લોકો વ્યાધિ ભૂલવા માટે દારુ પીવે છે. આધિ અને ઉપાધિ ભૂલવા માટે દારુ પીવે છે. બન્ને માનવીનું સરખું શારીરિક, માનસિક અને નૈતિક અધઃપતન કરે છે. જો રાષ્ટ્રીય ઉન્નતિ માટે દારુનિષેધની પ્રવૃત્તિની જરૂર હોય, તો દવાનિષેધની પ્રવૃત્તિની એનાથી દસગણી જરૂર છે કારણ કે દારુ જો કે અનેક પીવે છે, પણ દવા તો લગભગ દરેક પીવે છે.

દારુની શીશી ખરીદવા માટે, કલાલને ઉમરે ચઢતો દારુડિયો, પોતે જે ચીજ ખરીદે છે, એના સાચા સ્વરૂપથી પરિચિત છે. નશાબાજીનાં શોખનાં બૂરાં પરિણામોથી એ બરાબર વાકેફ છે. જ્યારે દાક્તરના દવાખાનામાંથી કે કેમિસ્ટની દુકાનેથી, પોતાને માટે કે પોતાનાં પ્રિયજનો માટે દવાની બાટલી ભરતો ઓસડિયો* પ્રવાહી ઝેરને આરોગ્યનો અર્ક સમજે છે. પોતાના થનાર સત્યાનાશનું દારુડિયાને જ્ઞાન અને ભાન છે, જ્યારે પોતાના થનારા સર્વનાશની ઓસડિયાને શંકા સરખી નથી, એ એની મોટામાં મોટી કમનસીબી છે.

---

* દવાનો બંધાણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫] એક રીતે જોવા જઇએ તો દવા, દારુ જેવી છે, બીજી રીતે જોવા જઇએ તો દવા, દાન અને દેવા જેવી છે. દાન માણસને આર્થિક રાહત આપે છે. દેવું માણસને સામાજિક રાહત આપે છે. દવા માણસને શારીરિક રાહત આપે છે. પણ દાનથી ગરીબી ટળતી નથી. દેવાથી સમૃદ્ધિ વધતી નથી અને દવાથી અનારોગ્યનો ઉકેલ આવતો નથી. આ ત્રણે માર્ગે મળતી રાહત ક્ષણિક હોયછે. એનાથી માનવીના કોઇ પણ પ્રશ્નનો કાયમી ઉકેલ આવતો નથી. ઊલટું એને પજવતા પ્રશ્નો વધુ ઉગ્ર રૂપ ધારણ કરે છે.

આર્થિક દુનિયામાં માણસ દેવાળું ફૂંકીને દેવું પાછું આપવાની ના પાડી શકે છે, કારણ કે આર્થિક દુનિયાના કાયદાઓ અમુક અંશે ચંચળ છે, પણ કુદરતના કાયદાઓ અચળ છે. જે જીવન અને આરોગ્ય ટકાવી રાખવા માગતો હોય એનો, કુદરતના મહાન નિયમોને અનુસર્યા વિના, અને કુદરતનું દેવું પાછું વાળ્યા વિના છૂટકો નથી. જ્યાં સુધી આ દુનિયામાં દાન રહેશે, ત્યાં સુધી દારિદ્ર રહેશે. જ્યાં સુધી દેવું રહેશે ત્યાં સુધી દાસત્વ રહેશે, અને જ્યાં સુધી દવા રહેશે ત્યાં સુધી દુઃખ, દર્દ અને રોગ રહેશે, એ દેખીતું છે. આર્થિક, સામાજિક અને શારીરિક નિર્વીર્યતા એ દાન, દેવું અને દવાનાં સ્વાભાવિક પરિણામો છે.

[૬] પ્રજાનું જો સજ્જનોથી રક્ષણ કરવું હોય, તો રોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારખનાર અને રોગને માટે વાઢકાપ કરનાર બન્ને જુદા હોવા જોઇએ.

આપણા અપૂર્ણ સમાજમાં સમાજ સુવ્યવસ્થિત રાખવા માટે, કેટલાક માણસોને મારી નાખવાની જરૂર પડે છે. પણ કોને મારવા અને કોને જીવતા છોડવા એ ફાંસિયો નક્કી નથી કરતો. જજ નક્કી કરે છે. જો ફાંસિયાઓ એ નક્કી કરતા હોત, અને દરેક ફાંસી દીઠ એમને સારો આર્થિક બદલો મળતો હોત, તો કોઇ માણસની ગરદન સલામત રહેત નહિ, અને કોઇપણ સમાજ સુવ્યવસ્થિત રીતે ચાલત નહિ.

એ જ મુજબ આપણી અનૈસર્ગિક રહેણીકરણીને લઇને, તેમ જ દરેક રોગને દવાથી દબાવવાની દાકતરોની કુટેવને લઇને, અમુક રોગોમાં, કેટલાક કેસોમાં, ઑપરેશન અનિવાર્ય બને છે. પણ કોને અપંગ કરવો અને કોને આખો છોડવો, એ મોટા ભાગના સર્જ્યનો, દર્દીના સાચા કે કલ્પિત રોગ તરફ જોઇને નક્કી કરવાને બદલે, એના મોટા કે નાના ખિસ્સા તરફ જોઇને નક્કી કરે છે. પરિણામ એ આવ્યું છે કે આજે કોઇપણ વ્યક્તિ કે પ્રજાનું આરોગ્ય સહીસલામત નથી રહ્યું. આજે તો જજ, જ્યુરી ને ફાંસિયો એ ત્રણેની સત્તા તબીબના હાથમાં એકઠી થઇ છે. જેટલી અંધાધૂંધી વૈદકના ક્ષેત્રમાં ચાલે છે, એટલી જ અંધાધૂંધી જો કાયદાના ક્ષેત્રમાં ચાલતી હોત તો લોકોએ ક્યારનોય હાહાકાર મચાવી મૂકયો હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭] પ્રજાએ એ વસ્તુને બરાબર સમજી લેવી જોઇએ કે માણસો ઉપર ચાલી રહેલું છૂપું વિવિસેકશન અટકાવવું હોય, તો જનાવરો ઉપર ચાલી રહેલું ઉઘાડું વિવિસેકશન અટકાવવું જ જોઇએ.

જર્મનીમાં હિટલરની સરકારે દરેક પ્રકારનું વિવિસેકશન બંધ કરવાનું ફરમાન કાઢયું છે. જર્મનીના બહાદુર અને અડગ નિસર્ગોપચારકોએ સો વર્ષ સુધી વિવિસેકશનની વિરુદ્ધ જે લોકમત કેળવ્યો, એનું આ શુભ પરિણામ છે. જર્મનીનાં પગલાં ઉપરથી પ્રેરણા લઇને આપણે પણ જો પ્રયત્ન કરવા માંડીશું તો ટૂંક વખતમાં આ દેશમાંથી વિવિસેકશન નાબૂદ કરાવી શકીશું, તેમ જ પરદેશ ઘાતકી પ્રયોગો માટે મોકલવામાં આવતાં પ્રાણીઓની નિકાસ બંધ કરાવી શકીશું. પૂ. ગાંધીજીએ થોડા જ વખત ઉપર 'હરિજન બંધુ'માં પરદેશ મોકલવામાં આવતા વાંદરાઓ વિષે લખ્યું હતું.

[૮] ધર્માદા દવાખાનાંઓનો કેટલા દર્દીઓએ લાભ લીધો, એની હકીકત અને આંકડા દર સાલ છાપાંઓમાં આપવાનો રિવાજ સ્તુત્ય છે. પણ સાથેસાથે કેટલાને મટયું અને કેટલા મર્યા એ પણ છાપવું જોઇએ. જેથી પ્રજાને ખ્યાલ આવે કે ધર્માદા દવાખાનાંઓમાં કેટલું ધર્માદા ધતિંગ ચાલે છે, અને કેટલી ધર્માદા ખૂનામરકી થઇ રહી છે.

[૯] બેકારી એ વિશ્વવ્યાપી પ્રશ્ન છે. આ પ્રશ્નને લઇને મોટામોટા રાજ્યધુરંધરો સુખે સૂઇ શકતા નથી. સૌ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ જાણે છે એમ અભણ બેકાર કરતાં ભણેલો બેકાર વધારે ભયંકર છે. બેકાર દાકતર સૌથી વિશેષ ભયંકર છે, કારણ કે પ્રજા આરોગ્ય અને જીવન માટે એની ઉપર આધાર રાખે છે.

આ ધંધામાં જેટલી ધક્કાધક્કી (Overcrowding) કંગાલિયત અને બેકારી છે, એટલી બીજા કોઇ ધંધામાં નથી. કારણ દેખીતું છે. અમેરિકા જેવા સધનમાં સધન દેશમાં ત્રણ ધંધા પ્રતિષ્ઠિત ગણાય છે. દાકતરનો, વકીલનો અને પાદરીનો. હિંદ જેવા નિર્ધનમાં નિર્ધન દેશમાં જે સરકારી નોકરી ન મેળવી શકે, એને માટે ત્રણ ધંધા પ્રતિષ્ઠિત ગણાય છે. દાકતરનો, વકીલનો અને પ્રોફેસરનો.

અમેરિકામાં દાકતરો એટલા બધા વધી પડયા છે કે, અનેક ઊંચી વૈદકીય ઉપાધિ ધરાવતા માણસો તબીબી ક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્રોમાં પણ કામ કરતા માલમ પડે છે!

આપણે ત્યાં પરિસ્થિતિ જરા જુદી છે. એક બાજુ શહેરોમાં ને કસ્બાઓમાં દાકતરો બેહદ વધતા ચાલ્યા છે. જ્યારે બીજી બાજુ ગામડાંનો તબીબી રાહત માટેનો પોકાર હજી ઊભો જ છે. ગમે તેમ હો પણ હવે શહેરો ને કસ્બાઓમાં વધુ દાકતરોની જરૂર નથી એ તો દેખીતું જ છે.

યુરોપ-અમેરિકામાં દાકતરોએ આજ સુધી આટલા ધતિંગો ચલાવ્યાં, એનું એક મોટું કારણ તો એ છે કે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની વસ્તી જોઇએ એના કરતાં વધારે વધી ગઇ. આપણી આગળ પણ આ પ્રશ્ન હવે આવી રહ્યો છે.

થોડાક વખત ઉપર ઇન્ડિયન મેડિકલ એસોસિએશનની પંજાબની શાખાના પ્રમુખ, ડો. કે. આર. ચૌધરીએ લાહોર ખાતે પંજાબ બેકારી સમિતિ સમક્ષ જુબાની આપતાં નીચે મુજબનું નિવેદન કર્યું હતું :

"સ્વતંત્ર પ્રેકિટસ કરતા દાક્તરો પૈકી ૮૦ ટકાનાં નામ બેકારોના લિસ્ટ ઉપર છે. બેકારોને ભથ્થુ આપવાની પદ્ધતિ જો આ દેશમાં આવવાની હોય તો સૌથી પહેલાં તેમના દાવાનો વિચાર થવો જોઇએ. સરકારી નોકરીમાં જોડાયેલા દાક્તરો કુલ સંખ્યાના માત્ર ૨૫ ટકા જેટલા જ છે, અને છતાં તબીબી ધંધાની કુલ કમાણીનો ૯૦ ટકા જેટલો હિસ્સો તેઓ એકલા જ લઇ જાય છે."

દાકતરોની જે પરિસ્થિતિ છે, તે એટલે કે–ભણતરનો અસહ્ય બોજો, ગળાકાપ હરીફાઈ, બેસુમાર ધક્કાધક્કી, આર્થિક સંકડામણ અને વધતી જતી બેકારી–આવી કારમી પરિસ્થિતિ નીચે જો આપણે મુકાયા હોઇએ, તો આપણે પણ પૈસા પેદા કરવા માટે એમના જેવા જ પાખંડો ફેલાવીએ.

એટલે આ પરિસ્થિતિમાં મુકાયલા લોકો તરફ, સ્વાભાવિક રીતે જ આપણને ધિક્કાર કે અણગમાને બદલે, સહાનુભૂતિ અને સમભાવ ઉત્પન્ન થવાં જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આખાએ પ્રશ્નનો ઉકેલ સરકારના હાથમાં છે. આ ક્ષેત્રમાં કામ કરતા લોકોમાં બિલકુલ ધક્કાધક્કી ન થવા દે, તો દાકતરોનાં અનેક વૈજ્ઞાનિક પાખંડો જોતજોતામાં ઓછાં થઇ જાય.

પ્રજાને તબીબી રાહત આપવા માટે કેટલા દાકતરોની જરૂર છે, એ સૌથી પહેલાં નક્કી કરવામાં આવે, અને ત્યાર પછી એટલી જ સંખ્યાને પ્રૅક્ટિસ કરવાની છૂટ મળવી જોઇએ. જૂના જે હિસાબે મરે કે નિવૃત્ત થાય, એ હિસાબે જ નવાની ભરતી થાય. બીજા શબ્દોમાં કહીએ તો આઇ. સી. એસ. ની નોકરીઓ જે ધોરણ ઉપર છે, એ ધોરણ ઉપર જ આખા તબીબી ધંધાને મૂકી દેવો જોઇએ. જો આ પ્રમાણે થાય તો દાકતરોના અતિરેકથી પીડાતાં શહેરો, અને દાકતરોના અભાવથી મૂંઝાતાં ગામડાં એ બન્નેને રાહત મળે. ભલા મુસોલીનીએ ઇટાલીમાં દાકતરોને બેહદ ન વધવા દીધા હોત, તો ત્યાં કાકડાયજ્ઞ શરૂ કરવાની સદ્બુદ્ધિ ત્યાંના તબીબી આગેવાનોને કદી સૂઝત જ નહિ !

[૧૦] જૂના જમાનામાં બ્રાહ્મણ શૂદ્રને મારી નાખે, તોપણ એને કોઇ કશી શિક્ષા નહોતું કરતું એ સંસ્કૃતિને જ્ઞાનની વધુમાં વધુ જરૂર હતી, એટલે બ્રાહ્મણ અવધ્ય મનાયો. આ જમાનામાં ડ્રાઇવર વરેમાર્ગુને છૂંદી નાખે, કે દાકતર દર્દીને વધેરી નાખે, તોપણ તેઓ અવધ્ય ગણાય છે, એનું કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ એ હશે કે મોટર અને મેડિસિન સિવાય આ સંસ્કૃતિનાં ચક્રો અટકી પડે.

અહીં સુધી બધું બરાબર છે. પણ મોટરથી માણસ મારનાર દરેક ડ્રાઇવર ઉપર કામ ચાલે છે. જ્યારે સારવારથી દર્દી મારનાર દરેક દાકતર ઉપર કામ ચાલતું નથી. એમ શાથી ?

એક તો દાકતરોએ પ્રજા ઉપર એવી સજ્જડ છાપ પાડી દીધી છે કે, 'દાકતર ભૂલ કરી શકે જ નહિ.'

બીજું, આપણી પ્રજાનો પ્રારબ્ધવાદ : 'આયખું આવી રહ્યું હોય, એમાં બિચારો દાકતર શું કરે ?'

ત્રીજું કારણ એ છે કે એક દાક્તરની વિરુદ્ધ બીજો દાકતર કદી જુબાની આપશે નહિ. એકબીજાનાં છિદ્રો ઉઘાડાં ન પાડવાના આ બિનલેખિત કરારને ધંધાદારી નીતિ–Medical Ethics ના નામે ઓળખવામાં આવે છે; એમની નજરે આ એક-સંપી ગમે એટલી સુંદર હોય, તોપણ તેનાથી દર્દીઓનું અતિશય અકલ્યાણ થઇ રહ્યું છે.

"માણસ માત્ર ભૂલને પાત્ર છે," એનો અર્થ એવો નથી થતો કે, એણે એની એ ભૂલો ચાલુ રાખવી.

આ દિશામાં લોકમત કેળવીને, એવા કાયદા પસાર કરાવવા જોઈએ, કે જેથી કાં તો દાકતરોને એમની સારવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રની ગોઝારી પદ્ધતિઓ બદલવાની ફરજ પડે, કે પછી સરકાર તરફથી એમની સાથે વધુ કડક હાથે કામ લેવામાં આવે.

એવા ઘણા દાખલા બને છે કે જેમાં દર્દીને સામાન્ય બીમારી હોય, અને પછી દાકતરની દવા લેવાથી એના રામ રમી જાય, અથવા તો દાકતર ઇન્જેકશન આપે અને પછી તુરતજ પાંચ-દસ મિનિટમાં દર્દી મરણશરણ થાય. આવા દાખલાઓમાં મોતનું કારણ રોગ નથી પણ રસી છે, એ ઉઘાડી આંખે જોઇ શકાય એવી હકીકત છે.

આવી રીતે જો કાયદા કરવામાં આવશે તો દાકતરી સારવારમાંથી અનેક ભયંકર રસીઓ અને ઝેરી દવાઓ આપોઆપ નિર્મૂળ થશે.

ધંધાદારી નીતિના (Medical Ethics) ઓઠા હેઠળ આજે જે હજારો દર્દીઓની છૂપી કતલ ચાલી રહી છે, એ કોઇપણ ભોગે અટકવી જ જોઇએ.

[૧૧] 'ઉપાય કરતાં અટકાવ સારો છે' એ પોપટિયું જ્ઞાન અમલમાં મૂકવા દવાવાદના મુલ્લાંઓ રાજી હોય એમ જણાતું નથી. આજે કર ભરનારાઓના પૈસામાંથી ૯૦% જેટલાં નાણાંનો ઉપયોગ રોગો મટાડવામાં (!) અને બાકીનાં ૧૦%નો ઉપયોગ, રોગો અટકાવવાને બહાને, વૅકિસનેશનથી અને બીજી રસીઓથી રોગો ફેલાવવા માટે થાય છે. એને બદલે ૬ પૈસા રોગો અટકાવવામાં, અને ૬ પૈસા રોગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મટાડવા માટે વાપરવા જોઇએ. આપણો આદર્શ તો એ હોવો જોઇએ કે ૯/૧૦ રોગો અટકાવવા માટે, અને ફકત ૧/૧૦ પૈસા જ રોગો મટાડવા માટે વપરાય. પણ એ આદર્શે પહોંચતાં પહેલાં આપણે હજી ઘણી લાંબી મજલ કાપવાની છે.

રોગો મટાડનારા તબીબો પેઠે જ, રોગો અટકાવનારા તબીબોને રાજ તરફથી વેતન મળવું જોઇએ,

[૧૨] દરેક નવા 'હેલ્થ-ઑફિસર'ની નિમણુક કરતી વખતે, એની ડિગ્રીઓ તરફ ન જોતાં, એની કારકિર્દી તરફ જોવું જોઇએ. જે ગામ કે શહેરમાં પહેલાં એ હતો, ત્યાં એના આવવાથી એ શહેરની તન્દુરસ્તીમાં શો ફેર પડયો એના આંકડા એની પાસે માગવા જોઇએ. પ્રજાની તન્દુરસ્તી સુધારવામાં જેઓ સફળ થયા હોય, એમને જ એ ગંભીર અને પવિત્ર જવાબદારી સોંપવી જોઇએ. આજે તો 'હેલ્થ' વિષે ઓછામાં ઓછું જાણનારા દાકતરો હેલ્થ-ઑફિસરો થાય છે, અને માખો ને મચ્છરો વિષે થોડાંક હાસ્યાસ્પદ ચોપાનિયાં બહાર પાડયાં સિવાય બીજું કશું કરતા નથી !

[૧૩] એ બાબત બરાબર સમજાવી જોઇએ કે આરોગ્યનો પ્રશ્ન એ આખરે આર્થિક પ્રશ્ન છે. હિંદુસ્તાનના લોકોનાં પાયમાલ શરીરોનું મોટામાં મોટું કારણ એમની કંગાલ આર્થિક હાલત છે. આપણે જે જરૂર છે, તે વધારે દાકતરોની નથી, પણ વધારે આરોગ્યનિષ્ણાતોની છે. વધારે દવાખાનાં અને ઇસ્પિતાલોની નથી, પણ વધારે અખાડાઓ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરોગ્યભુવનોની છે. વધારે દવાઓની નથી, પણ વધારે દૂધની છે. વધારે રસીઓની નથી પણ વધારે પૌષ્ટિક ખોરાકની છે. વધારે 'મેડિકલ સાયન્સ'ની નથી પણ વધારે સમૃદ્ધિની છે.

શ્રીમંતોને જરૂર છે વધુ પરિશ્રમ અને ઓછા પોષણની. ગરીબોને જરૂર છે ઓછા પરિશ્રમ અને વધુ પોષણની. જો આટલું થાય તો આપણા ઘણાખરા શારીરિક પ્રશ્નો ઊકલી જાય !

[૧૪] આપણી અહિંસા એ જો એક રૂઢ અને જડ આચાર ન હોય, પણ હૃદયમાંથી ઊગેલી એક ઉદાત્ત ભાવના હોય, તો એ વસ્તુ સ્પષ્ટ સમજાવી જોઇએ કે માંસ ખાવામાં જો હિંસા હોય, તો રસી વાપરવામાં ઘોર હિંસા છે. કસાઇ પશુને એક ઝટકે પૂરું કરે છે. વિવિસેકટર પ્રાણીને વધુમાં વધુ રિબાવ્યા પછી જ એનો જીવ લે છે. વિવિસેકટરની હિંસા સાથે સરખાવી શકાય એવી એક પણ હિંસા આ સૃષ્ટિ ઉપર અસ્તિત્વ ધરાવતી નથી.

[૧૫] મ્યુનિસિપાલિટીઓ, લોકલબોર્ડો, કાઉન્સિલો, અને ધારાસભાના સભ્યો ઉપરાંત જનકલ્યાણમાં રસ ધરાવતા અન્ય રાજદ્વારીઓ આગળ વૅકિસનેશન વિષે સાચી માહિતી રજૂ કરી, ફરજિયાત વૅકિસનેશન નાબૂદ કરાવવું.

એ જ્યાં સુધી ન બને ત્યાં સુધી આપણે જ પૈસે આપણને રોગી બનાવતી આ જંગલી પ્રથાનો ખાનગીમાં અને જાહેરમાં વિરોધ કરવો. આજે ખુદ આપણા દેશમાંયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવાં અનેક બહાદુર અને બુદ્ધિશાળી માબાપો છે, કે જે પોતાનાં બાળકના દેહમાં પરુ પુરાવવાને બદલે, જેલમાં જાય છે ને દંડ ભરે છે.

આઝાદીનો માર્ગ હમેશાં લોહીથી ખરડાયલો જ હોય છે. તબીબી સ્વાતંત્ર્ય એ આ નિયમનો અપવાદ નથી.

[૧૬] "વૈદના મરે નહિ અને જોશીના રાંડે નહિ" એ કહેવત કોણે રચી છે, એ હું જાણતો નથી. પણ જેણે રચી હોય એ માણસ ખૂબ બુદ્ધિશાળી હોવો જોઇએ એ નિર્વવાદ છે. સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોવાનો દાવો કરતાં પહેલાં, દાકતરોએ આદર્શ આરોગ્ય અને દીર્ઘ આયુષ્ય મેળવીને, આ કહેવત રચનારને જૂઠો પાડવો જોઇએ.

હજી આમાં બીજું ઘણું ઉમેરી શકાય એવું છે, પણ એ બધું લખી નાખીને, દર્દીઓનો પોતાની મેળે, પોતાની જાત માટે, વિચાર કરવાનો હક્ક હું ઝૂંટવી લેવા માગતો નથી. દર્દીઓનું કલ્યાણ નજર સામે રાખીને, આ ૧૬ મુદ્દાઓમાં જેને કાંઇ સુધારાવધારા કરવા હોય તે તેમ કરી શકે છે.

ઊંટવૈદું શી રીતે અટકાવવું ?

છેલ્લાં થોડાં વર્ષોથી આ દેશના દાકતરોને એક નવી બાબતમાં રસ પડયો છે, અને એ વિષય એ છે કે: "હિંદુસ્તાનમાંથી ઊંટવૈદું નાબૂદ કરવું." દાકતરો એમ ધારે છે કે આ દેશની પ્રજા અભણ અને અણઘડ હોવાથી ઊંટવૈદો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના હાથમાં ફસાઇ પડે છે, અને એને લઇને લોકો જીવ, જર અને આરોગ્ય ગુમાવી બેસે છે.

આ દેશમાંથી ઊંટવૈદું નાબૂદ કરવા માટે અમે પણ દાકતરો જેટલો જ ઉત્સાહ ધરાવીએ છીએ, પણ પહેલી વાત તો એ છે કે ઊંટવૈદું કોને કહેવું ?

યુરોપમાં આ પ્રશ્નનો જવાબ સહેલો હતો. ત્યાં માત્ર એક જ ચિકિત્સાની પદ્ધતિ હતી–ઍલોપૅથી. એટલે હોમિયોપૅથી અને નિસર્ગોપચાર જેવી પાછળથી જન્મેલી પદ્ધતિઓ એ ઊંટવૈદું છે એમ દાકતરો કહેતા.

પણ આ દેશમાં પરિસ્થિતિ સાવ જુદી છે. ગામડાંઓમાં અનાદિકાળથી છાલાપાલાનું ડોશીવૈદું ચાલ્યું આવે છે. આર્ય સંસ્કૃતિ અને હિંદુ રાજ્યના વારસા રૂપે આપણને આયુર્વેદ મળ્યું છે. ઇસ્લામ તરફથી આપણને યુનાની પદ્ધતિની ભેટ મળી છે. અંગ્રેજી રાજ્યને લીધે ઍલોપૅથીએ આ દેશમાં અસામાન્ય પ્રતિષ્ઠા મેળવી છે. હોમિયોપૅથી અને નિસર્ગોપચારે પણ આ દેશમાં પોતપોતાનાં થાણાં નાખી દઇને કામ શરૂ કરી દીધું છે. ભૂવા જતિથી માંડીને મૅકફેડનના અનુયાયીઓ સુધીના લોકોના શંભુમેળામાંથી સાચા કોણ અને જૂઠા કોણ એ શી રીતે પારખી કાઢવું ?

"ટાઇમ્સ ઓફ ઇન્ડિયા" "બૉમ્બે ક્રૉનિકલ" "સન્ડે સ્ટેન્ડર્ડ" અને અન્ય અંગ્રેજી છાપાંઓમાં ઊંટવૈદા વિષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવારનવાર ઉગ્ર ઉહાપોહ ચાલે છે. દાકતરો હોમિયોપથો ઉપર હુમલા કરે છે. હોમિયોપૅથો એનો સામો જવાબ વાળે છે. પરસ્પર આવાહનોની આપલે થાય છે.

આવી ચર્ચાઓ જો સત્ય શોધવા માટે, અને ઊંટવૈદું નાબૂદ કરવા માટે થતી હોય તો અમારે એની વિરુદ્ધમાં કશું જ કહેવાનું રહેતું નથી. પણ આ શોરબકોર વર્ગહિતની દૃષ્ટિએ થઇ રહ્યો છે. દાકતરોની સંખ્યા દિનપ્રતિદિન વધતી ચાલી છે. યુનિવર્સિટીની ટંકશાળમાંથી બહાર પડતા વધારે પડતા સિક્કાઓથી માગ કરતાં પૂરણી વધી પડી છે. આવે વખતે પોતાના ક્ષેત્રમાં પેઠેલા હરીફોને જો કલમ અને કાયદાથી હાંકી મૂકી શકાતા હોય, તો તેમ કરવા માટે ઍલોપૅથો તત્પર થયા છે.

મોટા ભાગના ઍલોપૅથો તો સ્પષ્ટ રીતે કહે છે કે ઍલોપૅથી સિવાયની દરેકે દરેક ચિકિત્સાપદ્ધતિ એ ઊંટવૈદું છે. પણ આ ધંધામાં પણ આપણને અનેક તટસ્થ અવલોકનકારો મળી આવે છે.

"બૉમ્બે ક્રૉનિકલ"ના ૩જી મે, ૧૯૩૭ના અંકમાં ડૉ. જયસૂર્ય એમ. ડી. (બર્લિન) નામના હૈદ્રાબાદ (દક્ષિણ)ના એક દાકતરનો પત્ર છપાયો છે. એમાં એ જણાવે છે કે હજી અમારું વિજ્ઞાન ઘણું અપૂર્ણ છે. એટલા માટે દાકતરોએ બીજી પદ્ધતિઓ ઉપર હુમલો કરવાને બદલે એમની પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવા જેવું બધું શીખી લેવું જોઇએ. જ્યારે ઍલોપૅથીના મોટામોટા નામાંકિત નેતાઓ જીવનભરના અનુભવ પછી એ શાસ્ત્રમાંથી નીકળી જઇ પોતાની શ્રદ્ધા હોમિયોપૅથીમાં જાહેર કરે છે, ત્યારે હોમિયોપૅથીને ઊંટવૈદું જાહેર કરવું એ નરી બેવકૂફી છે. અમે એવા ઘણા કેસોમાં નિષ્ફળ જઇએ છીએ કે જે કેસો પછીથી હોમિયોપથો, વૈદો કે હકીમો મટાડે છે એ વાત સાચી છે."

જ્યારે જુદી જુદી ચિકિત્સાપદ્ધતિઓના પ્રતિનિધિઓ અમારી જ પદ્ધતિ સર્વોત્તમ છે, એવો આવેશપૂર્વક દાવો કરતા હોય, ત્યારે સાચો કોણ ને જૂઠો કોણ એ નક્કી કરવાની લોકોને ભારે મારામાર થઇ પડે છે, અને છતાંયે **સારામાં સારી પદ્ધતિ કઇ છે એ નક્કી કરવામાં અને આ બાબતમાં સત્ય શોધવામાં પ્રજાનું ભારે હિત સમાયલું છે.** તો પછી સર્વોત્તમ પદ્ધતિ શી રીતે શોધી કાઢવી ?

દાકતર દવાથી, ફકીર દુવાથી અને ભૂવો ધૂણવાથી લોકોના રોગો 'મટાડે' છે! એટલે માણસ શાનાથી રોગો મટાડે છે એ મુદ્દાનો સવાલ નથી. મુદ્દાનો સવાલ તો એટલો જ છે કે એ કેટલાને મટાડે છે, અને કેટલાને માંદા રાખે છે, કેટલાને જીવતા રાખે છે ને કેટલાને યમસદન પહોંચાડે છે.

આ સવાલનો ઉકેલ નીચેની રીતે થઇ શકે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) આ દેશમાં ધંધો ચલાવતા દાકતરો, વૈદો, હકીમો હજામો, હાડવૈદો, હોમિયોપૅથો, નિસર્ગોપચારકો, પહેલવાનો ભૂવાઓ, જતિઓ અને યોગ-ચિકિત્સકો તેમ જ આ મથાળાં નીચે ન આવતી દરેક પદ્ધતિઓના હિમાયતીઓનાં નામ સરકારને ચોપડે નોંધાવાં જોઇએ.

(૨) સરકાર તરફથી રોગનિદાનગૃહો ખોલવાં જોઇએ. જેમાં આ બધી જાતના ચિકિત્સકોના દર્દીઓના રોગ નક્કી થયા પછી જ, એમને એમની મરજી હોય તેની સારવાર લેવાની છૂટ આપવી જોઇએ.

(૩) આવી રીતે થયા પછી દર વર્ષે દરેક પદ્ધતિના ચિકિત્સકને એમની સારવારથી મટેલા અને મરેલા લોકોની યાદી બહાર પાડવા ફરજ પાડવી જોઇએ, જેથી લોકો સમજી શકે કે કઇ પદ્ધતિ સલામત છે, અને કઇ ભયંકર છે. દા. ત. ડૉ. પ્રાણલાલ પંડયાના ટાઈફોઇડના દર સો દરદીઓમાંથી ૫ મરતા હોય અને ડૉ. કાન્તિલાલ કીનખાબવાળાના ૨૦ મરતા હોય, તો લોકો બરાબર સમજી શકે કે ટાઈફોઇડના દર્દી માટે ડૉ. પ્રાણલાલ કરતાં ડૉ. કાન્તિલાલ ૪ ગણો ભયંકર છે. એજ રીતે બન્નેની ચિકિત્સાપદ્ધતિઓની આપો-આપ તુલના થઇ જાય.

(૪] દરેક પદ્ધતિના તબીબોની તન્દુરસ્તી તપાસાવડાવી એના આંકડા પ્રજાની જાણ માટે પ્રસિદ્ધ કરવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) એ જ રીતે દરેક સંપ્રદાયના તબીબોના સરેરાશ આયુષ્યપ્રમાણના આંકડા પ્રસિદ્ધ કરવા.

(૬) તબીબોની પોતાની અને એમનાં કુટુંબોમાં આવતી માંદગીના આંકડા દરસાલ છાપાંમાં છપાવવા.

(૭) દેશના બાહોશમાં બાહોશ માનસશાસ્ત્રીઓનું એક પંચ નીમી દરેક પદ્ધતિમાં માનનારા તબીબોની બુદ્ધિપરીક્ષા કરાવી એની પ્રજાને માહિતી આપવી.

(૮) આટલું કરી રહ્યા પછી જે પદ્ધતિ

(૧) ઓછામાં ઓછા વખતમાં,

(૨) થોડામાં થોડે ખર્ચે,

(૩) ઓછામાં ઓછા મરણપ્રમાણથી,

(૪) એક રોગ મટાડીને બીજો ઊભો કર્યા વિના, દર્દીઓને સાજા કરી શકે, એને આદર્શ પદ્ધતિ માનવી.

(૯) આવી આદર્શ પદ્ધતિને સરકાર, મ્યુનિસિપાલિટીઓ વ. તરફથી વધુમાં વધુ ગ્રાન્ટ આપવામાં આવે. અને ત્યાર પછી લાયકાત મુજબ બીજી પદ્ધતિઓને ઉત્તેજન મળે.

(૧૦) આદર્શ પદ્ધતિથી ત્રણગણું કે એથી વધારે, જે જે પદ્ધતિઓનું મરણપ્રમાણ હોય, તેમજ જે રોગમાં દર સોએ પચાસ ઉપરાંત દર્દીઓ મરતા હોય ત્યાં આદર્શ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્ધતિ કરતાં જે પદ્ધતિએ ૧/૩થી પણ ઓછા દર્દીઓ બચાવી શકે એમને રાજ્ય કે મ્યુનિસિપાલિટીઓ તરફથી મદદ લેખે ફુટ્ટી બદામ પણ આપવી ન જોઇએ.

આખા દેશમાં આ ધોરણે કામ કરવું અશક્ય હોય, તો પછી એક પ્રાંતમાં કે પછી છેવટે એક મોટા શહેરમાં આવો અખતરો પાંચેક વર્ષ સુધી કરી જોવો.

જો આ પ્રમાણે કરવામાં આવે તો વૈદક એ શ્રદ્ધાનો વિષય મટીને બુદ્ધિનો વિષય બને.

આ પ્રકારની યોજના આ દેશમાંથી તો શું, પણ દુનિયાના ગમે તે દેશમાંથી ઊંટવૈદાનું નિકંદન કાઢી નાખે.

પણ દાકતરોને એ ગમશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્રક

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૧	ટ્રવેન	ટવેન
૪	૯	લોકે	લોકો
૪	૧૩	મકે	મૂકે
૫	૨	ખનીઓની	ખૂનીઓની
૭	૧	આષધ	ઔષધ
૮	૬	બુદ્ધિ	બુદ્ધિ
૧૦	૭	મનુષ્યનો	મનુષ્યજાતિનો
૧૦	૧૬	આફ	ઑફ
૧૨	૬	ફ્રેડારક	ફ્રેડેરિક
૧૨	૧૧	રોગથી	રોગોથી
૧૨	૧૬	નમાંકિત	નામાંકિત
૧૩	૧૭	છટા	છૂટા
૧૩	૧૮	રોગશાસ્ત્રીનું	રોગશાસ્ત્રનું
૧૪	૧૦	વિનાની	વિનાની
૨૦	૧૩	ક્રગર–હેન્સન	ક્રુગર હેન્સન
૨૧	૧૮	નહિ	નહિ
૨૩	૧૫	મકે	મૂકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૪	૧૨	ફેકલ્ટ	ફેકલ્ટી
૨૫	૮	ખબ	ખૂબ
૨૬	૨	ડા. ક ર	ડૉ.કૈસર
૨૮	૧૪	ભયંકર કબૂલાતો આ બધી છે.	આ બધી ભયંકર કબૂલાતો છે.
૨૮	૧૯	વિદ્વદ્સભા	વિદ્વત્સભા
૪૦	૧૩	રોગને	રોગોને
૪૫	૨	ઊંટ ૈદું	ઊંટવૈદું
૪૭	૧૭	ૈજ્ઞાનિક	વૈજ્ઞાનિક
૫૨	૧૫	મકયો	મૂકયો
૫૯	૭	પારણામો	પારણામો
૬૧	૫	રોગનિદાનશાસ્ત્રી	રોગનિદાનશાસ્ત્ર
૬૧	૬	મૅસોચ્યુસેટસ	મૅસેચ્યુસેટસ
૬૩	૯	છટકો	છૂટકો
૬૯	૩–૯	વકિસનેશન	વૅકિસનેશન
૬૯	૧૭	શા	શૉ
૮૪	૧૧	યતનોઓનાં	યાતનાઓનાં
૮૭	૧	એની બીસેન્ટ	ઍની બેસંટ
૮૯	૬	ત્યાંથી	ત્યાંની
૯૩	૧૯	પૉરસ	પૅરિસ
૯૫	૧૦	વિવિસેકશનની	વિવિસેકશનનાં
૯૫	૨૧	બનાવી	અને
૯૬	૭	ચીર્યાં	ચીર્યા
૯૬	૮	માર્યાં	માર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૦૩	૭	વિન	વિના
૧૦૩	૮	આરોગ્યાવષયક	આરોગ્યવિષયક
૧૦૫	૧૫	પેતાનો	પોતાનો
૧૦૭	૨૧	અવનવાર	અવારનવાર
૧૧૦	૧૯	અનેવર્મિ ફૉર્મ	અને વર્મિફૉર્મ
૧૧૩	૫	કરનાઓ	કરનારાઓ
૧૧૯	૨	ઊંચુ	ઊંચું
૧૨૫	૧૮	વકિસનેશન	વૅકિસનેશન
૬૧૨	૧૩	વકિસનેશન	વૅકિસનેશન
૧૨૬	૨૦	આવૃત્ત	આવૃત્તિ
૧૨૭	૧	વકિસનેશનના	વૅકિસનેશનના
૧૨૮	૧૩	છટકે	છૂટકે
૧૨૮	૨૧	ન્યાયબુદ્ધિ	ન્યાયબુદ્ધિ
૧૩૦	૧	વકિસનેશન	વૅકિસનેશન
૧૩૧	૨૧	અંધાધંધી	અંધાધૂંધી
૧૩૧	૨૨	ણાતો	તણાતો
૧૩૫	૧૫	ગંગજીમાં	ગંગાજીમાં
૧૩૬	૨૨	પરકલોના	પરલોકના
૧૩૭	૧૬	વવિસેકશન	વિવિસેકશન
૧૪૦	૪	દારુ	દવા
૧૪૨	૩	સુવ્યવાસ્થત	સુવ્યવસ્થિત
૧૪૨	૧૬	ખસ્સા	ખિસ્સા
૧૪૨	૧૭	પરિણુ ો	પરિણામ એ
૧૪૪	૨	સોથી	સૌથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહાનુભાવી બનો

અમારી પ્રવૃત્તિઓના ગ્રાહકો તરફથી, તેમ જ અમારા પાસેથી લગભગ નિયમિત છૂટક પ્રકાશનો ખરીદનારાઓ તરફથી અવારનવાર એવી માગણી થઇ છે કે અમારે એમને અમારી પ્રવૃત્તિમાં થતા સુધારા–વધારા, નવાં પ્રકાશનો, નવી યોજનાઓ ઇત્યાદિથી માહિતગાર રાખવા અને સામાન્ય ગ્રાહક કરતાં નિયમિત ખરીદનાર કે પ્રવૃત્તિના ગ્રાહકને પુસ્તકોની કિંમત વગેરેમાં રાહત આપવી.

આ બંને માગણીઓ ઉપર પૂરી રીતે વિચાર કરીને અમે એક સુંદર અને નવા પ્રકારની યોજના ઘડી કાઢી છે. અમે એમ ઠરાવ્યું છે કે અમારી પ્રવૃત્તિ પ્રત્યે સક્રિય સહાનુભૂતિ ધરાવનાર લોકોનો એક વ્યવસ્થિત વર્ગ નક્કી કરવો અને એ વર્ગને ઓછામાં ઓછું દર ત્રણ મહિને અમારી પ્રવૃત્તિ વિષે માહિતી આપવી અને અમારાં પ્રકાશનોમાં યોગ્ય રાહત આપવી.

વ્યવસ્થાની સગવડ ખાતર આ વર્ગને અમે 'સહાનુભાવી' નામ આપ્યું છે. આ બે રીતે સંઘના સહાનુભાવી થઈ શકાશેઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. સંઘ તરફથી ચાલતી વાર્ષિક લવાજમવાળી કોઈ પણ પ્રવૃત્તિના ચાલુ વર્ષમાં ગ્રાહક હોવું કે થવું (એટલે આજની સ્થિતિમાં 'નવરચના' 'ઊર્મિ' 'અંજલિ' 'આરોગ્ય' કે 'નવસર્જન' ના ગ્રાહક હોવું કે થવું).

૨. એક પણ પ્રવૃત્તિના ગ્રાહક ન હોવું, પરંતુ સહાનુભવી થવા માટે જ વાર્ષિક એક રૂપિયો લવાજમ આપવું.

સગવડો

ઉપરની રીતે જે સહાનુભાવી થશે તેમને આ સગવડો આપવામાં આવશે :

૧. દર ત્રણ મહિને પરિચયપત્રિકા મોકલવામાં આવશે. જેમાં ચાલુ પ્રવૃત્તિઓમાં થયેલા સુધારા વધારા, નવી પ્રવૃત્તિઓના સમાચારો નવાં પ્રકાશનોની માહિતી ઇત્યાદિ જણાવવામાં આવશે.

નોંધ : જે અમારી પ્રવૃત્તિના ગ્રાહક હશે તેને આ પત્રિકા માસિક કે પુસ્તકદ્વારા પહોંચાડવામાં આવશે અને જે એક રૂપિયો લવાજમ આપીને સહાનુભાવી થયા હશે તેમને આ પત્રિકા સાદા બુક પોસ્ટથી મોકલવામાં આવશે.

૨. નીચે જણાવેલાં પુસ્તકોની કિંમત ઉપર અમારા મુખ્ય કાર્યાલય તરફથી એક રૂપિયે ચાર આના અને અમારી શાખાઓ તરફથી, તેમ જ અમે પ્રમાણપત્ર આપ્યું હોય એવા એજન્ટો તરફથી એક રૂપિયે ત્રણ આના વળતર આપવામાં આવશે.

અ 'મેસર્સ વોરા એન્ડ કું. લી૦ મુંબઇ તરફથી પ્રગટ થતાં ગુજરાતી પુસ્તકો—જેને 'આનંદ ગ્રંથાવલિ' નામ આપવામાં આવ્યું છે તે ઉપર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब અમારા 'નૂતન પ્રકાશનમંદિર' તરફથી પ્રગટ થતાં પુસ્તકો–જેને 'નૂતન ગ્રંથાવલિ' નામ આપવામાં આવ્યું છે તે ઉપર.

क કોઈ પણ લેખક કે પ્રકાશકના પુસ્તકની અમે સોલ એજન્સી રાખી લીધી હોય અથવા સામટાં ખરીદી લીધાં હોય તે પુસ્તકો ઉપર (આ પુસ્તકોને બીજાં પુસ્તકોથી જુદાં પાડીને સમજી શકાય એટલા માટે એનું નામ અમે 'શિષ્ટ સાહિત્યમાળા' રાખ્યું છે.)

ड અમારી ગ્રંથમાળાઓ અને માસિકોનાં લવાજમ એટલાં સસ્તાં છે કે કોઈ પણ એના ગ્રાહક થવાનું જ પસંદ કરશે. એક કે વધુ પ્રવૃત્તિના ગ્રાહક થનારને અમે એના લવાજમમાં કશી જ રાહત આપી શકીએ એમ નથી કારણ કે લવાજમનું ધોરણ ઓછામાં ઓછું રાખ્યું છે. પરંતુ ગ્રંથમાળાનાં છૂટક પુસ્તક ખરીદનારને તે પુસ્તકની છૂટક કિંમત ઉપર, ઉપર પ્રમાણે વળતર આપવામાં આવશે.

૩. કોઈ પણ સહાનુભાવી પોતે જેટલા પ્રમાણમાં સહાનુભાવી હશે, એટલે કે જેટલી પ્રવૃત્તિના ગ્રાહક હશે તેટલી જ નકલો, ઉપર જણાવેલા વળતરથી, મેળવી શકશે. દા. ત. 'ઊર્મિ' 'અંજલિ' બંનેના ગ્રાહક બે નકલ મેળવી શકશે અને માત્ર 'ઊર્મિ'ના ગ્રાહક હશે તો એક જ નકલ મેળવી શકશે. એ જ રીતે એક રૂપિયો લવાજમ અને 'ઊર્મિ'નો ગ્રાહક હશે તો બે નકલ મેળવી શકશે.

૪. ટપાલ કે રેલ્વેખર્ચ જુદું ગણાશે.

વિસ્તૃત પરિચયપત્રિકા નીચેના કોઇ પણ સ્થળેથી મંગાવી લ્યો.

ભા ર તી સા હિ ત્ય સં ઘ

મુંબઇ કરાંચી અમદાવાદ રાણપુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય જનતાનું માસિક

નવરચના

¶ કેવળ મનોરંજન માટે આ માસિકનું તંત્ર ચાલતું નથી.

¶ આ માસિક જાહેરખબર લેતું નથી.

¶ લગભગ ૨૦૦ પાનાંનું એક ભેટપુસ્તક આપવામાં આવે છે.

¶ દર માસની પંદરમીએ પ્રકટ થાય છે.

¶ ગમે તે માસથી એક વર્ષ સુધીના ગ્રાહક થઈ શકાય છે.

: વાર્ષિક લવાજમ :

હિંદમાં રૂા. ૨—૨—૦
બ્રહ્મદેશ રૂા. ૨—૮—૦
પરદેશ રૂા. ૩—૪—૦
અથવા પાંચ શિલિંગ
છૂટક નકલની કિંમત ૦—૨—૬

•

નવરચના કાર્યાલય
રાણપુર
(કાઠિયાવાડ – B. S. Ry.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વર્ષની પુસ્તિકાઓ

આ ગ્રંથાવલિની યોજના પાંચ વર્ષની છે. પાંચ વર્ષમાં જે પુસ્તિકાઓ પ્રગટ થવાની છે તેની વિસ્તૃત માહિતી અમારા કોઈ પણ કાર્યાલયમાંથી મળી શકશે. પ્રથમ વર્ષની પુસ્તિકાઓ નીચે પ્રમાણે છે :

પ્રગટ થઈ ચૂકી

૧ દર્દો, દવાઓ અને દાક્તરો
૨ અપચાના સહેલા ઉપાયો
૩ શરદી અને સળેખમ
૪ વજન શી રીતે વધારવું ?
૫ કબજિયાત : એનાં કારણો અને નિવારણ
૬ આંખોનું આરોગ્ય

હવે પછી

ઓકટોબરમાં પ્રગટ થશે

૭ નિસર્ગોપચાર : વિચાર અને વ્યવહાર ભાગ ૧ લો
૮ આદર્શ ખોરાક કોને કહેવો ?
૯ નિસર્ગોપચાર અને જલોપચાર

ડિસેંબરમાં પ્રગટ થશે

૧૦ પહેલું સુખ
૧૧ ખોરાકની પસંદગી
૧૨ કસરત, મહેનત અને રમત

લવાજમ

લગભગ સાડાછસો પાનાંની, આવશ્યક જણાય તેટલાં ચિત્રોવાળી, આ બાર પુસ્તિકાઓનું વાર્ષિક લવાજમ ઘેર બેઠાં **હિંદમાં ત્રણ રૂપિયા, બ્રહ્મદેશમાં સાડાત્રણ રૂપિયા અને પરદેશમાં ચાર રૂપિયા છે.**

ભા ર તી સા હિ ત્ય સં ઘ

પાનકોરનાકા : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar